શ્રી જૈન પાઠશાળા
વાથા - તળાજા
મુ. ઠળીયા (સૌરાષ્ટ્ર)

વર્ષ ૯;　　અંક ૪;　　જુન ૧૯૫૨:　　જેઠ ૨૦૦૮

૨૯૪૫૯

જૈન સંસ્કૃતિનું

# કલ્યાણ

સંદેશવાહક

કાન્ત.

સંપાદક સોમચંદ ડી. શાહ

વર્ષ ૯ : જુન જેઠ
અંક ૪ : ૧૯૫૨ ૨૦૦૮

# વિષય દર્શન


| લેખ. | લેખક. | પેજ. |
|---|---|---|
| લાખ લાખ વંદન | સૂચિત | ૧૬૧ |
| તેજીને ટકોરા હોય | શ્રી એન. બી. શાહ | ૧૬૩ |
| વિજયનું પ્રથમ સોપાન | શ્રી નવલચંદ શાહ | ૧૬૪ |
| સાચી ઘટનાઓ | શ્રી જયકીર્તિ | ૧૬૫ |
| વિરાગ અને ત્યાગ | મુનિરાજ શ્રી રૂચકવિજયજી મ. | ૧૬૭ |
| સમ્યગ્દર્શન | શ્રી કુંવરજી મુળચંદ દોશી | ૧૬૯ |
| અમી ઝરણાં | શ્રી રમણીકલાલ પી. દોશી | ૧૭૨ |
| લક્ષ્મીનું વશીકરણ | શ્રી જયભિક્ખુ | ૧૭૩ |
| રજકણ | લલિતાબેન ઉત્તમચંદ શાહ | ૧૭૯ |
| શાલિભદ્ર | શ્રી સુંદરલાલ ચુનીલાલ શાહ | ૧૮૧ |
| રામ વનવાસ | પંન્યાસશ્રી કનકવિજયજી ગણિવર | ૧૮૪ |
| સ્વામિવાત્સલ્ય | શ્રી ઉજમશી જુઠાલાલ શાહ | ૧૮૬ |
| ભાવનું મૂલ્ય | ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ | ૧૮૯ |
| સંસારના પાપે | મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. | ૧૯૦ |
| સાધના | શ્રી અમરચંદ માવજી શાહ | ૧૯૧ |
| બાલજગત | જુદા જુદા લેખકો | ૧૯૩ |
| ડી. ડી. ટીનો ઉપયોગ | શ્રી સેવંતીલાલ શાહ | ૨૦૩ |
| ક્રોધ | શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી | ૨૦૪ |
| ભાઈ ઇન્દ્રવદનની દીક્ષા | સંકલીત | ૨૧૦ |
| પાંચ દીક્ષાર્થીઓનો પરિચય | શ્રી લાલજી કેશવજી ચીનાઈ | ૨૧૧ |
| મધપુડો | શ્રી મધુકર | ૨૧૩ |


## જ ૦ રૂ ૦ રી

★ 'બાલજગત'ના જે જે લેખકોને કથા-વાર્તા વિશેષાંકની વાર્તા માટે પારિતોષિક-ઇનામો પ્રાપ્ત થયાં છે. તેમનાં નામો 'બાલજગત'માં પ્રસિદ્ધ થયા છે, તે માટે બાલજગતની સંપાદકીય નોંધ જુઓ.

★ 'બાલજગત'ના 'એ શું કરે?' ના આપેલા જવાબોમાંથી જેમને ઇનામો પ્રાપ્ત થયા છે, તેમનાં નામો, તથા 'બાલજગત'ના લેખકો માટેની નવી ઇનામી યોજના અને પત્રમિત્ર વિભાગ માટેની નવી સૂચના, આ બધું જોવા માટે આ અંકમાં 'બાલજગત'ની સંપાદકીય નોંધ જુઓ.

દશ નવા ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મોકલાવીશું. પત્ર-વ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે 'ગ્રાહક નંબર' લખવા ચૂકવું નહિ. લેખ કાગળની એકજ બાજુ અને જેમ બને તેમ મુદ્દાસર અને ટૂંકો હોવો જોઇએ. લેખ પરત મંગાવનારે ટીકીટો બીડવી જરૂરી છે.

પરદેશના ગ્રાહકોએ લવાજમ રૂા. ૬-૦-૦ ક્રોસ પોષ્ટલ ઓર્ડરથી નહિ મોકલતાં મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોષ્ટલ ઓર્ડર કે ૧-૨ અંકમાં જણાવ્યા મુજબના ઠેકાણે ભરવું.

ધર્મ મહોત્સવ; તીર્થો કે અન્ય કોઈ ઉપયોગી ફોટાઓ કે કટાક્ષ ચિત્રો સારાં હોય તેજ મોકલવાં. જેથી નાહકનો પોષ્ટ ખર્ચ ન લાગે.

પૂ. ગુરૂદેવોને વિનંતિ જે આપ સાહેબનું જે શહેર કે ગામમાં ચાતુર્માસ નિર્ણીત થયું હોય તે જણાવવા કૃપા કરશોજી. જેથી 'કલ્યાણ' માસિકમાં અપાતા ચાતુર્માસની યાદિમાં છાપી શકાય.

સમાલોચનાર્થે મળેલાં પુસ્તકોની નોંધ આ અંકમાં મૂકવાની હતી પણ મેટર વધી જતાં સ્થળ સંકોચના કારણે રહી જવા પામેલ છે.

વાર્ષિક ગ્રાહક તરીકે ચાલુ રહેવા કરતાં 'કલ્યાણ'ના સભ્ય થવું વધુ હિતાવહ છે.

ઘણા વાર્ષિક ગ્રાહકો 'સામાયિક યોગ' નામના ભેટ પુસ્તકની માગણી કરતાં કાર્ડો લખે છે, પણ ભેટ પુસ્તક 'કલ્યાણ'ના જેઓ સભ્ય હોય તેઓનેજ મળે છે. ઓછામાં ઓછા બે વર્ષના રૂા. ૧૧) ભરી સભ્ય થઈ શકાય છે.

વર્ષ ૯; કલ્યાણ જુન : ૧૯૫૨;
અંક ૪; જેઠ : ૨૦૦૮;

# લાખ લાખ વંદન હજો !

**મોહમયી**—મુંબઈ જેવી પ્રવૃત્તિમય રંગીલી નગરીમાં ગયા વૈશાખ મહિનાની વદિ છઠ્ઠના મંગલ દિવસે એક ભવ્ય પ્રસંગ ઉજવાઈ ગયો.

**શ્રી ઇંદ્રવદન** કાંતિલાલ પ્રતાપશીભાઈ નામના એક લક્ષાધિપતિ શ્રીમંત નવયુવાને સંસારની માયાનાં તમામ બંધનો સાપની કાંચળી માફક ફેંકી દઈ સર્વવિરતિના કલ્યાણકર માર્ગે પ્રયાણ આદર્યું. તેઓએ પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના વરદહસ્તે શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

આજના ભૌતિક લાલસાથી છલકતા જડ વિજ્ઞાનયુગમાં પણ ભારતના ત્યાગપ્રધાન ધર્મસંપ્રદાયોમાં આ રીતે ત્યાગ વૈરાગ્યની ધ્વજા ફરકી ઉઠે છે, અને એ ધ્વજા પોકારે છે કે, 'ઓ ભૌતિક સુખની ભૂતાવળો ! તમારી કિંમત શી છે ?' અને જ્યાંસુધી ત્યાગનો અમર દીવડો ટમટમી રહ્યો છે, ત્યાંસુધી ભારતીય સંસ્કૃતિ પણ અમર છે, અને રહેશે.

ભાઈ ઈન્દ્રવદન, એ કોઈ સામાન્ય માનવી ન્હોતા, એને ઘેર મોટર હતી, બંગલા હતા, સમૃદ્ધિ, સંપત્તિ હતી, સ્વજનો હતા, જગત જેને સુખ કહે છે, અથવા જગતના મોહઘેલા માનવો જેને મેળવવા રાત-દિ મથામણ કરે છે, તે ભૌતિકસુખ રાવબહાદુર ધર્માનુરાગી શેઠશ્રી જીવાભાઈના આ લાડકા ભત્રીજાના ચરણોમાં આળોટતું હતું, ધીકતો ધંધો હતો, ને ધીકતો ધંધો ચલાવવાની તેમનામાં આવડત હતી, કોઈ વાતની ખોટ ન હતી.

વિલાસ અને વૈભવોમાં પાગલ બનેલાઓને સ્હેજે થશે કે, 'ત્યારે આ બધું આમ ત્યજીને સાધુ બનવાની શી જરૂર ?' યૌવન હતું, તાકાત હતી, તંદુરસ્ત શરીર હતું, બુધ્ધિ હતી, છતાં મેટ્રીક પાસ ભાઈ ઈન્દ્રવદન ૧૮ વર્ષની લઘુ વયમાં દીક્ષા શા માટે અંગીકાર કરે છે ?

આવો પ્રશ્ન થવો સહજ છે, કારણ સામાન્ય લોકો સત અને અસતના ભેદો સ્હમજી શકતા નથી, નિત્ય અને અનિત્ય વસ્તુને પારખી શકતા નથી, શરીર તેમજ આત્માના સ્વરૂપને જાણી શકતા નથી, આવું તત્ત્વજ્ઞાન આજની કોલેજો કે હાઈસ્કુલોમાંથી મળતું નથી. આ તત્ત્વજ્ઞાનતો ધર્મપ્રત્યે શ્રધ્ધા પ્રગટે તોજ આવે છે.

જો નિત્ય અને અનિત્ય, શરીર અને આત્મા, જડ અને ચેતન, સત અને અસત વચ્ચેનો ભેદ પરખાઈ જાય તો સંસારનાં આ બધાં તોફાનો આપોઆપ શમી જાય. આપણને પ્રાપ્ત થયેલું યૌવન, આવતીકાલે કરમાઈ જશે, એ નિશ્ચિત છે, છતાં આપણે યૌવનને વળગીને બેસી રહ્યા છીએ, અરે, આપણી જીંદગી કઈ પળે મોતના જડબામાં ધકેલાઈ જશે, એની આપણને કલ્પના પણ નથી, છતાં એ જીવનને ચિરંજીવ માનીને એને પંપાળવાના તમામ પુરૂષાર્થો આજની દુનિયામાં થઈ રહ્યા છે !

ધન, સંપત્તિ, વિલાસ, સ્ત્રી–પુત્ર, પરિવાર, મા-બાપ, ભાઇબ્હેન, મિત્રો વગેરે એકે એક વસ્તુ આપણી હતી નહિ, છે નહિ, તેમજ થવાની નથી, આ સનાતન સત્ય હોવા છતાં આપણે આ નાશ પામનારી એવી વસ્તુ પરત્વે મમતાનાં ગાઢ બંધનો રચવામાં જ જીવન ફના કરી રહ્યા છીએ ! જ્યારે મુમુક્ષુ ભાઇ શ્રી ઇંદ્રવદને જોયું કે, નિત્યની ખાતર અનિત્યનો ભોગ આપવાને બદલે આજે અનિત્યની ખાતર નિત્યનો ભોગ અપાઇ રહ્યો છે !

આથીજ તેઓની દૃષ્ટિ મુક્ત બની, અનિત્યનો સંગ છોડી તેઓ નિત્યના સાથી બન્યા. ધર્મ જ એક અને નિત્ય છે, અને એ ધર્મની ખાતર સર્વત્યાગના પવિત્ર પંથે ભાઇ ઇન્દ્રવદને મહાપ્રસ્થાન આરંભ્યું. જે પંથે નથી રાગ, નથી દ્વેષ, નથી મારા–તારાની ભાવના, જ્યાં પાપને પણ છોડવાનાં છે, અને પુણ્યને પૂરા કરવાનાં છે.

આવા નિર્મળ, નિષ્પાપ તથા પવિત્રતાના પૂંજસમા અપૂર્વ માર્ગે કદમ માંડતા ભાગ્યશાલી ભાઇશ્રી ઇન્દ્રવદનભાઇને અમે ક્રોડો ધન્યવાદ આપીએ છીએ.

અને જૈનસમાજના ધન્યભાગ્ય છે કે, આવા રત્નોને જન્મ આપનારી રત્નકુક્ષી માતાઓ હજુએ સમાજમાં નજરે પડે છે, જે પોતાના યૌવનના ઉંબરે પગ મૂકતા ફૂલ જેવા કોમળ સંતાનોને શ્રી વીતરાગદેવના ચારિત્રમાર્ગે જવામાં અનુમતિ આપે છે, ખરેખર સંતાન પ્રત્યેની સાચી હિતબુદ્ધિ ધરાવનારી આવી સુમાતાઓ સંસારમાં સદા વંદનીય બને છે.

અનંતજ્ઞાની મહાપુરૂષો ભાખી ગયા છે કે, 'પાતાળમાં ગમે તેટલી પૂરણી કરો ! તો પણ તે કદિ ભરાતું નથી, રાજ્યમાં ગમે તેટલી આવક થાઓ તો પણ તેની ભૂખ સંતોષાતી નથી, સંસારની માયાજાળ ખલપુરૂષની મૈત્રી જેવી છે, જે કદિ સ્થિર નથી, સ્વચ્છ નથી કે સંપૂર્ણ નથી.

આવી વિચિત્ર માયાનાં બંધનોને તોડીને, વિલાસ અને વિકારના ચરણતળને ચાંપીને આત્મવિશુદ્ધિના મહાનલને આરાધવા એ જેવું તેવું નથી, એ ન્હાના વેંતીયાઓનું કામ નથી, કાયરો માટે નથી, એ માર્ગ છે શૂરાઓનો, એ રાહ છે મૃત્યુંજય મહારથીઓનો.

એવા આત્મશુદ્ધિના યજ્ઞને આદરનારાઓ જ વિશ્વના સાચા સંતો છે, મહાત્માઓ છે, મહાપુરૂષો છે, સંસ્કૃતિના રખેવાળો છે.

અમે ફરીવાર એ મહાભાગ્યશાળી નવજવાન મુમુક્ષુ શ્રી ઇંદ્રવદનભાઇને હાથ જોડીએ છીએ અને લાખ–લાખ વંદન કરીએ છીએ, પુણ્યશાળી ભાઈ ઇન્દ્રવદનની ઉગ્ર આત્મસાધનાને ! ભાવના તથા ભક્તિનાં પુણ્ય પૂંજને ! એવું સુપ્રભાત અમારાં જીવનમાં ઉગે કે, અમે પણ આવી ભગીરથ આત્મસાધનાને માટે જાગ્રત બનીએ !

('જયહિંદ' પરથી સૂચિત)

# તેજીને ટકોરોજ હોય.......શ્રી. એન. બી. શાહ

[ ભવભીરૂ આત્માઓને માટે તો તેજીને ટકોરો હોય,ની પેઠે ગુરુ મહારાજાઓનાં વ્યાખ્યાનોની સારી અસર થાય છે, અને ગધેડાંઓને ડફણાંની જેમ, જે શ્રોતાઓ આ કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નાંખે છે, તેવાઓ ખરેખર સંસારસાગરમાં રઝળનારા બહુલ સંસારી જેવા જ છે, કારણકે સંસાર આસકત માણસોને સેંકડો વાર સદ્બોધ શ્રવણ કરવા છતાં યોગ્ય અસર ન થાય તો એમાં સદ્ગુરુઓની વ્યાખ્યાન વાણી બરાબર અસર કરનારી નથી, એમ કહેનારાઓને એક કન્યાના વચનથી આત્મ જાગૃતીમાં આવનાર એક બંગાલી બાબુની આ ટુંકી વાર્તા મનન કરવા યોગ્ય હોઇ અત્રે રજુ કરવામાં આવી છે. —સં. ]

મથુરાની પાસે વૃંદાવનમાં લાલા બાબુનું એક ભવ્ય મંદિર છે. એ લાલા બાબુ કોણ હતા ? તથા એમને આત્મબોધ (વૈરાગ્ય) કેવી રીતે પ્રાપ્ત થયો, એ કથા જાણવા લાયક છે.

ઇતિહાસના વાંચકોને વોરન હેસ્ટીંગ્સના જમણા હાથરૂપ ગંગાગોવિંદસિંહનું નામ અવશ્ય જાણીતું હશે. લાલાબાબુ એ ગંગાગોવિંદસિંહના પૌત્ર થાય.

એમનું મૂળ નામ કૃષ્ણચંદ્રસિંહ હતું, ગંગાગોવિંદસિંહે રૈયતને લૂંટવામાં બાકી રાખી ન્હોતી, એટલે ધનવૈભવનો ઠાઠ એમને ત્યાં કેટલો બધો હશે ? તેની કલ્પના વાંચકો કરી શકશે.

લાલા બાબુને પણ સરકારમાં (ઓરિસા-ઓઢિયા) ઉડિસ્યાના દિવાનની મોટી પદવી આપવામાં આવી હતી અને તે મોજશોખમાં દિવસ નિર્ગમન કરતા હતા.

એક દિવસ એવું બન્યું કે, લાલા બાબુ પોતાની જમીનદારીનું કામ તપાસી આવીને ઘેર જતા હતા, ત્યારે રસ્તામાં, એમણે એક ગૃહસ્થની કન્યાને એના પિતા સાથે વાતચિત કરતાં સાંભળી.

કન્યાએ કહ્યું, "બાબા ! રાત તો પડી ગઈ, હજી સુધી દીવો નથી કર્યો ? ચાલો હું દીવો સળગાવી લાવું." કન્યાનાં એ વચનો સાંભળીને લાલા બાબુના હૃદયમાં અપૂર્વ આત્મભાન થયું.

એ વિચારવા લાગ્યા કે, "ખરી વાત કહી. મારી યુવાવસ્થા પસાર થઇ ગઇ, જીવનની પણ સાંજ (રાત્રી) પડવા આવી, પણ મેં મારા હૃદયમાં હજુ સુધી જ્ઞાનરૂપી દીવો પ્રગટાવ્યો નથી, મારે પણ ભવસાગરમાંથી તરવું છે, હજી સુધી મેં એને માટે કાંઇ તૈયારી કરી નહીં, ખરેખર આજ સુધીનું જીવન બધું નિષ્ફળ ગયું, ધિક્કાર છે મારા આત્માને. "જાગ્યા ત્યાંથી સવાર" એમ સમજીને એ લાલાબાબુએ ત્યાર પછી તરતજ સંસારનો ત્યાગ કર્યો, અને એમના ધર્મના સિધ્ધાંતો પ્રમાણે વૃંદાવનમાં જઇને રહ્યા અને પચ્ચીસ લાખ રૂપૈયાના ખર્ચે એક ભવ્ય મંદિર બંધાવ્યું, તથા તેની સાથે અન્નક્ષેત્રની સ્થાપના કરી, એના નિર્વાહ માટે માસિક બે હજાર રૂપીઆની આવકવાળી જમીન જુદી કાઢવામાં આવી. પોતાની બધી મિલ્કત, પરોપકારના કાર્યમાં અર્પણ કરીને, પોતે માધુકરી (ભિક્ષા) માંગીને જીવનનિર્વાહ કરતા.

એક સાધારણ બનાવ ઉપરથી, તેમનો આત્મા કેવો જાગૃત થયો, એ આપણે સૌએ વિચારવા યોગ્ય છે. પવિત્ર હૃદયના (લઘુકર્મી) આત્માઓ નિમિત્ત મળતાં આત્માનું કલ્યાણ સાધી લે છે. આવા તો અનેક દાખલા જૈન કથાનકોમાં સંખ્યાબંધ પડેલા છે. આ દ્રષ્ટાંત પણ "તેજીને ટકોરાની પેઠે" કોઇક કલ્યાણના વાંચક મહાનુભાવોને વૈરાગ્યપ્રેરક કદાચ થઇ જાય, એ શુભહેતુથી અત્રે રજુ કરવામાં આવેલ છે.

# વિજયનું પ્રથમ સોપાન........ શ્રી. નવલચંદ વીરચંદ શાહ

હિંદુસ્તાનમાં ચુંટણીએ લડાઇનું એક પ્રકારનું ગંભીર વાતાવરણ સર્જ્યું હતું. ચુંટણીમાં ઉમેદવારી પત્રક ભરનાર પ્રતિનીધિએ અને તે પ્રતિનીધિને જીતાડવા ઇચ્છના પ્રચારકોએ લડાઇના જેવું વાતાવરણ ખડું કર્યું હતું. રાજ્યદ્વારી મુત્સદીઓ જય અને પરાજયની મથામણમાં મૂંઝાઇ રહ્યા હતા.

માનવ માત્ર વિજયને ઝંખે છે; અને એજ તેનું નિત્ય ગાન હોય છે. વિજયની ઝંખના તૃપ્ત કરવા માટે રણસંગ્રામમાં ઝંપલાવે છે અને ઝંપલાવ્યા પછી ફતેહ મેળવવા શકય એટલા બધાય પુરૂષાર્થો કરી છૂટે છે.

આજના વિજયનો પવન જુદી દિશા તરફ ફુંકાઇ રહ્યો છે. હોદ્દા માટેની લડાઇએ મૂર્તસ્વરૂપ પકડયું છે અને તેના પ્રચારે પણ માઝા મુકી છે. ધન, વ્યાપાર અને ભૂમિ ઉપરની સત્તા જાળવી રાખવાની લડાઇએ આંધળી દોટ મુકી છે. આની પાછળ અનેક માનવો મોકળા મન રાખી દોડી રહ્યા છે, અને અનેક તેમાં પીલાઇ કરૂણરીતે મરવાના વાંકે જીવી રહ્યા છે. આ લડાઇનો કરૂણ પડઘો છે અને તે પડઘો આજે આપણને સંભળાતો નથી. ફક્ત મનના હુકમ પ્રમાણે અનેકાનેક વસ્તુઓ ઉપર વિજય મેળવવા માટે માનવ વલખાં મારી રહ્યો છે અને અનેકવિધ પ્રયત્નો–પુરૂષાર્થ કરી રહ્યો છે.

મન એ અનેક લડાઇઓનું જન્મસ્થાન છે, અને મનથી જીતાયેલા આપણે અનેક વસ્તુઓને જીતવાની ઝંખના સેવીએ છીએ અને એ ઝંખનાનો વિજય એ આપણો નિત્યનો ઉચ્ચાર હોય છે. આપણા મનમાં અનેક જાળાઓ ઉત્પન્ન થાય અને એ જાળાઓમાં આપણે એવી રીતે અટવાઇ જઇએ છીએ, કે આપણે સત્ય અને અસત્યનું, ક્ષણિક અને શાશ્વતનું, નીતિ અને અનીતિનું, માનવતા અને અમાનવતાનું વાસ્તવિક જ્ઞાન થતું નથી. આથી આપણે અનેક ખોટી લડાઇઓમાં ઝંપલાવીએ છીએ. જમીન, વ્યાપાર, ધન અને પક્ષ માટે હજારો માનવીઓની સાથે બાથ ભીડનાર અનેક શુરવીરો મળી શકે છે પરન્તુ રાગ–દ્વેષ રૂપી શત્રુ યુગલનો જય કરનાર વીર પુરૂષ ભાગ્યેજ મળે છે. કામ–ક્રોધ માયા–લોભ આદિ કે જેનાથી આપણું મન જીતાયેલું છે, તેની સામે હિંમતપૂર્વક લડાઈ લડવાને બદલે મનના હુકમ પ્રમાણે બીજા અનેક ક્ષેત્રોમાં આપણે આંધળી દોટ મુકીએ છીએ, અને જીત્યાનો આનંદ અનુભવવા આતુર બનીએ છીએ. માનવ માત્રના મૂળભૂત કટ્ટર વિરોધિ તત્ત્વોથી જ્યાં સુધી આપણે જીતાયેલા છીએ ત્યાં સુધી બહારની આપણી જીત ટકવાની નથી અને નજદિકના ભવિષ્યમાં એજ આપણી જીત આપણા હાર માટેની બનશે. આત્મવિકાસના ભયંકર શત્રુઓથી ખાધેલી હાર આપણને એવી રીતે પછાડશે કે ભવિષ્યમાં આપણને ખ્યાલ આવશે કે બહારની જીત માટેની આપણી દોટ આપણી હાર માટે હતી.

જે શકિત અને જોમથી, યત્ન અને સામર્થ્યથી બહારની લડાઇઓ જીતવા આપણે કટીબદ્ધ થઇએ છીએ, તેજ લડાઇઓનું જન્મસ્થાન, કે જે આપણું મન છે, અને જે મનથી આપણે જીતાયેલા છીએ, તેને–(મનને) જીતવા આપણે કેમ પ્રયત્નશીલ બનતા નથી? એ એક વિચારણીય પ્રશ્ન છે.

મનને જીતવાના પ્રયત્નમાં બહારની અનેક લડાઇઓ આપોઆપ જીતાઇ જાય છે. તે

# બનેલી સાચી ઘટનાઓ..........શ્રી. જયકીર્તિ

## પચશે નહીં:

ઈન્દોરના સ્ટેશન ઉપર બે વિદ્યાર્થી ટ્રેનમાં બેઠા. સામાન ઉપાડનાર એક મજદૂર પણ તેમની સાથે હતો, તેણે ડબ્બામાં સામાન ગોઠવી દીધો. મજદૂરી લેવા માટે સામે હાથ ધર્યો અને કહ્યું,

'સાહેબ પૈસા.'

'પાછળના ડબ્બામાં બાબુજી બેઠા છે, તેમની પાસેથી લઇ લે.'

'હું તો તમને જ ઓળખું છું, સાહેબ બીજા પાસે કેમ માગું?'

'અરે ભાઇ અમે બધા એક સાથે જ છીએ.'

રકઝકમાં ગાડી ઉપડી, પણ પેલા બે ભાઇઓએ મજદૂરી આપવાની ઉદારતા ન દર્શાવી. ઉદારતા શેની? માનવતા ન દર્શાવી. અન્તે ગાડી આગળ વધી ગઈ. ગરીબ મજદૂરના અન્તઃકરણમાંથી એક આહ નીકળી ગઇ.

'ઠીક સાહેબ, પૈસા ગરીબના જ રાખ્યા છે ને! પચશે નહીં.'

ગાડી જમનાના પુલ ઉપર પહોંચી. પેલા બે વિદ્યાર્થીમાંથી એકે જમનામાં પૈસા નાંખવા માટે ડોકું બહાર કાઢયું અને જમનામાં પૈસા નાંખ્યા.

સાથે સાથે ખિસ્સામાંથી નીકળીને પારકરની પેન પણ જમનાને ભેટ ચઢી ગઇ.

પેલા ભાઇ તો આશ્ચર્યચકિત થઇને જોતા જ રહી ગયા. ડબ્બામાં નીરવતા છવાઇ ગઇ અને વાતાવરણ ગૂંજી ઉઠયું,

'પૈસા તો ગરીબનાજ રાખ્યા છે ને! પચશે નહીં.'

---

માનસિક ક્ષેત્રમાંથી અનેક પ્રલોભનો ઉત્પન્ન થાય છે અને જેના આપણે ભોગ બની પતનના રાહે પછડાઇએ છીએ, તેમાંથી પણ બચી જવાય છે.

આજે આપણો દ્રષ્ટિકોણ બદલાઇ રહ્યો છે. બહારના વિજયની ઘેલછાનો વળગાડ આજે આપણને અવળા રાહે દોરી રહ્યો છે. જ્યારે આત્મસુખ ઇચ્છતો માનવ વાસ્તવિકતાને નિહાળી મનને જીતવા યત્ન કરે છે. ક્ષણિક અને પૌદ્ગલિક સુખોને મેળવવા આપણે અજ્ઞાન અને આડંબર ઉપર રાચી રહ્યા છીએ, જ્યારે મનને જીતવા મથતો માનવ વસ્તુસ્થિતિનું નિરિક્ષણ કરી વિશેષ વિરકતભાવ વાળો બને છે. બન્ને વર્ગની લડાઇ જીત માટેની હોય છે, પરન્તુ જીત વિષેના બન્નેના દ્રષ્ટિકોણમાં તફાવત હોય છે અને તેથી બન્ને વર્ગની લડવાની દિશામાં પરસ્પર વિરોધાભાસ હોય છે.

વાસ્તવિક લડાઇ લડી સાચા વિજેતા બનવા માટે અપરનાં છિદ્રો જોવા–તપાસવા કરતાં સ્વ ક્ષતિઓ નિહાળવી અને સુધારવી એજ શ્રેયસ્કર છે.

ચલ એવા મનને અચળ બનાવનારજ સાચો લડવૈયો છે અને તેના માટેની લડાઇ એજ સાચી લડાઇ છે. કામ–ક્રોધ, માયા–લોભ, આદિ જે આપણા ભયંકર શત્રુઓ છે અને આત્મવિકાસને રૂકાવટ કરનારા છે, તેની જીત માટેની લડાઈમાં સફળ પ્રયાણ એજ વિજયનું પ્રથમ સોપાન છે.

## એકરાર

શાહજહાં ચિત્રના ગીતનું રિહર્સલ થઇ રહ્યું હતું. સહગલ ગાઇ રહ્યો હતો, નૌશાદ ટયૂન વગાડી રહ્યો હતો, બે–ધ્યાન થવાથી નૌશાદનું વાદન બેસુરું બન્યું. સહગલથી તે ન સહાયું. પરન્તુ નૌશાદને કંઇ કહેવાને બદલે સહગલે તેને એક તમાચો જડી દીધો.

નૌશાદને ખોટું ન લાગ્યું, કેમકે તેની ભૂલ હતી, ઉલટું તેને સહગલનો હાથ ચૂમી લીધો અને કહ્યું,

'મને ક્ષમા કરો, મારી ભૂલે તમારા હાથને કષ્ટ પહોંચાડયું છે.

## કોંગ્રેસી નેતા

અખિલ ભારતીય છાત્ર કોંગ્રેસ દ્વારા નિયોજિત નાગરિક શિક્ષા કેન્દ્રમાં એક ભાઇ બિહારથી મુંબઈ આવ્યા હતા, ત્યાં તેમના એક પરિચિત ભાઇ મુંબઇ પ્રાન્તીય કોંગ્રેસ કમિટીમાં સ્વયંસેવક-સંગઠનનું કામ કરતા હતા, તેમને મળવા માટે કાર્યાલયમાં ગયા. ત્યાં બીજા એક કોંગ્રેસી નેતા પણ ઉપસ્થિત હતા.

પેલા ભાઈએ કોંગ્રેસી નેતાને પોતાની પરિચિત વ્યકિત વિષે પૂછયું, નેતાએ જવાબ આપ્યો.

'બેસો હમણાં આવશે.'

અડધો કલાક વીતી ગયો. પેલા ભાઇએ ફરીથી પૂછયું,

'કયારે આવશે ? હજુ સુધી આવ્યા નહીં.'

ત્યારે તે નેતાએ ચિડાઇને જવાબ આપ્યો.

'મને શી ખબર કયારે આવશે ? અને કયાં ગયા છે-તે મારા ખિસ્સામાં થોડા જ એમને પૂરી રાખ્યા છે.

થોડી વાર પછી—મારા પરિચિત મિત્ર તો ન આવ્યા પણ બિહારથી સાથે આવેલા મારા બે મિત્ર આવી પહોંચ્યા. તેમાંથી એક પાર્લામેન્ટના મેમ્બર હતા, તેઓ બિહારના પ્રધાન મંત્રી પાસેથી આ કોંગ્રેસી નેતા ઉપર એક ચિઠ્ઠી લાવ્યા હતા.

મારી અને તેમની વાતચીત જોઇને પેલા કોંગ્રેસી નેતા તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા, અને જયારે તેમને ખબર પડી કે હું કોણ છું, ત્યારે તો તેમની મુખાકૃતિ જ બદલાઇ ગઈ, અને હસતા-હસતા બોલ્યા,

'ભાઇ તમે તો ઘણા હોંશિયાર જણાઓ છો, આગળ જઇને તમે જરૂર બિહારના જવાહરલાલ બનશો.'

આ આકસ્મિક પરિવર્તન જોઇને હું દંગ થઇ ગયો. પહેલાં કેટલા ચિડચિડીયા અને હવે કેવા માખણ જેવા મુલાયમ.

પણ કદાચ નેતાગીરી કરવા માટે આ જરૂરી હશે.

## પરોપકારનો બદલો

નોકરિયાત માણસ છે. પગાર મળવાના દિવસોમાં લગભગ અઠવાડિયું બાકી છે, ખિસ્સામાં માત્ર ત્રણ રૂપિયા જ છે. રસ્તામાં એક અન્ધ વૃદ્ધાએ કહ્યું,

'ભાઇ, ત્રણ દિવસની ભૂખી છું' ડોશીના ગળામાંથી માંડ અવાજ નીકળતો હતો. કરુણતાથી ભરેલા અવાજે તેનું અન્તઃકરણ ભેદી નાખ્યું. તેનાથી રહેવાયું નહીં. ખિસ્સામાં ત્રણ રૂપિયા હતા તે કાઢીને આપી દીધા. પણ સમસ્યા એ ઉભી થઈ, કે પોતે કેવી રીતે ખાવું.

પચાસ કદમ ભાગ્યે જ આગળ વધ્યો હશે, કે એની નજર રસ્તા ઉપર પડેલા એક ગડી વાળેલા કાગળ ઉપર પડી. કોણ જાણે પણ એને શું સૂઝયું કે એ કાગળ ઉપાડીને ખિસ્સામાં મૂકી દીધો.

હોટલમાં ગયા પછી ખિસ્સામાંથી ઓચિંતા તે કાગળ કાઢતાં જણાયું, કે તે પાંચ રૂપિયાનું નોટ હતું.

આતે દૈવી સહાય કે પરોપકારનો બદલો ? શું કહેવું ?

# વિરાગ અને ત્યાગ...........પૂ૦ મુનિરાજ શ્રી રૂચકવિજયજી મહારાજ.

આપણા જૈન સમાજના એક ભાગની અંદર અંધકારે જે સ્થાન લીધું છે, તેનો પડઘો સમાજ આખામાં પડે તો તે અસ્વાભાવિક નથી, જેઓ જૈન સમાજના એક ભાગ તરીકે કહેવાય છે, તેમના મુખમાંથી નીકળતા શબ્દો, તેમના લેખો અને તેમની કાર્યવાહી જ્યારે અંધકારને પ્રવેશ આપવાનું, તેને ગાદી–ટકીએ બેસાડવાનું સાધન બને છે, ત્યારે જૈન સમાજના વિશાળ શ્રધ્ધાળુ સમજદાર વર્ગને માટે એ પ્રતિકાર્ય બને, એ સમજી શકાય તેમ છે.

પણ આવી પરિસ્થિતિ વચ્ચે માત્ર શબ્દોના સાથીઆ પુરીને બેસી જનારા જૈનો આવા અંધકારને કયારેય ખાળી શકશે નહિ, અજ્ઞાન, ભ્રમ અને બુધ્ધિદોષના આવા અંધારાં ખાળવા હોય, ઉલેચવા હોય, તો જૈનોએ પ્રકાશને ઓળખવો પડશે, પછી પ્રકાશના સમુહને હાથ કરવો પડશે અને હાથ કરેલા પ્રકાશને આચરણમાં મૂકવાની જરૂર પડશે.

આચરણ વિનાની માત્ર જીભનીજ વાતો કોઇ સારા પરિણામને આપી શકતી નથી, અને ચિંતનમાં વાસ્તવિકતાનો રંગ ભળતો નથી, જૈન તરીકેની ખુમારી જો બરાબર આકાર પામે અને એની પાછળ જૈનત્ત્વનો પ્રાણ ધબકતો રાખવામાં આવે, તો સમાજ ઉપર પડી આવતાં યા ચઢેલાં કાળાં વાદળાઓ જરૂર હટાવી શકાય.

આજનો અંધેર જમાનો સાહિત્ય અને ભાષણોદ્વારા વિરાગ અને ત્યાગના સંસ્કારની મજાક કરે છે, જૈનોના અંતરને જૈનત્ત્વના પ્રાણથી પુષ્ટ બનાવવા માટે જે કાંઇ કરવું જોઇએ, એને બદલે એ તત્ત્વો જૈનોને જૈન મિટાવી દેવાના સ્વરૂપમાં ફેરવાઈ ગયાં છે.

શાસ્ત્રના પ્રવેશદ્વાર પર એક જાજરમાન દ્વારપાળ બનીને માત્ર ઉભા રહેવાની આ સૂચના નથી, તેમ શાસ્ત્રને શાસ્ત્રને કારણે હસી નાંખવાનીય જરૂર નથી. બુદ્ધિની બંસરી બજાવવામાં બધી શક્તિ ખર્ચી નાંખવી અને જીવનની વાસ્તવિકતા બતાવતા સાધન ભણી નજર ન કરવી, એમ કહેવાનુંય કોઇ કહેતું નથી, પણ ચિંતનનો એઠવાડ એકઠો કરીને સમાજના દિલ પર નાંખવો એનાથી સમાજની તંદુરસ્તી જોખમાય છે, સમાજમાં શાસ્ત્રઅશ્રદ્ધાના રોગનો ઉદય થાય છે અને વિરાગ અને ત્યાગના સંસ્કાર અંગેની તેની કાળજી દાઝે છે.

બુદ્ધિજ જાણે દુઃખનું શસ્ત્ર હોય, સુખનું સાધન હોય, એવો વાયરો આજે ગોટે ચઢયો છે, આ ઝેરી હવાને રોકવામાં કે સુધારવામાં નહિ આવે તો સમાજની નસેનસમાંથી ચૈતન્ય મરી જશે.

બુદ્ધિની આવશ્યકતાનો ઇન્કાર અમે નથી ભણતા, ચિંતનને ચગદી નાંખવાનુંય અમે ઇષ્ટ નથી ગણતા, સમાજની સઘળી કારવાઇમાં શાસ્ત્ર મોખરે રહે, એ જોવાનું અમને ઇષ્ટ છે.

વિરાગ અને ત્યાગની ભાવનાની મજાક ઉડાવવી એનું નામ બુદ્ધિ નથી, વીતરાગના વચન ઉપરની શ્રદ્ધાને મૃગજળ સાથે સરખાવવી એનાથી આધુનિક થવાતું નથી, જીવનના અણઉકલ્યા કોયડામાં પણ શ્રદ્ધાથી જીવાય છે, જો આમ ન હોત તો દુનિયાનો ઘણો મોટો ભાગ એના જીવનના ચુકાદા પહેલાં જ કાળના ઝંઝાવાતનો અતિથિ બની ગયો હોત.

શાસ્ત્રને સમજ્યા વિના જ તેના ઉપર શ્રદ્ધા રાખવી એમ નથી કહેતા, તેમ સમ

જવા યોગ્યજ શાસ્ત્ર નથી, એમ પણ નથી, શાસ્ત્રને સમજવું, ન સમજાય તો પુનઃ પુનઃ સમજવાનો પ્રયત્ન કરવો, સમજવાની રીતિને આદર આપવો, છતાં પણ ન સમજાય, તો શ્રી જિને કહ્યું છે એવી બુદ્ધિથી શ્રધ્ધા રાખવી, એમ અમારૂં કહેવું છે, આવી સીધી અને સાદી વાત સામે વિરોધ શા માટે ? સત્યના વિશ્વાસનું સાધન બુદ્ધિ બની શકે તો જિન શા માટે ન બની શકે ? બુદ્ધિ ભૂલામણી યા પ્રલોભનમાં ન અટકે, એવું નથી, જ્યારે શ્રી જિન એ બધાય દોષોથી સદાને માટે પર છે.

બુધ્ધિ અને ચિંતનનો જે ખોરાક આપણને મળ્યો છે, તેમાંથી સમાજના સર્વોદયના સર્વોચ્ચ સાધનને અયોગ્ય કહેવાનું તારવવામાં માલ નથી, તેના ગ્રાહક અને સંરક્ષક હજુ નિશ્ચેતન નથી બન્યા, તેમની નસેનસમાં તેમનો પ્રાણ હજુ ધબકે છે, શાસ્ત્ર ભલે વર્ષો પહેલાં ઉત્પન્ન થયું હોય, પણ તેનામાં ઘડપણ અને રોગગ્રસ્તતા આવવાની કોઇ શક્યતાજ નથી, તો પછી શાસ્ત્રીય સત્યને પડકારવાની અને તેને મનમાન્યો પહેરવેશ પહેરાવવાની જરૂરજ શી છે ? સમયનો ઘણો થર જામી પડયો હોવા છતાં એ શાસ્ત્રો આજેય જગતના ચિંતનશીલ તત્ત્વજ્ઞાનીઓના લમણા રોકે છે, એમના અંતરના આદરને પામે છે, એટલુંજ નહિ એમના માથાં પણ ત્યાંજ ઝુકે છે.

શાસ્ત્રના વાંચનમાં ગુરૂ પારતંત્ર્યને પકડવાથી બુદ્ધિ સમૃદ્ધ બને છે, એનાથી અંતરના અંધારા ઉલેચાય છે, પ્રકાશની પુરોગામિની પ્રભા પ્રસરે છે.

અંધકારનું પુર ધસમસતું ચાલ્યું આવતું હોય, ત્યારે શાસ્ત્રશ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, શાસ્ત્રની આજ્ઞા અને તેનો અમલ, આ તત્ત્વો એની સામે પાયામાંથી મજબૂત દિવાલ ખડકી શકશે.

વિરાગ અને ત્યાગના સંસ્કારને ખતમ કરવા સારૂ સમાજમાં એક ફોજ તૈયાર થઈ છે, એ ફોજ ગમે તેવી ચબરાક વાતો કરે, ગમે તેવા રંગીન વિચારો દોડાવે, ગમે તેવી મહેફિલનું વચન આપે, પણ એની પાસે સુખ નથી, મન નથી, મનની શાંતિ નથી, માણસાઇના દીવા નથી, તેમાં તેજ નથી અને જીવનનો સીધો સલામતીભર્યો માર્ગ પણ નથી.

આવી વસમી ફોજ સામે સંરક્ષણની દિવાલ મજબૂત બનાવવામાં નહિ આવે, તો સમાજ એક અંધારી ખીણમાં ધકેલાઇ જશે.

વિરાગ અને ત્યાગના સંસ્કારના સાથ વિના સમાજનો જયવારો નથી, એની અમે પુનઃ યાદ આપીએ છીએ.

---


# નવાં પ્રકાશનો

**હૈમલઘુ પ્રક્રિયા** [સટિપ્પન] પૂ. ઉપા. વિનય-વિજયજી વિરચિત વ્યાકરણનો સુંદર ગ્રંથ ફર્મા -૩૦, પૃષ્ઠ ૪૮૦ કીંમત રૂા. ૫-૦-૦

**ઉપદેશ પ્રાસાદ ભા.-૩** પૂ. આ. વિજયલક્ષ્મી-સૂરિજી વિરચિત વ્યાખ્યાન ઉપયોગી ગ્રંથ. ફર્મા ૩૫ કીંમત રૂા. ૧૦-૦-૦

**ઉપદેશ પ્રાસાદ ભા.-૪**-ઉપર પ્રમાણે ૧૦-૦-૦

**ભગવાન આદિનાથ.** લે. પૂ. મુનિ શ્રી નિરંજન-વિજયજી મહારાજ. સચિત્ર. ૪૦ ચિત્રો સાથે સુંદર કથાનક છે. કીંમત રૂા. ૨-૮-૦

**હોમીયોપેથીક ચિકિત્સાસાર** ભા. ૧-૨. લે. ડો. ત્રિકમલાલ અમથાલાલ હોમીયોપેથીક અંગે સારામાં સારી રીતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. અને સામાન્ય દરદીને પણ સુગમતા પડે તેમ છે. કીંમત રૂા. ૫-૦-૦

**વધુ માટે બૃહત્ સુચિપત્ર મંગાવો !**

**જશવંતલાલ ગિરધરલાલ શાહ.**

૧૨૩૮, રૂપાસુરચંદની પોળ-**અમદાવાદ.**

# આધ્યાત્મિક દ્રષ્ટિએ સમ્યગ્દર્શન.

શ્રી કું. મુ. દોશી મહેસાણા.

[ આ લેખ, દિગંબરીય તત્ત્વાર્થ વૃત્તિમાં પંડિત મહેન્દ્રકુમાર જૈને લખેલ પ્રસ્તાવનાને આધારે તૈયાર કરેલ છે. પંડિત મહેન્દ્રકુમારજી દિગંબર વિદ્વાન છે, અને શ્રી કાનજીસ્વામીએ દિગંબર ધર્મ સ્વીકારેલ છે, એ દ્રષ્ટિથી પણ એ કેટલી શાસ્ત્રવિરૂદ્ધ બુદ્ધિને અગમ્ય એવી પ્રરૂપણા કરે છે તે સમજવા માટે આ લેખ ઘણોજ ઉપયોગી છે. ]

આધ્યાત્મિક દ્રષ્ટિથી સમ્યકત્વની પ્રરૂપણા કરતી વખતે ભેદ બુદ્ધિથી મુખ્ય વિચારણા કરવામાં આવે છે. અને એ સમજવા માટે પ્રથમ પદાર્થની સ્થિતિ સમજવી ખાસ જરૂરી છે.

**પદાર્થ-સ્થિતિ : "નાઽસતો વિદ્યતે ભાવો નાઽભાવો વિદ્યતે સત :** " જગતમાં જે સત્ છે તેનો સર્વથા વિનાશ થતો નથી, અથવા સર્વથા કોઇ નવો પદાર્થ ઉત્પન્ન થતો નથી. જે દ્રવ્યો આ જગતમાં છે તે દરેક પોત-પોતાની અવસ્થાઓમાં પરિણામ પામ્યા કરે છે. અનંત જીવ, અનન્ત પુદ્ગલ પરમાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશાસ્તિકાય અને કાળ આ છ દ્રવ્યો લોકમાં વ્યાપીને રહેલ છે. આમાંથી કોઇ દ્રવ્ય સર્વથા નાશ પામતું નથી. અથવા આ છમાં કોઇ નવા દ્રવ્યનો ઉમેરો થતો નથી. એટલે આ છ દ્રવ્યો અનાદિ-અનંત છે, અને કોઇ પણ દ્રવ્ય બીજા દ્રવ્ય રૂપે પરિણામ પામતું નથી. ધર્મ, અધર્મ અને આકાશ દ્રવ્યોનું પરિણમન હંમેશા શુદ્ધજ રહે છે. એમાં બિલકુલ વિકાર થતો નથી. કાલ એક સમયરૂપ હોવાથી એ પણ શુદ્ધ દ્રવ્ય છે. જીવ અને પુદ્ગલ દ્રવ્યોનું શુદ્ધ અને અશુદ્ધ એમ બંન્ને પ્રકારનું પરિણમન છે.

જીવ અને પુદ્ગલ એ બે સક્રિય છે, બાકીનાં દ્રવ્યો નિષ્ક્રિય છે. આકાશ સર્વવ્યાપિ છે, ધર્મ અને અધર્મ લોકાકાશ પ્રમાણ છે, પુદ્ગલ અણુરૂપ છે, જીવ અસંખ્યાત પ્રદેશી છે, અને સ્વ-દેહ વ્યાપિ છે. એક પુદ્ગલદ્રવ્યજ એવું છે, કે જે સજાતીય અન્ય પુદ્ગલ દ્રવ્યમાં મલી શકે છે, અને વિવિધ પરિણામોને ધારણ કરે છે. કેટલીક વારતો પુદ્ગલ દ્રવ્યોમાં એટલો બધો ફેરફાર થઇ જાય છે, કે અણુઓની પૃથક સત્તાનું જ્ઞાન પણ થતું નથી, એટલે કે જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં એક બીજાના નિમિત્તથી અશુદ્ધ પરિણમન થાય છે, અને આ બે દ્રવ્યોના વિવિધ પરિણામ રૂપ અસ્થુલ દ્રશ્ય જગત છે. આ ઉપરથી આપણે ચોખ્ખું જોઇ શકીએ છીએ, કે નિમિત્તોથીજ આ જગતમાં દ્રશ્યનો ફેરફાર જોઇ શકાય છે.

**દ્રવ્યનાં પરિણમનો :** ( ફેરફાર ) પ્રત્યેક દ્રવ્ય પરિણામી છે અને સાથે નિત્ય પણ છે. પૂર્વપર્યાય નાશ પામે છે, ઉત્તર પર્યાય ઉત્પન્ન થાય છે, પણ મૂલ દ્રવ્ય અવિચ્છિન રહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યતા એ દરેક દ્રવ્યોનું સ્વરૂપ છે. ધર્મ, અધર્મ અને આકાશનું હંમેશા શુદ્ધ પરિણમન થાય છે. જીવ-દ્રવ્યમાં જે મુક્ત આત્માઓ છે, તેનું શુદ્ધ પરિણમન છે [ પર નિમિત્તથી થતું પરિણમન તે અશુદ્ધ ] સંસારી જીવો અને પુદ્ગલનું બન્ને પ્રકારનું [ શુદ્ધ-અશુદ્ધ ] પરિણમન છે. જ્યારે સંસારી જીવ મુક્ત થાય છે ત્યાર પછી તેનું કદીપણ અશુદ્ધ પરિણમન થતું નથી પુદ્ગલનું શુદ્ધમાંથી અશુદ્ધ અને અશુદ્ધમાંથી શુદ્ધ એ રીતે વિવિધ પરિણમનો થયાજ કરે છે. જીવ અને પુદ્ગલમાં વૈભાવિક શકિત હોવાથી તેઓનું વિભાવિક પરિણમન થાય છે.

**દ્રવ્યગત શક્તિ :** ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એકેક છે. પુદ્ગલ દ્રવ્યનાં જેટલાં પરિણમનો થઇ શકે તેટલાં બધાની યોગ્યતા અને શકિત દરેક પુદ્ગલ પરમાણુઓમાં સ્વાભાવિકજ છે. એનું નામ દ્રવ્ય-ગત્ત શકિત છે. સર્વે જીવ દ્રવ્યોમાં મૂલ શકિત એક જેવી છે. જ્ઞાનાદિ અનન્ત ગુણો તથા ચૈતન્ય શકિત એ દરેક જીવોની મૂલગત શકિતઓ છે પણ પર-નિમિત્તથી અનાદિ કાલની અશુદ્ધતાથી એનો વિકાસ જુદી-જુદી રીતે દેખાય છે. દરેક દ્રવ્યો પોતાની શકિતઓનાં સ્વામિ છે. અશુદ્ધ દશામાં અન્ય પર્યાયો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે.

**પરિણમનની હદ :** આપણે ઉપર જોઇ ગયા કે કોઇપણ દ્રવ્ય સજાતીય કે વિજાતીય દ્રવ્યાન્તર પરિણામ પામતું નથી. પોતાની ધારામાંજ હમેશા એનું

પરિણમન ચાલુ રહે છે. જેમકે દરેક પુદ્ગલ પરમાણુઓ ઘટ બની શકે છે, પણ એ પરમાણુઓ જ્યાં સુધી માટીરૂપી પર્યાયને ન પામે ત્યાં સુધી ઘટ પર્યાય ઉત્પન્ન થઇ શકતી નથી, અને માટી એ પરમાણુનો વિકાસ પર્યાય છે, અને તેમાંથી તેના વિકાસ રૂપ ઘટાદિ પર્યાયો નિમિત્ત અનુસાર કોઇપણ પર્યાયને પામે છે. (ઘટ-શકોરૂ-તાવડી-કુલડી-વગેરે)

જીવનમાં મનુષ્યરૂપ પર્યાયમાં આંખોથી દેખવાની શકિત છે, એટલે એ અમુક સમયમાં જે સામે આવે તેને દેખે છે, પણ એ વસ્તુ નક્કી નથી કે અમુક સમયમાં અમુકજ પદાર્થોને દેખી શકે, બાકીનાને નહીં, મતલબ કે પરિસ્થિતિવશ જે પર્યાય શક્તિઓનો દ્રવ્યોમાં વિકાસ થાય છે, એ શકિતઓથી થવાવાલા કાર્યમાં જે બલવાન નિમિત્ત મલે તે અનુસાર પરિણમન થાય છે. ગાદી ઉપર બેઠેલા મનુષ્યમાં હસવું-રોવું-આશ્ચર્ય પામવું, વિચાર કરવો વગેરે અનેક કાર્યોની યોગ્યતા એમાં છે. જો બહુરૂપિ સામે આવે તો હસવા લાગે છે, કોઈ વ્હાલાજનના મૃત્યુના સમાચાર મલે તો રોવા લાગે છે, અકસ્માત બનેલા બનાવની વાત સાંભળી આશ્ચર્ય પામે છે, અને તત્ત્વની વાત સાંભળી ગંભીરતાપૂર્વક વિચાર કરવા લાગી જાય છે. આથી સ્પષ્ટ સમજી શકાય છે, કે દ્રવ્યગત પરિણમન નિયત છે, અને જેટલી સામગ્રીઓ તથા કારણ-કલાપ એમાં મળે છે એટલો એની યોગ્યતાનો વિકાસ થાય છે પણ જો પ્રતિબન્ધક કારણ હાજર હોય તો તે વિકાસ થવા દેતું નથી, જેમકે અભવ્યત્વ એ સમ્યકત્વનું પ્રતિબંધક કારણ છે, એટલે શુદ્ધ દેવ-ગુરૂ અને ધર્મની સામગ્રી મળવા છતાં તેને સમ્યક્ત્વનો લાભ થતો નથી. તીર્થંકર પરમાત્માને ઉપ-સર્ગ કરનાર પણ સમ્યક્ત્વ પામે છે. છતાં સંગમ દેવમાં અભવ્યત્વ રૂપ પ્રતિબંધક કારણ હાજર હોવાથી તેને તેનો લાભ થયો નહીં. તેવીજ રીતે તથા-ભવ્યત્વના અપરિપાક રૂપ પ્રતિબંધક કારણ જ્યાં સુધી હાજર હોય છે ત્યાંસુધી દેવ-ગુરૂ અને ધર્મની સામગ્રિઓ મળવા છતાં એ સામગ્રીઓ એ જીવને ઉપકારી થતી નથી. અચેતન દ્રવ્યોમાં બુદ્ધિપૂર્વક ક્રિયા થતી નથી. પણ સંયોગોના આધારથી ક્રિયા થાય છે, પછી ભલે એ સંયોગો ચેતનના પ્રયત્નથી હોય કે સ્વાભાવિક કારણોથી હોય. જેમકે પૃથ્વીમાં પડેલું બીજ ગરમી અને પાણીનો સંયોગ પામીને ઉગી નીકળે છે. ગરમીનું નિમિત્ત પામીને પાણી વરાળરૂપ બની જાય છે, અને એજ વરાળ ઠંડીના નિમિત્તથી પાણી રૂપ વરસાદ વરસાવે છે. માટીનો ઘડો બને છે, તે ચેતનરૂપ નિમિત્તને પામીનેજ બને છે.

સારાંશ કે અતીતકાળના સંસ્કારોને જેટલા અનુકૂળ સંયોગો મળે છે તે અનુસાર વર્તમાનકાળમાં તેની યોગ્યતા વિકાસ પામે છે, અને તેવા તેવા પરિણમન થતાં રહે છે. દ્રવ્યોના કોઇ કાર્યક્રમ નિયત નથી. નિયત કાર્યક્રમ ઉપરજ જગત ચાલ્યું જાય છે, એવી માન્યતા એ એક ભ્રમ છે. દ્રવ્યોનું પરિણમન, સંયોગ-યોગ્યતા-નિમિત્ત અને દ્રવ્ય શકિતઓના વિકાસ ઉપર આધાર રાખે છે.

**નિયત-અનિયતત્ત્વવાદ:**-જૈન દ્રષ્ટિથી દ્રવ્યગત શકિતઓ નિયત છે, પણ એનું ક્ષણે ક્ષણેનું પરિણમન અનિવાર્ય હોવા છતાં અનિયત છે. એક દ્રવ્યમાં જેટલી પરિણમન શકિતઓ છે, તે શકિતઓને અનુસાર નિમિત્ત અને અનુકૂળ સામગ્રીઓ મળવાથી પરિણમન થાય છે, એટલે કે દરેક દ્રવ્યોની શકિતઓ અને એનાથી ઉત્પન્ન થવાવાળા પરિણમનની જાતિ નકકી છે. કારણકે કોઇ પણ સમયે પુદ્ગલ દ્રવ્ય જીવ રૂપ અથવા જીવદ્રવ્ય પુદ્ગલ રૂપ બની શકતું નથી, છતાં પણ કેવા કેવા પરિણામો પામશે એ નકકી નથી. સારાંશ કે નિયતત્ત્વ અને અનિયતત્ત્વ ધર્મો સાપેક્ષ છે. અપેક્ષા ભેદથી તેનો સંભવ છે.

જીવ અને પુદ્ગલ દ્રવ્યના નાટક રૂપ આ જગત છે. એ બન્નેની પોત-પોતાની શકિતઓ નિયત છે. જગતમાં કોઇની પણ તાકાત નથી કે દ્રવ્યશકિતઓમાં એકનો પણ વધારો-ઘટાડો કરી શકે. એનો આવિર્ભાવ અને તીરોભાવ પર્યાયોને કારણે થાય છે. માટી પર્યાયને પામેલ પુદ્ગલોમાંથી તેલ નીકળી શકતું નથી. છતાં પણ તેલ પુદ્ગલનોજ પર્યાય છે. માટીરૂપ પુદ્ગલની પર્યાયમાં તેલની યોગ્યતા તીરોભૂત છે જ્યારે ઘટાદિની યોગ્યતાનો આવિર્ભાવ છે. તેવીજ

રીતે સંસાર પર્યાયમાં વર્તમાન જીવ સિદ્ધ કહી શકાય નહિં છતાં પણ સિદ્ધત્વ એ જીવનો જ પર્યાય છે. સંસાર રૂપ જીવની પર્યાયમાં સિદ્ધત્વની યોગ્યતા તીરોભૂત છે, જ્યારે સંસારિક પર્યાયની યોગ્યતાનો આ વિર્ભાવ છે. સારાંશ કે :–

(૧) દરેક દ્રવ્યની મૂલગત દ્રવ્યશકિતઓ નિયત છે, તેમાં ઘટાડો-વધારો થતો નથી. પર્યાય અનુસાર શકિતઓ પ્રગટ અથવા અપ્રગટ રહે છે, એ પર્યાય યોગ્યતા કહેવાય છે.

(૨) ચેતનનું અચેતનમાં અથવા અચેતનનું ચેતનમાં પરિણમન થતું નથી એ વસ્તુ પણ નિયત છે.

(૩) એ પણ નિયત છે કે ચેતન દ્રવ્યનું સજાતીય ચેતન દ્રવ્યમાં કે અચેતન દ્રવ્યોનું બીજા અચેતન દ્રવ્યરૂપે પરિણમન થતું નથી.

(૪) પુદ્ગલ દ્રવ્યો જેમ એક બીજા સાથે મળી એક નવો સ્કન્ધ બનાવે છે તેમ ચેતન દ્રવ્યો એક બીજા સાથે મળી કોઇ નવો પરિણામ ઉત્પન્ન કરતા નથી.

(૫) એ પણ નિયત છે, કે દ્રવ્યમાં જે સમયે જેટલા પર્યાયની યોગ્યતાઓ છે તેને અનુકૂળ નિમિત્ત મળી જાય તોજ તેવા પ્રકારનું પરિણમન થાય છે, બાકીની યોગ્યતાઓ સત્તારૂપે રહે છે.

(૬) દ્રવ્યનું આગામી ક્ષણોમાં કોઇને કોઈ પરિણમન દ્રવ્ય–ગત મૂળ શકિતઓ અને પર્યાય–ગત પ્રગટ યોગ્યતાની હદમાં અવશ્ય થવાનું જ.

(૭) એ પણ નિયત છે, કે નિમિત્ત દ્રવ્યગત–ઉપાદાન યોગ્યતાનો વિકાસ કરે છે. નિમિત્ત સિવાય ઉપાદાનની યોગ્યતા પરિપકવ થતી નથી, અને નિમિત્ત નવું અસદ્–ભૂત પરિણમન કરી શકતું નથી.

(૮) એ પણ નિયત છે કે, દરેક દ્રવ્ય પોતપોતાના પરિણમનનું ઉપાદાન છે. જેમાં ઉપાદાન શકિત છે એનું પરિણમન નિમિત્તથી થાય છે. નિમિત્તમાં એ શકિત રહેલી છે કે એ ઉપાદાનને પ્રગટ કરે.

(૯) નિમિત્ત એ કારણ છે. કારણ કાર્યનું અવશ્ય ઉત્પાદક હોય છે એ નિયત છે, અને તેથી નિમિત્ત–ઉપાદાન શકિતઓને પ્રગટાવવા રૂપ કાર્ય ઉત્પન્ન કરે છે. —વિશેષ આગામી અંકે.


## નૂતન પ્રકાશનો આજેજ મંગાવો!

સ્વ. આ. શ્રી **સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજનાં આચારાંગ સૂત્ર, ષોડષક પ્રકરણ, અને સ્થાનાંગ સૂત્ર આદિનાં વ્યાખ્યાનો તેમજ વ્યા. વા. આ. શ્રી **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજનાં જાહેરપ્રવચનો આધ્યાત્મિક લેખો એટલે–

૧ **સુખે જીવવાની કળા.** [વ્યાખ્યાનો અને જાહેર પ્રવચનો] ૧–૮–૦

૨ **ઢંઢેરો** અથવા **ગુરૂમંત્ર** [આચારાંગ અને ષોડશકનાં વ્યાખ્યાનો. ૩–૦–૦

૩ **મહાવ્રતો અને આધ્યાત્મિક લેખમાળા.** સ્થાનાંગસૂત્રનાં વ્યાખ્યાનો અને લેખો. ૬–૦–૦

—: લખો :—

**શાહ રતનચંદ શંકરલાલ**
ઠે. ભવાની પેઠ **પુના–૨.**

**સોમચંદ ડી. શાહ**
**પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]

## દહેરાસરો માટે સ્પેશીયલ અગરબત્તી

દહેરાસરો, મંદિરો અને ધાર્મિક સ્થળોમાં જેની સુવાસ જુદીજ તરી આવે છે, તે ઉમદા અને કિંમતી પદાર્થોમાંથી બનાવેલી.

# દિવ્ય અગરબત્તી

ઘણુંજ સુંદર વાતાવરણ સર્જે છે, આપ પવિત્ર અને સુવાસિત અગરબત્તી મંગાવી ખાત્રી કરો! અમારી બીજી સ્પેશીયાલીસ્ટો.

**દિવ્યસેન્ટ, કાશ્મીરી, શાંતિ, ભારતમાતા**

નમુના માટે લખો.

**ધી નડીઆદ અગરબત્તી વર્કસ**
ઠે. સ્ટેશનરોડ, **નડીઆદ**

સોલ એજન્ટ.
**શાહ નાગરદાસ ખેતસીદાસ**
ઠે. અમદાવાદી બજાર, **નડીઆદ**

# અ....મી....ઝ....ર....ણાં

શ્રી રમણીકલાલ પી. દોશી

**અરે ! ઓ ! યુવાન પાર્થિવ !**

આ અસાર સંસારની અંદર, ઊત્તમ આર્યદેશમાં, જૈન કુળમાં તારો જન્મ થયો છે. તેં કોઇ દિવસ એકાંતમાં વિચાર કર્યો કે તું કોણ છે ? અનંતા કાળથી કર્મરાજાએ તારા આત્માને આ ૧૪ રાજલોકમાં, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય રૂપે અનંતીવાર જન્મ અપાવી અનંતા નાટકો ભજવાવ્યાં. દુષ્કર્મ અને સત્કર્મ બાંધતાં–બાંધતાં પૂર્વના કોઈ પુણ્યપસાયે તારા આત્માએ મનુષ્યભવ ધારણ કર્યો. આજની વૈજ્ઞાનિક કેળવણીએ તને જે શિક્ષણ આપ્યું તેનાથી તું નવી નવી શોધો અને નવી નવી કળાઓ શીખ્યો, તેમાં તેં તારો વિકાસ માન્યો. આજની કેળવણી મેળવવાના તારા મિથ્યા મોહે તને ધર્મમાર્ગમાં પછાત રાખ્યો એટલે આ વિષમ યુગમાં તને આધુનિક દુનિયાનું ભાન કરાવી સંસારની અંદર રહેલા દુઃખોમાં સુખોની ભ્રાંતી કરાવી એ ભૂલ–ભૂલામણીના છકકડમાં તું ગુંચવાઇ ગયો છે.

**ઓ ભાગ્યવાન્ !**

દુર્લભ મનુષ્ય ભવને પ્રાપ્ત કર્યા પછી શા માટે હજી પણ તારી અનાદિની ટેવોને છોડતો નથી ? તેં ખાવા–પીવાની, ને બધુ ભેગું કરવાની ટેવોને છોડવા માટે તારે મોહરાજા ઉપર વિજય મેળવવો પડશે, જે મોહરાજાએ તને જન્મ–મરણની કેદ અપાવી અને રાગ–દ્વેષ રૂપી ચોકીયાતોએ તને દુન્યવી સુખોમાં વાસ્તવિક સુખોની ઝાંખી કરાવી એટલે તેમ થવાથી તને સંસારની અંદર નવી નવી વસ્તુઓ નિરખવાનું ને તેની અંદર રાચ્યા–માચ્યા રહેવાનું મન થાય છે, પણ એક વાત યાદ રાખજે કે, એ પૌદ્ગલિક વસ્તુઓ વિનાશી છે ! ક્ષણભંગુર છે !

**ઓ વીરના સંતાન !**

જન્મ–મરણ તથા આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરેલા આ સંસારની અંદર મોહરાજાએ પોતાના અદ્દભૂત પરાક્રમોથી અનેક આત્માઓને ડુબાડયા છે, તેમાંથી વિરલ આત્માઓએ ત્યાગ, તપ અને સંયમથી મોહરાજાને પરાજય પમાડીને અક્ષય સ્થિતિ અને શાશ્વતું સુખ પ્રાપ્ત કર્યું છે.

**વિચારશીલ બંધુ !**

તારે એવું સુખ જોઇએ છે ? તો શરૂ કરી દે સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીની સાધના, વીતરાગ ભગવંતે શ્રીમુખે ભાખેલી ને પૂર્વાચાર્યોએ તેને શાસ્ત્રરૂપે ગુંથેલી નિર્મળવાણીની ઉપર અડગ શ્રધ્ધા, ધર્મકરણી અને તેને યોગ્ય પુરૂષાર્થ, શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે અખૂટ ભકિત પછી જોજે તારામાં દેખાશે અનેરૂં દિવ્ય પરિવર્તન, સરાગતામાંથી વૈરાગ્ય ભાવનાનું. તારા પંથની અંદર જે કોઈ મુશ્કેલી આવે તો તું તેને નિઃસ્પૃહભાવે સમતાપૂર્વક સહન કરજે. તને તારી જાતનું ભાન થશે, કે આ કાયા એ તો એક ભાડુતી ઘર છે, તો પછી બીજી વસ્તુઓનું તો પૂછવુંજ શું ? નિરંતર શાસ્ત્રોનું શ્રવણ, અધ્યયન અને મનન તને જ્ઞાનગગનમાં ઉડ્ડયન કરાવશે. વીતરાગ ભગવંતનું અહોનિશ પૂજન કરતાં–કરતાં તારા આત્માને તેનાંજ ધ્યાનમાં લીન કરી દેશે. કર્મનાં પડળો દૂર થતાં સમ્યગ્જ્ઞાનનો દિપક પ્રગટાવતો, મોહરૂપી અંધકારને નાશ કરતો, રાગ અને દ્વેષ રૂપ બેડીઓને તોડતો, તુચ્છ સંસારના તાંડ-



# લક્ષ્મીનું વશીકરણ

શ્રી જયભિક્ખુ

**સુંદર** સાધારણ સ્થિતિનો માણસ હતો. મધ્યમ વર્ગના માણસો જેવી રીતે જીવે એવી રીતે એ કરકસરથી જીવતો. એક દુકાનમાં નોકરી કરતો. ટુંકો પગાર હતો. બચ્ચરવાળ માણસ હતો. જેટલો પગાર મળે એટલો ઘેર લઇ જતો.

પગારને દિવસે બીજા નોકરો રૂપીયો રડો ખાણીપીણીમાં ભાંગતા પણ સુંદરતો એક દોઢિયું પણ ન ખર્ચતો. બીજા નોકરો પાન–બીડીનું ખર્ચ રાખતા, સુંદરને એવા ખર્ચથી નફરત હતી.

એ કહેતો ભાઇ, એતો ખોટનો ધંધો. એક તો દાંત બગાડવા ને કાળજું કોરવું ને ઉપરથી પૈસા આપવા, આવું અક્કલ વગરનું કામ કરવાની મારા ગુરુએ ના કહી છે.

---

વોને હંમેશને માટે સલામી કરતો તારો આત્મા, મુક્તિ પંથની મંઝિલે પહોંચીને અનંતા શાશ્વત સુખોનો અધિકારી બનશે.

આટલું સમજ્યા પછી શા માટે તારો અમૂલ્ય વખત ગુમાવે છે? કાળનો પંજો ફેલાય તે પહેલાંજ જ્ઞાનામૃતનાં ઝરણામાંથી નિર્મલ જલનું પાન અત્યારથીજ શરૂ કરી દે! તારો જય નિશ્ચિત છે.

---

બીજા ભાઇબંધો નાટક–ચેટક જોવા જતા, એમાં ઠીક ઠીક પૈસા ભાંગતા. સુંદર કહેતો : 'ભાઇ, મારા જેવી સ્થિતિવાળાને એ ન પાલવે. મન થાય તો ભજન–ભાવમાં જઇ આવું છું. બાકી ઘરનું નાટક કયાં ઓછું છે, તે બહાર જોવા જઇએ.

કોઈવાર આડોશી–પાડોશી માંદા પડતા તો દાકતરને તેડાવતા, દવાના બાટલા ભરી લાવતા, પીચકારીઓ લેતા. બરફ, મોસંબી, દાડમ ખાતા. નોકરીની એના બદલે બાર દિવસની રજા લેતા. નવરા પડયા રહેતા. ગંજીફા કૂટતા અને આમ ખોટા ખર્ચા કરવામાં એ ગૃહસ્થાઇ માનતા. દાકતરને ઘેર તેડવામાં મોટાઈ લેખતા.

સુંદર આમ ઓછું ખાનારો હતો, એટલે માંદો ન પડતો. કયારેક માંદો પડતો તો લાંઘણ ખેંચી કાઢતો. એ કહેતો કે ઉપવાસ એતો રોગને ભગાડવાની કુંચી છે. કોઇવાર દવાની જરૂર પડે તો સુદર્શનની ફાકી લઇ લેતો. તાવ કયારેક ન ઊતરે તો એક આનાનું કાયફળનું પડીકું લઇ આવતો, અને ઝટ સારો થઇ જતો. રજા-બજાની વાત કેવી? લોકો મશ્કરી કરતા, કે જેમ ભૂંડાથી ભૂત ભાગે એમ સુંદરથી રોગ ભાગે છે. મૂંજીને ત્યાં તાવ પણ શા સ્વાદ સારૂ રહે!

અને સ્વાભાવિક છે, કે આવા માણસની પાસે થોડી ઘણી મૂડી તો થાય જ ને? એના દોરત-દાગે

આવે અને કહે: 'ભાઇ, દીકરીના વિવા લીધા છે. નાતવરો કરવો પડશે. થોડા રૂપિયા તારે ઉછીના આપવા પડશે.'

એ વખતે સુંદર ધસીને ના પાડતો ને કહેતો: ઉધાર-ઉછીનું કરી નાતવરા કરવાનો હું વિરોધી છું, પાસે પાંચ પૈસા હોય તો ખવરાવીએ, નહિ તો નાત સામે બે હાથ જોડીને ઉભા રહીએ. એમાં મને જરાય શરમ ન આવે જેવા હોઇએ તેવા દેખાઇએ, ગજાસંપત જોઇને ચાલવું. બે દિવસની વાહવાહમાં ભવ આખો બાળી ન નાખવો.'

બિચારા ઉછીના લેવા આવનારા મનમાં ગાળો દેતા ચાલ્યા જતા. એકવાર એક શામુ નામનો દોસ્તદાર અચાનક ભારે બિમારીમાં સપડાઇ ગયો. પાસે પૈસો તો હોય કયાંથી? એ તો ઓછા મળ્યા ત્યારે ઓછા ખર્ચ્યા હોય, વધુ મળ્યા ત્યારે વધુ ઉડાવ્યા હોય, આખરે તો ઠેરના ઠેર રહ્યા હોય! બલ્કે વધુ પૈસા મળ્યા એટલે વધુ વ્યસન વધ્યાં. શામુ એમ માંદો પડેલો. હવે દાકતર-વૈદોનાં મોટાં મોટાં બિલ ભરવાનાં આવ્યાં! વળી મહામહેનતે તાવ ઊતર્યો, ત્યાં દાકતરે ગામડે બે મહિના હવા ખાવા જવાનું કહ્યું. શામુ તો પૂરો બચ્ચરવાળ માણુસ!

શામુને આ વખતે દુનિયાનો પૂરો અનુભવ થયો. કોઇ કહે તારી દીકરી પેલા મુખીના મૂંગા છોકરાને પરણાવ. પૂરા-ચાર હજાર મળશે. કોઇ કહે, તારી વહુને અમુક બંગલે કામ કરવા મોકલ, મહિને પંદર વીસ મળશે? રોજના ચા-પાણીને સીનેમા-નાટકના દોસ્તદારો તો ન જાણે પૃથ્વીના કયા પડમાં ખોવાઇ ગયા હતા. શામુને તો માથે આભ ને નીચે ધરતી રહ્યાં! એ ભગવાન પાસે મોત માગવા લાગ્યો.

આ વખતે મૂંજી મનાતા સુંદરે કમાલ કરી. એ શામુ પાસે આવ્યો ને સામે રૂપિયાની કોથળી મૂકતાં બોલ્યો: 'જો ભાઇ, મેં પાઈ-પાઇ કરીને જોડેલી આ મૂડી છે. દુઃખને વખતે તને ખપ લાગે માટે આપું છું. રૂપિયાની ચિંતા ન કરીશ. શરીર બરાબર સુધારીને ગામડેથી આવજે. સાથે વ્યસન પણ બધાં અળગાં કરજે. ઝટ સારો થા ને કામધંધે લાગી જા?'

શામુની ખરી અણીની પળ સચવાઇ ગઇ. એણે તો સુંદરના રૂપમાં જાણે શ્રી ભગવાન ભાળ્યા. એ તો ગામડે ઊપડી ગયો. ધાર્યા કરતાં બે મહિના વધુ થયા. સુંદરે બીજા પણ થોડા પૈસા મોકલ્યા, કહેવરાવ્યું કે પૈસા માટે મૂંઝાઇશ નહિ? શામુ નાહિંમત બન્યો હતો. આથી એને હિંમત આવી. આખરે શામુ સાજો થઇને પાછો આવ્યો. નખમાંય રોગ રહ્યો નહોતો. ઝટ કામધંધે વળગી ગયો.

એકાદ વરસ વીત્યું. શામુએ હવે એલફેલ ખર્ચા છોડી પૈસા બચાવવા માંડયા હતા, એટલે મૂડી એકઠી થઇ હતી. એ વખતે સુંદરે આવીને કહ્યું: 'ભાઇ, તારી અડચણ-આપટી ટળી ગઈ, તારી પાસે હવે બે પૈસા બચે પણ છે. ધીરે ધીરે મારા પૈસા આપતો રહે. મારે વ્યાજ જોઇતું નથી.' શામુ કહે: 'ભાઈ, મારા મનમાં હતું કે સુંદરભાઇ પૈસા માગશે નહિ, ને આપણે દેશું નહિં, પણ મારી આંખો તમે આજે ઉઘાડી. કોઇના લીધેલા પૈસા દૂધે ધોઇને પાછા આપવા જોઇએ. તમે અણીને વખતે મને મદદ કરી. હું દશ ગણી રકમ પાછી આપું તો પણ તમારો બદલો ન વળે. હું જરૂર પૈસા પાછા આપીશ.

આ વખતે શામુના જૂના દોસ્તો આવ્યા ને કહેવા લાગ્યા. 'જોયો મારો બેટો મૂંજી! ભગવાનનો અવતાર બની બેઠો હતો? આવ્યો ને રૂપિયા વસૂલ કરવા? અમે નહોતા કહેતા?'

શામુ બોલ્યો: 'ભાઇઓ? તમારી આંખે ઊંધા પાટા બંધાયા છે. એણે મદદ કરી એજ એનો પાડ. આજ હું એને પૈસા પાછા ન આપું, તો કાલે કોઇ સારો માણુસ કોઈ દુઃખીની ભીડ ભાંગવા હિંમત કરશે નહિં. સહુના દી' સરખા જાય છે? આજ હું તો કાલ તમે. એક બીજાને મદદ કરવાની ભાવના જ દુનિયામાં કિંમતી છે. આંગળી આપનારનો પહોંચો કરડી ખાવો ન જોઇએ.'

દોસ્તો કહે: 'અરે? મર્દ માણુસને તે વળી કાલની ફિકર હોય? સુંદરને આપવાના પૈસા અમને આપી દે. કઇ લખત-પતર તો નથી કર્યું ને? સુંદરને અમે ભરી દઈશું. એ પૈસે જાત્રા કરીશું. પાપ પણ નહિ લાગે ને મોજ પણ મળશે.'

'ભાઇઓ ? આપણે દુ:ખી છીએ, એનું કારણ બીજું કોઇ નથી, આપણે પોતે જ છીએ. આપણી ખરાબ દાનતજ આપણું ખરાબ કરે છે. લખત–પતર નથી કર્યું તેથી શું ? જબાનની કિંમત જ નથી ? મારે તો દુધે ધોઇને પૈસા પાછા આપવા છે, વળી આવા ઉધારના પૈસાથી જાત્રા કેવી ? આપણે સહુ આપણી જાતને ઠગનારા ને આપણા આત્માને લૂંટનારા ઠગ પીંઢારાજ છીએ !'

શામુએ ધીરે ધીરે સુંદરના પૈસા વાળી દીધા. હવે તો સુંદર પાસે ઠીક ઠીક મૂડી થઇ, એણે પોતાના શેઠને કહ્યું : 'રજા આપો તો નાનીશી હાટડી માંડી ધંધો કરું.' શેઠ આવા કામગરા નોકરને રજા આપવા રાજી નહોતા, છતાં સુંદર આગળ વધી સુખી થાય તેમ ઇચ્છતા હતા. એમણે ખુશી થઇને રજા આપી. સાથે એ હજારની રકમ સુધી પોતે ધીરશે તેમ પણ કહ્યું.

૨

સુંદરે તો નાનીશી દુકાન માંડી. દુકાન થઇ એટલે નવરા ને ખાટસવાદિયા ભાઈબંધોને બેસવાનું ઠેકાણું થયું. તેઓએ ત્યાં અડ્ડા નાંખ્યા. હસી ઠઠ્ઠા કર્યા કરે ને કહે : 'યાર, લાવ ચા–પાણી ! કરાવ નાસ્તા–પાણી ! પાન–પટ્ટી તો મંગાવ ! કયાં સુધી મૂંજી રહીશ. ખાનાર–પીનારને ખુદા દઇ રહે છે !'

સુંદરે પહેલાં એમની વાત તરફ મન ન દીધું, પણ પેલા એટલાથી ન સમજ્યા; એટલે એક દહાડો સુંદરે ચોખ્ખી ભાષામાં સંભળાવી દીધું : 'જુઓ ભાઇઓ ! નવરા લોકોને ભગવાન ખવરાવતો હોય તો દુનિયા આખી એદીખાનું બની જાય. વળી ધંધો ધંધાની રીતે ચાલે. હસી ઠઠ્ઠા દુકાન પર સારા નહિ. અહીં તો જુવાન બાઇ માણસ પણ માલ લેવા આવે, માટે મળવું ને ચા–પાણી પીવાં હોય તો રજાના દિવસે ઘેર આવજો.

આમ આ લપ કાઢી, તો વળી ઉધાર માગનારા નીકળી પડયા. સુંદર તો ચોખ્ખાબોલો હતો. એણે સાફ સાફ કહ્યું : 'ઉધારની પ્રથા મેં રાખી જ નથી. એ તો વહાલામાં વેર કરાવે, વકીલોનાં ઘર દેખાડે.'

આમ ઉધાર બંધ, એક ભાવ, માલ–વસ્તુ ચોખ્ખી જબાન મીઠી, એ કારણે સુંદરનો ધંધો ધમધોકાર ચાલવા લાગ્યો. હવે તો એના એકલાથી પહોંચાતું પણ નહિં. એણે સાથી તરીકે કોઇને શોધવા માંડયો. એ વખતે એની નજર નીતિમાન શામુ પર ઠરી. એણે તરત જ શામુને ભાગીદાર બનાવ્યો. શામુ પણ સાચા દિલનો માણસ હતો. પછી ધંધામાં બરકત કેમ ન આવે ?

સુંદર ને શ્યામની દુકાન ધમધોકાર ચાલવા લાગી. ગામ આખું કહે: 'ભાઇ ! માલ સારો ને વિશ્વાસથી લેવો હોય તો 'સુંદર–શ્યામ'ની દુકાને જજો.

તેઓ અનાજથી લઇને હીરા–મોતી સુધીનો વેપાર ખેડવા લાગ્યા. ગઇ કાલનો સુંદર આજે સુંદરદાસ સોદાગર બન્યો. એના નામ પર ફુલ મુકાવા લાગ્યાં. પંચમાં એ, પોળમાં એ, વહીવટમાં એ, લવાદમાં એ, સુંદરદાસ એટલે લોકોને મન શી વાત !

આ વખતે ગામના નગરશેઠ પોતાની પુત્રીને માટે મુરતિયો શોધવા નીકળ્યા. પોતાને પુત્ર નહોતો એટલે બધો દાયજો પુત્રીને આપવાનો હતો. નગરશેઠની નજરમાં સુંદરનો પુત્ર માધુ આવ્યો. દેખાવડો, ભણેલો–ગણેલો, સંસ્કારી ને વિનયી !

નગરશેઠે તો કહેણ મૂકયું. સારા ઘરની કન્યા કોણ ન ઇચ્છે. શુભ ચોઘડિએ સગપણ થયાં. શુભ દિવસે લગ્ન થયાં.


સુંદરનો પુત્ર માધુ પરણીને ઘેર આવ્યો. પદ્મણી જેવી વહુ ઘરમાં આવી. લગ્નમાંય ગજાસંપત પ્રમાણે સુંદરે ખર્ચ કર્યો. ખોટી ફુલમાં ન ગયો, ખોટા ખરચામાં ન ગયો, બે પળની વાહ વાહમાં ન તણાયો.

લોકો તો તમાશાનાં શોખીન જમણ–રમણની રાહ જોઇને બેસનારા. તેઓ કહેવા લાગ્યા કે, સુંદર તો ભારે મખ્ખીચૂસ છે. ન ફુલવાડી રચી. ન દારૂખાનું વછોડયું, ન નાતને જમણ આપ્યાં. ઘઉં–ચોખા ને ખાંડનો કયાં તોટો છે ? પૈસા ખર્ચે દુનિયામા શું નથી મળતું ?

સુંદર કહે : 'આવા સુંદર પ્રસંગે રાજની ચોરી ન થાય, વળી કાળાબજારનું અપવિત્ર અન્ન તમને મહેમાનોને ખવડાવતાં મારો જીવ ચાલતો નથી. પ્રસંગ તો આજે પૂરો થશે, ખાધેલું કાલ ભૂલાઈ જશે, ને પાપ તથા કલંક તો સદાકાળ માથે રહેશે.'

મેં ઉપર કહે એ લોકો જુદા. આ સહુ પીઠ પાછળ બબડવા લાગ્યા. કે નગરશેઠને પાકો મખ્ખીચૂસ વેવાઇ મળ્યો !

નવી વહુ ઘરમાં આવી. લોકોએ એને ખૂબ ભરમાવી દીધેલી. સહિયરોએ કંઇ અવળું-સવળું ભરાવેલું. વહુએ ઘરના આંગણાંમાં પગ મૂકયો કે સુંદર ટીલાળી ગાય ખીલે બાંધેલી જોઇ. સરખી સહિયરો કહે: 'અરેરે ! જોજે ને, તને છાણ વાશીદા-માંથી ઊંચી આવવા દે તો !'



નવી વહુ કહે: 'હશે, ચોખ્ખાં ઘી–દૂધ તો ખાવા મળશે ને !'

આંગણું જોયું તો ચોખ્ખું ફૂલ. રસોડું જોયું તો દીવા જેવું. ઘર જોયું તો ભારે વ્યવસ્થાવાળું. એક કપડું રઝળતું નહી, એકે ઠામ આડું–અવળું નહિ. કાગળ–કચરો કે એઠવાડ કયાંય જોવા ન મળે.

આટલી ઘરમાં સફાઈ, આટલી સુવ્યવસ્થા તોય ઘરમાં નોકર–ચાકર એકે ન મળે !

સખીઓ કહે: 'લખમી, આખો દહાડો તારે વેતરુ કૂટવું પડશે.'

વહુ હતી ડાહી. એણે કહ્યું: 'બહેનો ! ઘરના કામમાં શરમ કેવી ! નોકર તો માંદા માણસોને ત્યાં હોય. જુઓને અમારે ઘેર કેટલા નોકર છે ને છતાં કેટલી અવ્યવસ્થા છે ! મૂકી ચીજ માગી મળે જ નહિ, ધાંટાધાટ થાય, હોહા થાય, ગાળાગાળ થાય, ત્યારે કામ થાય. ઘરનાં બાળકો પર કેવા સંસ્કાર પડે ! બહેન, હૈયું બાળવું એના કરતાં હાથ બાળવા સારા.'

બાધુની વહુ મોટા મનની હતી, નામ પ્રમાણે લખમી હતી.

એણે બીજે દિવસે જોયું તો સહુ કોઈ વહેલાં ઊઠયાં હતાં. નાનાં કે મોટાં બધાંએ પથારી છોડી છે, ને પથારી યોગ્ય સ્થળે મૂકી દીધી છે. સુંદર શેઠ પોતે પણ કામે લાગ્યા છે. કોઇ પરશાળ વાળે છે, કોઇ ચૂલો ફુંકે છે, કોઇ ગાય દોવે છે. નાનાં – મોટાં સહુ વહેંચીને કામ કરે છે.



સુરજ ઊગતાં તો સફાઇનાં કામ પતી ગયાં. વાસી કામ ઊકલી ગયાં. સુંદર કહે: 'વહેલાં ઊઠવું એ કામ કરવાનો મંત્ર છે.'

સહુ નાહી–ધોઇ શિરાવવા બેઠાં. ગામનાં ઘરોમાં રિવાજ એવો વહુને છાશ ને દીકરાને દૂધ.

લખમી વહુએ તો છાશની દોણી હાથમાં લીધી, ત્યાં સુંદર શેઠના વહુ બોલ્યાં: 'લખમી વહુ ! મારો બાધુ લાખનો છે, તો મારા બાધુની વહુ સવા લાખની છે. તમથી અમ સુખ પામશું. વહુ બેટા ! વગર તેડયાં તમે આવ્યાં નથી. દૂધ લો. રોટલા પર તાજું માખણ લો. કામ કરે એને ખાવા તો જોઈએ ને !'

લખમી શરમાઇ ગઇ ! એને લાગ્યું કે મારો સસરો ને સાસુ લાખેણાં માણસ છે. સાચાં શ્રીમંત આ છે. એમનું મન ભર્યું છે. જેનું મન ભર્યું ભર્યું એના કોઠાર ભર્યા ભર્યા ! એની દુનિયા ભરી ભરી ! બાકીતો શ્રીમંત ગરીબનો તો આજે કયાં તોટો છે ! રૂપિયાના ઢગપર બેઠા છે, પણ સુખનું નામ કેવું ?

છતાં લોક એને આડું અવળું ભરમાવ્યા કરે. સંસારમાં પગ નીચેનું બળતું જોનારા ઓછા હોય

છે. તેઓ તો પારકા ઘરને હોલવવા નીકળે છે : જો કે સળગાવનારા પણ એજ હોય છે.



પિયરમાં આખો દહાડો ધમાચકડી રહેતી, ને કામકાજ તો ખાસ કાંઇ હોય નહિં. અહીં તો આટલાં કામ, તોય બપોરે નવરાશ, રાતે વહેલાં સહુ પરવારીને એકઠાં થઇને બેસે. કોઇ રેંટિયો કાંતે, કોઇ નામું માંડે, કોઇ ભજન લલકારે, કોઇ વાર્તા માંડે !

સુંદર દુકાનનું નામું ઘેર લખે. એમ તો નામાનો મહેતાજી રાખેલો. એ નામું ઠામું લખે, પણ પાછું પોતાને જોવાનું તો ખરું. મહેતાના ભરોસે ન ચલાવે, કોઇવાર નામા–ઠામામાં ભૂલ આવે, તો દુકાનેથી ચોપડા ઘેર લાવે. દુકાન તો વખતસર વસ્તી કરવાનીજ, વખતસર માણસોને રજા આપી દેવાની ! સરકારી માણસોની લાચારી કરવી પડે, એવી વાત એને ગમતી નહિ.

સુંદર ઘેર ચોપડા લાવે. રાતના બધા સૂઇ જાય એટલે પોતે બેસે બે આનાની ભૂલ શોધવા ચાર આનાનું તેલ વાપરે. એ કહે ભૂલ એ ભૂલ. બે આનાની ભૂલમાંથી તો બસોનો ગોટાળો નીકળે !

લખમી વહુને આ બધું નવું લાગે. એમને ઘેર તો સહુ ગંજીફા કૂટે, ચા–પાણી પીએ. નોકર નોકરનાં કામ કરે. એટલે નોકર પણ માથાભારે થઇ ગયેલા.


એક દહાડો વહુના હાથમાંથી તેલની બરણી છટકી ગઇ. તેલ જમીન પર ઢોળાયું. જેટલું લેવાયું એટલું લઇ લીધું, છતાં ચોપડને !

સુંદરશેઠ ઘેર જમવા આવ્યા. એમણે જમીન પર તેલ જોયું. તરત પોતાના જોડા કાઢી ચોપડવા બેસી ગયા.

શ્રીમંત ઘરની દીકરીને તો આ જોઇ હાથ જીભ નીકળી ગઇ. અરેરે ! ગમે તેવા સારા તોય લોભીયા તો ખરા ! નહિ તો તેલ જમીન પર ઢોળાયું હોય, તે લૂછીને જોડે ચોપડે ખરા !

લખમી વહુને વળી મનમાં શંકા થઈ; સહુએ ભરમાવી મૂકી તો હતીજ. એ કહે : અરેરે આ સસરો મારા કોડ કેમ પૂરશે ! મારા પિતાએ મને કૂવે તો નથી નાખીને !

બીજે દિવસે એણે પોતાના પિતાને વાત કરી. પિતાએ વેવાઇનું દિલ ખુશ થાય એ માટે દશ હજારનાં મકાન દીકરીના નામ પર ચઢાવી દીધાં. સુંદર તો ભારે ડાહ્યો માણસ હતો. એણે નગરશેઠને કહ્યું : 'મારે ત્યાં જોઇતું બધું છે. તમારી દીકરીને કોઇ વાતે તાણ નહિ રહે. બાકી વેવાઇનો પૈસો તાકનારો હું નથી ! તમે તમારે ધરમ કાર્યમાં વાપરો.



દીકરાની વહુએ વિચાર્યું કે, લાવને સસરાની પરીક્ષા કરું. એક દહાડો એ તો માથુ કૂટવા લાગી. બોકાસે બોકાસાં નાખવા લાગી જાણે હમણાં જીવ નીકળી જશે ! વૈદ–દાક્તર તેડાવ્યા, પણ કંઈ કારી ન ચાલી.

સસરાજી તો ખડે પગે હતા. એમણે પૂછ્યું:

'વહુ બેટા ! આવો માથાનો દુઃખાવો તમને કોઇ વાર થતો ખરો ?'

વહુ કહેઃ 'મારે ઘેર ઘણી વાર થતો.'

'ત્યારે શું કરતાં ?'

'સાચાં મોતી દળીને એનો લેપ કપાળે કરતી.'

સુંદર કહેઃ 'અરર ! વહુ બેટા ! તમે અત્યાર સુધી કાં ન બોલ્યાં ! તીજોરીમાં સાચા મોતીની બે સેરો પડી છે. આ વખતે કામ નહિ આવે તો—ક્યારે આવશે ?'

સસરાજી દોડીને મોતી લાવ્યા. ખાયણી-પરાળ લઇને જ્યાં ખાંડવાની તૈયારી કરે છે, ત્યાં વહુએ કહ્યું: 'સસરાજી, મારૂં માથું ઉતરી ગયું, હવે એની જરૂર નથી !'

ડાહ્યો સસરો હોંશિયાર વહુને પરખી ગયો. એણે કહ્યું :

'વહુ-દીકરા, મારી પરીક્ષા લેતાં હતાં કે ?'

'હા સસરાજી ! મારો અપરાધ માફ કરો.' વહુએ શરમાતાં-શરમાતાં કહ્યું : 'મેં તમને ન ઓળખ્યા. મેં માન્યું કે જમીન પર પડેલું તેલનું ટીપું જોડે ચોપડનારનું મન તે કેવું મૂંજી હશે, પણ આજે તમારી ખરી ઉદારતા જોઇ.'

'વહુ ! મારા ઘરની શોભા ! લક્ષ્મીનો આજ વશીકરણ મંત્ર છે. જરૂર પડયે લાખ ખરચી નાંખીએ, વગર જરૂરે તેલનું ટીપું પણ નકામું જવા ન દઇએ.'

વહુ સમજીને પગે પડી. જેણે જેણે આ વાત સાંભળી એણે લક્ષ્મીના વશીકરણનો સાચો મંત્ર જાણ્યો.

'નીતિકથા'ના સંગ્રહમાંથી


## નવરસ ગ્રંથાવલીના સુંદર પ્રકાશનો

જેની અનેક પત્રોએ તેમજ વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે તે-

**ત્યાગવીર શાલીભદ્ર**

: લેખક :

ચંદુલાલ એમ. શાહ

મૂલ્ય રૂા. ૪-૦-૦ ટપાલખર્ચ જુદું

જેમાં સંસાર જીવનની અનેક સમસ્યાઓ છુપાએલી છે તે :

**ગરીબીનું ગૌરવ**

લેખક : શાંતિકુમાર જ. ભટ્ટ M. A.

સંપાદક : મુંબઈ સમાચાર (સામાહિક)

મૂલ્ય : રૂા. ૪-૮-૦ [ ટપાલ ખર્ચ જુદુ. ]

એકજ મહામોલા નવકારમંત્રે જેને અગ્નિમાંથી બચાવી લીધો તે :

**પુણ્યાત્મા અમરકુમાર** નું જીવન સમજાવતી સુંદર સંસ્કારી નવલકથા

લેખક : ચંદુલાલ એમ. શાહ મુલ્ય રૂા. ૪-૮-૦

: લખો :

નવરસ ગ્રંથાવલિ, : ૨૦, ડીકાસ્ટ્રીટ, મુંબઈ. ૨

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરોડ, ફુવારા સામે, અમદાવાદ.

સોમચંદ ડી. શાહ. પાલીતાણા.

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ડીકા સ્ટ્રીટ, ગોડીજીની ચાલી, મુંબઈ ૨

રવાણી એન્ડ કંપની
બાબુગેનુ રોડ, કાલબાદેવી રોડ, મુંબઇ ૨

# ર જ ક ણ

દેહ પર પ્રેમ કરવાથી સાચો પ્રેમ રહેતો નથી, દેહ જ્યારે રોગ કે અવસ્થાના કારણે કુરૂપ થઇ જશે ત્યારે પ્રેમ નહિ ટકી શકે. આપણે પ્રારંભ દેહથી કરીએ; પણ આપણો પ્રેમ દેહાતીત હોવો જોઇએ. આત્માનાં સૌંદર્યને ઓળખી તેને મળવું જોઇએ.

સ્હામા પાસે માન માગી કે ખરીદી નહિ શકો, એને તમારા પ્રત્યે, તમારામાં રહેલા ગુણો પ્રત્યે આદરભાવ હશે, તો સ્વેચ્છાયે જ માન તમારા તરફ ચાલ્યું આવશે.

અંતરાત્માની સાથે રમત રમવી એના જેવું ભયંકર બીજું કશું નથી, આમ કરતાં માનવી ખરા–ખોટાનો ભેદ પામી શકતો નથી.

શરીરની ગમે તેવી અડીખમ તાકાતને પણ નાનકડાં મનની નિર્બળતા પાછળ પાડી દે છે, માટે મનને બળવાન બનાવતાં શીખો !

એકલા વિચારપ્રધાન અભ્યાસીઓની કાર્યશક્તિ પાંગળી બનતી જાય છે, જ્યારે એકલા કર્મપ્રધાન જડ કાર્યકરો કોમળ લાગણી ગુમાવી બેસે છે.

ભીરૂ કે ડરપોક બનીને સો વરસ જીવવું તેના કરતાં સાધ્યની ખાતર શુદ્ધ બુદ્ધિથી અવસરે ખપી જનારનું જીવન ધન્ય બને છે.

એક દિવસનું આચરણ, સો દિવસના સદુપદેશની ગરજ સારે છે, માટે કહી બતાવવા કરતાં કરીને બતાવો !

જેને કદિયે કોઇના પ્રત્યે શ્રધ્ધા નથી ઉત્પન્ન થતી, તેના કરતાં અન્ય પ્રત્યે શ્રધ્ધા રાખનાર, વિશ્વાસ રાખનારને જીવનમાં ઘણું ઓછું ખોવાપણું છે.

જીવનમાં મોહ પામવાના, ચલિત થવાના પ્રસંગો માનવને ઘણીયે વાર આવે છે, પણ એ અવસરને જેઓ મનના સંયમદ્વારા જીવનને જાળવી જાણે છે, તેઓ જીવનને જીતી વિજયી બને છે, અને ધારેલ માર્ગે જઈ શકે.

દુનિયામાં મ્હોટામાં મ્હોટો આશ્રય જો કોઇ હોય તો તે સ્વાશ્રય છે.

તમે તમારી જાતને સ્હમજી લ્યો, પછી બીજાને સ્હમજતાં વાર નહિ લાગે.

**શ્રી લલિતાબ્હેન ઉત્તમચંદ શાહ:**

❋

જ્યારે તમે કંઇ કરો ત્યારે હંમેશાં આશય શુદ્ધ–સારો રાખો.

આશાવાદી બનો, કદીપણ નિરાશ ન થતાં શક્તિને યોગ્ય માર્ગે દોરવવામાં અશક્ય શકય બને છે.

સરળ અને સ્પષ્ટ વક્તા બનો, તમારા હ્રદયમાં જેલખાનું ન રાખો, પ્રભુ હંમેશાં સરળ હ્રદયના માણસોને મદદ કરે છે.

કોઇપણ વાતનો અહંકાર ન કરો, તમે જે કંઇ જુઓ છો, તે બધું ક્ષણિક છે, તમારા કરતાં પણ વધુ સારા માણસો છે, જેથી વધુ ને વધુ શક્તિ વધારવાનો પ્રયાસ કરો.

કોઇપણ વાતનો ખોટો ડોળ કરો નહિ, તમારા કામને તમારા કર્તવ્યથી બતાવો, નહિ કે શબ્દોથી, થોડું બોલી ઘણું કરી બતાવો.

માનસિક શક્તિના વિકાસનો આધાર બ્રહ્મચર્ય પાળવાના ઉપર રહે છે, જેથી હંમેશા વિચાર, વાણી અને વર્તનમાં સંયમી રહો.

વિકારો અને સ્વાદો ઉપર કાબુ મેળવવા પ્રયત્ન કરો, વિકારોના ગુલામ નહિ બનો પણ તેમને તમારા મજબુત કાબુ નીચે સમજથી રાખો, નિયમિત કાબુની ટેવ રાખવાથી સહજ સાધ્ય થઇ જશે.

જેમ જીવનની જરૂરીઆતો ઓછી તેમ તમે વધુ સુખી થશો, ખર્ચ ઘટે તો પાપ ઘટે, ઓછી જરૂર તેટલી શાંતિ.

**સૌંદર્ય** શોભે છે શીલથી, યૌવન શોભે છે સંયમથી.

**સાદું** જીવન એ ઘણું આનંદી જીવન છે, સદ્‌વિચાર એ સાચી મુડી છે, સદાચાર એ સંપત્તિ છે, ગુણમય મન મહામુડી છે.

**સૌથી** વધારે કિંમતી સમય છે, ગયો અવસર ફેર ના આવે, સમય સમય સાવધાન રહેવા ભગવાન કહેતા.

**મોહ** એ તો છે મેલ મનનો, પ્રેમ એ આત્માની ખુશબો (મધુરતા).

**દરેક** ક્રિયાઓની સાર્થકતા સમજવા રાત-દિન પ્રયત્ન કરીશ, સ્વીકારવા પહેલાં સમજવાનું ચાહીશ.

**મારા** સ્વસ્વભાવ અને પરભાવને પારખવા ખૂબ ખૂબ મથીશ, સ્વભાવ ઘુંટવા, સ્વભાવની ઓળખ કરાવનારનાં ચરણોમાં ઝુકીશ.

**હું** રાત-દિન જ્ઞાનપૂર્વક જાગ્રત રહેવા મથીશ, જ્ઞાનસ્વભાવ સ્હેમજવા જ્ઞાનીના ઉપકારો સંભારીશ.

**ચઢવા** માટે સર્વના દોષો ભૂલી મારા દોષો નીહાળી, દૂર કરવા કટ્ટીબદ્ધ થઇશ, સ્વભણી દ્રષ્ટિ રાખી દોડીશ. **શ્રી.**


**સમેતશીખર વગેરેની યાત્રાએ જતાં આ પુસ્તકને સાથે રાખો.**

**સમેતશીખર યાને જૈન તીર્થભૂમિઓ**

[ ચિત્રોના આલ્બમ સાથે : કિંમત રૂા. ૨-૦-૦ ]

**શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા** ઠે. હેરીસ રોડ, **ભાવનગર.**

## નૂતન પ્રકાશનો મંગાવો !

**પર્યુષણા સ્તવનાદિ :** ૩૨ પેજી ૨૭૨ પેજ મૂલ્ય ૧-૦-૦ ચૈત્યવંદન, પર્યુષણનાં સ્તવન, થાય, સજ્ઝાય વગેરેનો સંગ્રહ છે,

**નિધાન સ્તવનાદિ સંગ્રહ.** : ૧૬ પેજી ૧૩૬ પેજ મૂલ્ય ૧-૦-૦ ચૈત્યવંદનો, થોયો, સ્તવનો અને સંજ્ઝાયોનો સંગ્રહ.

**દેવવંદનમાળા :** મૌન એકાદશીની કથા. ગણણું તથા દેવવંદન ચૈત્રીપુનમના, અને ચોમાસીના. મૂલ્ય ૧-૦-૦

**શ્રી મનોહર મહિમા પૂજા પ્રેમ પુસ્તિકા :** આધુનિક રાગનાં સ્તવનો મૂલ્ય ૦-૫-૦

બીજાં પુસ્તકો માટે નીચેના સ્થળે પૂછાવો.

**નાગરદાસ પ્રાગજીભાઈ**

ઠે, દોશીવાડાની પોળ **અમદાવાદ**

## જૈન સંસ્કૃતિ અને ચાંદીજડીત

### લાકડાની કારીગરી

•

**આપણાં** મંદિરોમાં ચાંદીના રથ, સિંહાસન, બાજોઠ, ભંડાર, પારણાં, માતાનાં સ્વપ્નાં, સમવસરણ, પાલખી, વગેરે ઘણી વસ્તુઓનું શાસ્ત્રીયને મોટું મહત્વ છે.

અને એટલે જ સહુ કોઇ શાસ્ત્રીય અને કલાપૂર્ણ કારીગરી માટે હમારે ત્યાં પધારે છે.

તમે પણ તમારી મંદિર ઉપયોગી જરૂરીયાત માટે આજે જ પૂછાવો. સંતોષકારક જવાબ મળશે.

સૌ કોઈનું જાણીતું સ્થળ:-

**મીસ્ત્રી ચીમનલાલ અંબાલાલ એન્ડ કું.**

હીરાબાગ, ખત્તરગલી. સી. પી. ટેન્ક. મુંબઇ. ૪

# પુણ્યાત્મા શાલિભદ્ર...........શ્રી. સુંદરલાલ ચુનીલાલ શાહ. M. A.

'બેટા શાલિ! નીચે આવોને, શ્રેણિક આવ્યા છે.'

'માતાજી પધારો! આપે જાતે શા માટે તસ્દી લીધી? સેવકદ્વારા આ સેવકને હુકમ ફરમાવવો હતોને, અને માતાજી! એમાં મને પૂછવાનું પણ શું? ઠીક લાગે તો શ્રેણિક ખરીદી લ્યો અને નંખાવી દો વખારે, સર્વ વાતમાં આપજ પ્રમાણભૂત છો.'

'બેટા! તું તો લાડકોજ રહ્યો. આ નથી ખરીદવાની વસ્તુ, આ તો છે શ્રેણિક તારા, મારા અને સારાયે મગધદેશના માલિક. એમનું તારે સ્વાગત કરવાનું છે.'

એમ છે! માતાજી, આપ પધારો ત્યારે, હું એકદમ જલ્દી આપની પાછળ આવ્યો.'

પણ આ શું? રૂપ સૌંદર્યના ધણી, બત્રીશ કુલવાન રાજરમણીના પ્રેમાળ પતિ, અનુપમ અને અજોડ ઐશ્વર્યના માલિકના મુખ પર ખિન્નતા શી? આછી આછી ચિંતાની રેખાઓ શા માટે પ્રગટી ઉઠી?

મારે માથે રાજા છે, શું કર્મની બલિહારી છે, હું પૂર્ણ સ્વતંત્ર નહિ. હા! પણ આ તો સંસાર છે. સંસારમાં પૂર્ણ સ્વતંત્રતા છેજ કયાં? તો શું કરવું? માથે માલીક યાને રાજા હવે એવો કરવો, કે ભવિષ્યમાં કોઇની પણ પરતંત્રતામાં રહેવું ન પડે.

વિચારવમળમાં ઘેરાએલ, રાજગૃહી નગરીના નૂરસમ શાલિ ધીમા ગંભીર પગલે નીચે ઉતરે છે. રાજા શ્રેણિકનું ભાવભીનું સ્વાગત કરે છે. મગધનો માલીક હર્ષના આવેશમાં બાથ ભીડે છે. ફુલ કરમાય તેમ માખણશી સુંવાળી કાયા પ્રસ્વેદથી ભીંજાય છે. વ્હાલસોય માતાની વિનતિથી વ્હાલભર્યા હૈયે, ઉમળકા સર્યા શબ્દે, એ દેવકુમારને સાતમે માળ વિદાય કરે છે.

એ ભવ્ય મહાલયમાં સ્વાગતની શી કમીના હોય? જયાંના ભૂમિતળ સ્ફટિકનાં! જયાંના દાસ–દાસીઓ પણ વિનયના ભંડાર! સ્નાન ક્રિયા કરતાં રાજાની વીંટી સરકી પડે છે. ખાળનો કુવો ખાલી કરાવાય છે. તેજ–તેજના અંબાર સમા દાગીનાનો ઢગલો થાય છે. ઠીંકરા જેવી દેખાતી રાજાની વીંટી જડી આવે છે, રાજાને પ્રશ્ન થાય છે, કે આ શું? માતા ખુલાસો કરે છે, કે દેવતાઇ ભોગોને ભોગવનાર મારો શાલિ અને બત્રીશ પુત્રવધુઓ રોજ આ અલંકારો ત્યજી નવાજ આભૂષણો ધારણ કરે છે.

ભગવંત મહાવીરનો ભકત, અખંડ શ્રદ્ધાનો સ્વામી શ્રેણિક સદ્‌વિચારની શ્રેણિએ ચઢે છે. શું છે આ પુણ્યના પ્રકર્ષો! શું કમાલ છે શાલિભદ્રની ભોગ અને ઐશ્વર્યની પુણ્યાઇ! મારી રાજસત્તાની પુણ્યાઈ પણ એની આગળ તુચ્છ છે. મહાપ્રભુ મહાવીરે કર્મના વિશાદ સિધ્ધાંતો અહો કેવી મધુરતાથી સમજાવ્યા છે. ભૂરિભૂરિ પ્રણામ હો એ મહાતારક મહા વિભૂતિને! હું ધન્ય છું, કૃત પુણ્ય છું કે મારા નગરમાં આવો અપૂર્વ પુણ્ય ધનનો અખૂટ ભંડાર વસે છે. એની સુરક્ષા અને ખીલવટ માટે મારે શું શું ન કરવું જોઇએ?

માતાજી! ત્રિશલાનંદન વીરની વાણી સમોવસરણમાં સાંભળી. સાકરથી અધિક મીઠી લાગી, મનને અત્યંત રૂચી, આલ્હાદ રસ, વેધક રીતે પેદા થયો.

બેટા! કુલવાન! એ વાતને જરૂર રૂચે. ચોત્રિશ અતિશયોના ધણીની પાંત્રીશ ગુણથી યુક્ત દેશનાના અમૃતવચનો સુભદ્રશેઠના સંસ્કારી બાળકને આલ્હાદ આપેજ.

પણ માતાજી! ઉંડી અસર થઈ છે, સંસાર અસાર લાગે છે, ભોગો તુચ્છ ભાસે

છે, રમણીઓ અરમ્ય લાગે છે, આત્મા પ્રભુ પાસે જવા ઇચ્છે છે, અમે સંયમ પંથે વિચરશું. આપના આશિર્વાદ ઇચ્છું છું.

બેટા શાલિ! તું અને સંયમ, સંયમ અતિ મીઠો આવકારદાયક છે. હું પણ સંયમના ઓવારણાં લઉં, પણ તારાથી સંયમનાં દુઃખ કેમ સહેવાય? પરિષહ અને ઉપસર્ગની હારમાળા. હા! બેટા શાલિ!

માતા મુર્ચ્છિત થાય છે, નીચે પટકાય છે. માતૃભકત શાલિ ગંભીર ચહેરે સ્વસ્થ, ત્યાંનો ત્યાંજ ઉભો રહે છે. જરાએ આગળ ખસતો નથી. યોગ્ય ઉપચારે માતા ભાન મેળવે છે. શાલિને સંસાર મોહથી પરસ્થિત જુએ છે, સમજી જાય છે, સમજુ, શાણી અને સંસ્કારી માતા હ્રદયને કઠણ બનાવે છે. રાજા શ્રેણિકને મહાલયે દીક્ષા–મહોત્સવ માટે રાજચિન્હો લેવા દોડી જાય છે, રાજા શ્રેણિક સ્વમાતા સમ સ્વાગત કરે છે, અને કહે છે, કે અમારા શાલિનો દીક્ષા મહોત્સવ અમે કરશું. આત્મોધ્ધારના પુનિત પંથે સંચરતા શાલિભદ્રને સ્નાન કરાવતા–સુવિશદ ભાવનાને ભાવતા શ્રેણિક સંબોધે છે, "અહો લોઢાના ચણા ચાવવા જેવું અતિવિકટ કાર્ય તેં આરંભ્યું છે. અસિધારા પર ચાલવા જેવું દુષ્કર પ્રયાણ તેં શરૂ કર્યું છે, પણ તું કુલવાન છો, શ્રદ્ધાવાન છો, ધૈર્યવાન છો, મહા પુણ્યશાળી છો, તું જરૂર સંયમને દીપાવીશ, કુળને ઉજાળીશ, આત્માને તારીશ, અન્યોને ઉદ્ધારીશ, પરિષહ અને ઉપસર્ગોની સેનાને મહાત કરીશ, ચૌદ રાજની ઉપર રહેલ સિદ્ધશિલાને શોભાવીશ, અનેકોનો પ્રેરણા મંત્ર બનીશ. ભૂરિ ભૂરિ વંદન હો તને, અને તારક મહાવીર દેવને! કે જેના શાસનમાં આવા દેવતાઇ ભોગોને પણ ક્ષણમાં પુણ્યાત્માઓ ફગાવી શકે છે. તું સાચો ભોગી નીકળ્યો, અમે તો ભોગના કીડા, તારી માતાને ધન્ય છે, તારા પિતાને ધન્ય છે, અને મારી આ નગરીને પણ ધન્ય છે, કે જ્યાં તારા જેવા ચિંતામણિ રત્નનો જન્મ થયો છે.

હશે કાંઇ કમીના એ મહાવૈરાગી પુણ્યાત્માના દીક્ષાના વરઘોડામાં? જેની વ્યવસ્થા દેવપિતા સુભદ્ર શેઠ કરે, જેનો છડીદાર રાજા શ્રેણિક બને, શું શાસનની પ્રભાવના થઇ હશે, કેટકેટલા વૈરાગ્ય પામ્યા હશે? અને કેટલાના હ્રદયમાં સમ્યગ્દર્શનનો વાસ થયો હશે, અને બત્રીસે રમણીઓ સમ્મત થઈ હશે? કુલવાન હતીને? માતાની આજ્ઞા મળ્યા પછી બીજો પ્રશ્નજ ન રહે ને? આ તે પુણ્યાઈ! સુપાત્રદાનનો મહિમા આવોજ હોય ને? કુટુંબ પરિવાર પણ સર્વ વાતમાં સાનુકૂળજ મળે ને? પછી આત્મોદ્ધારમાં આડે આવેજ શાને? શકય હોય તો સાથેજ જાયને? પૂર્વભવમાં ભૂખ્યા પેટે, અત્યંત ક્ષુધાતુરતાના સમયે, મહા–મહેનતે માગીતાગીને તૈયાર કરેલી, માતાએ ભાવથી પીરસેલી ખીર માસખમણના તપસ્વી મહાત્માને પારણે વહોરાવીને, ભાવ કેવો? વિત્ત કેવું? પાત્ર કેવું? અને હર્ષાશ્રુની ધારા કેવી? અતિ ઉત્કટ પરિણામની નિર્મળ અને વિરાટ ધારા કેવી?

આ છે યશોગાથા સુપાત્રદાનના મહિમાની, પુણ્યાનુબંધી પુણ્યના પ્રકર્ષની. જૈનશાસનના શાસ્ત્ર ગ્રંથોમાં સુવર્ણાક્ષરે આલેખાએલી, સનાતન સત્યથી ભરેલી, નાસ્તિક એવા પણ ભવ્યાત્માઓના શીરને ઝુકાવનારી. શત કોટિ વંદન હો એ પુણ્ય–પુરૂષ શ્રીમાન શાલિભદ્રને! અને તેની યશોગાથા જીવંત રાખનાર પૂર્વ મહાપુરૂષોને!

# રામ વનવાસ.......પૂ૦ પન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર.

## પ્રવેશ : ૩ જો :

[ દશરથ મહારાજા દીક્ષા અંગીકાર કરવા ઉત્સુક બન્યા છે, ભરત પણ પિતાજીની સાથે જવા તૈયાર થયા છે. પુત્ર મોહના કારણે મહારાણી કૈકેયી મૂઝવણમાં મૂકાય છે. પતિના સંસારત્યાગ પછી શૂન્ય બનતો સંસાર ભરતપરના રાગથી થોડોઘણો ભર્યો રહેશે, એ કૈકેયીની કલ્પના આજે ભાંગીને ભૂકકો થઈ. આ બાજુ : ભરત મામાના આગ્રહથી પોતાના મોસાળમાં ગયા છે. કૈકેયી કોઈપણ રીતે ભરતને સંસારમાં રાખવા પ્રયત્નો કરે છે. ]

**કૈકેયી :** ( સ્વગત ) સ્વામીનાથ સંસાર ત્યજી જશે. રાજ–પાટનાં સુખોને સાપ જેમ કાંચળીને મૂકે તેમ મૂકીને નીકળી જશે, અને ભરત પણ મને મૂકીને જશે, તો આ સંસારમાં મારૂં કોણ ? ભરત કોઇ–પણ રીતે જો મારી આંખ સ્હામે રહે તો કેવું સારૂ ? હા, હવે યાદ આવ્યું. જો ભરતને આગ્રહ કરી અયોધ્યાની રાજગાદીપર બેસાડવામાં આવે તો...તો જરૂર ભરત સંસારમાં રહે. મહારાજા પોતેજ જો એને રાજ્યસિંહાસન સોંપે તો કેવું સારૂં ? હું સ્વામીનાથની પાસે જાઉં, અને છેલ્લે છેલ્લે મારી એક માંગણી મૂકું.

( મહારાણી કૈકેયી મહારાજા દશરથના આવાસમાં તેઓની પાસે આવે છે, પોતાના હૃદયમાં જે વાત રમી રહી છે, તે મૂકવા પ્રયત્ન કરે છે. )

**કૈકેયી :** સ્વામીનાથ ! આપ અમને આમ નિરાધાર મૂકીને ચાલ્યા જશો. આપની પાછળ ભરત પણ સંયમ સ્વીકારવાને ઉત્સુક બન્યો છે. ખરેખર આ સંસારમાં મારા જેવી અભાગણી કોણ હશે ? જેના પતિ તથા પુત્ર બંન્ને ચાલ્યા જશે. પ્રિય પ્રાણનાથ ! આપની પાસે હું એક વચન માંગવા આવી છું, મારી આ એક છેલ્લી માંગણી આપ અવશ્ય સ્વીકારશો. નિધાનની જેમ અત્યારસુધી આપની પાસે જાળવી રાખેલું મારૂં વરદાન આજે માંગી લેવાનો મારે માટે આ અવસર આવ્યો છે.

**મહારાજા દશરથ :** પ્રિયે ! તમારે જે કાંઇ મારી પાસે માંગવું હોય તે ખુશીથી વિનાસંકોચે માંગો ! તમારી માંગણીને હું જરૂર સ્વીકારીશ. તેમને પૂર્વકાળમાં મેં જે વચન આપ્યું છે, તેને પાળવા તથા તે મુજબ તમારી માંગણીને સ્વીકારવા હું તૈયાર છું, પણ તમારા જેવા સુશીલ તથા સંસ્કારસંપન્ન સ્ત્રીરત્ન પાસે એટલું તો જરૂર ઇચ્છું કે, તમો પતિના કલ્યાણકર સંયમમાર્ગમાં વિઘ્નરૂપ બને એવું તો નહિ જ માંગો !

**કૈકેયી :** ના, સ્વામીનાથ ! આપની પાસે હવે એ વાત કહી શકાય એવું કયાં રહ્યું છે ? આપનું હૃદય આજે અમારા પરથી ઉતરી ગયું છે. સ્નેહ, મમતા કે રાગની ગાંઠ આપે ખરેખર તોડી નાંખી છે. હવે અમારી આજીજી કે વિનંતિથી આ સંસારમાં રહો એ કોઈ રીતે બને તેવું કયાં છે ? પણ કૃપાનાથ ! મારી એક માંગણી આપની પાસે છે. એ કહેતાં જીભ ઉપડતી નથી, હૃદય અપાર મૂંઝવણ અનુભવે છે. છતાં ભરતપ્રત્યેના મારા મોહથી હું આપની પાસે માગું છું કે, આપ અયોધ્યાની રાજગાદીપર આપના હસ્તે ભરતનો રાજ્યાભિષેક કરીને સંયમના કલ્યાણ-કરમાર્ગે પ્રયાણ કરો ! મારી આ એક અંતિમ માંગણીને અવશ્ય માન્ય રાખશો. અત્યારસુધી આપની પાસે મેં કાંઇ માગ્યું નથી, હવે આપ જ્યારે અમને ત્યજીને નીકળો છો, તો મારી આ માંગણી આપની પાસે મૂકું છું. આપ એ અવશ્ય સ્વીકારશો !

**દશરથ મહારાજા:** ( કાંઇક વ્યથિત છતાં ધીરતાપૂર્વક ) સારૂં, તમારી ઈચ્છા પ્રમાણે હું કરીશ. મારે મનતો રામ અને ભરત બંને સરખા છે. મારો રામ આ જાણશે તો કેટ-કેટલો એ આનંદ પામશે ? ભરત દીક્ષા લેવા તૈયાર થયો છે. એ જાણ્યા પછી એને અતિશય દુઃખ થયું હતું. પણ હવે હું ભરતનો અયોધ્યાની ગાદીપર અભિષેક કરૂં છું, એ જાણીને રામ ખૂબ ખુશી થશે. તમારી ઇચ્છાને અનુરૂપ હું ભરતના રાજ્યાભિષેક માટે યોગ્ય વ્યવસ્થા કરીશ. મારે જલ્દી દીક્ષા ગ્રહણ કરવી છે, એટલે હું રામને બોલાવીને બધું નક્કી કરી દઉં.

( કૈકેયીરાણી કાંઇક સ્વસ્થ બને છે. મહારાજાની આજ્ઞા મેળવી તેઓ ત્યાંથી જાય છે. દશરથરાજા રામને બોલાવવા માટે સેવકને મોકલે છે )

**દશરથ મહારાજા :** [ સ્વગત ] ખરેખર સંસારની સ્થિતિ કોઇ વિચિત્ર છે. મારી ભાવના જ્યારે દીક્ષા ગ્રહણ કરવાની થઇ, ત્યારે એક પછી એક નવા નવાં નિમિત્તો ઉભાં થયા કરે છે. હું રામને અયોધ્યાનો રાજભાર સોંપીને નીકળવાની તૈયારી કરૂં છું ત્યાં ભરતની માતા કૈકેયી આમ નવી માંગણી મૂકે છે. પોતાના એકના એક પુત્ર ભરત માટે માતા તરીકે કૈકેયીને મોહના કારણે વધુ આઘાત લાગે, એ સંભવિત છે, પણ ભરતને હું કયાં નથી ઓળખતો ? પોતાના વડિલબંધુ રામને મૂકી, અયોધ્યાના રાજ–સિંહાસનપર એ કદિ બેસે ખરો ? એ ગમે તેમ થાય પણ હવે હું વધુ સમય સુધી આમ સંસારમાં નહિ રહી શકું.

[ એટલામાં પિતાજીના આદેશને પામી, રામચંદ્રજી, મહારાજા દશરથની સેવામાં ઉપસ્થિત થાય છે. મહારાજાનાં ચરણોમાં વંદન કરી, ઉભા રહે છે. ]

**રામચંદ્ર :** પિતાજી ! આપે સેવકને યાદ કર્યો, તો કૃપયા જે કાંઈ આજ્ઞા હોય તે ફરમાવશો !

**દશરથ :** રામ ! આજે તને ખાસ કાર્યને અંગે મેં બોલાવ્યો છે. તને ખબર છે કે, મારો આત્મા સંસારથી વિરક્ત બન્યો છે. સંસારના આ બધાં સુખો હવે મને કોઈરીતે ગમતાં નથી, રાજપાટ ઋદ્ધિસિદ્ધિ આ બધું મને કારાગૃહ જેવું લાગે છે. ફક્ત મારા છેલ્લા કર્તવ્યની ખાતર હવે હું દિવસો ગાળું છું, તને અયોધ્યાના રાજ્યપર સ્થાપીને દીક્ષા સ્વીકારવાની મારી પ્રબલભાવના છે. પણ આજે તારી માતા કૈકેયીએ એક નવી માંગણી મૂકી છે, તે અયોધ્યાના રાજ્યસિંહાસનપર ભરતનો અભિષેક કરીને મારે દીક્ષા ગ્રહણ કરવી.' પ્રિયરામ ! તું જાણે છે, કે હું કૈકેયીની સાથે વચનથી બદ્ધ છું, એટલે મેં તારી માતા કૈકેયીના વચનને કબુલ રાખ્યું છે, અને એ હકીકત તને જણાવવા માટે મેં બોલાવ્યો છે.

**રામચંદ્રજી :** (સ્વસ્થતાપૂર્વક) પિતાજી ! એમાં મને કહેવાનું હોયજ નહિ. આપ જે કાંઇ કરો છો, તે અમારા હિતમાટે છે, એની અમને પરિપૂર્ણ શ્રધ્ધા છે. માતા કૈકેયીને આ માંગણી કરવી પડી છે તેનું કારણ હું જાણું છું. અમને ત્યજીને જશો, આપની પાછળ ભરત પણ સંયમ સ્વીકારવા અધીર બન્યો છે. ભરત કોઇ રીતે સંસારમાં રહી જાય તો ઠીક, એ કારણે તેમણે આપની પાસે આ માંગણી મુકી છે. પૂજ્ય પિતાજી ! આપનાં વચનનું સંપૂર્ણપણે પાલન થાય તે રીતે હું આજથીજ પ્રયત્નમાં રહીશ. આપ નિઃશંક રહેજો ! આપ આજે તો ભરતને રાજ્ય આપવા તૈયાર થયા છો, એમાં મને કશોજ રંચ નથી. ભરત તો મારો ભાઇ છે. પણ આવતી કાલે કદાચ અયોધ્યામાં બે પગે ચાલનાર કોઇ રંકને આ રાજ્ય આપવાને આપ ઇચ્છો તો તે વેળા આપના વચનની ખાતર આપની ચરણરજ હું રામ; એવા રંકની પણ તાબેદારી સ્વીકારવા તૈયાર છું. પિતાજી ! આ બાબતમાં આપે મને કાંઈ જણાવવાનું હોય નહિ. આપની આજ્ઞા એજ મારે મન સર્વસ્વ છે.

**દશરથ મહારાજા :** પ્રિય રામ ! તારો વિનયધર્મ કોઇ અજબ છે, એની મને પૂર્ણ ખાત્રી છે. એ બાબતમાં હું નિઃશંક છું. સંસારના સુખ-વૈભવોની ખાતર મારો રામ વડિલની આમન્યા લોપે, એવી મને સ્વપ્ને પણ કલ્પના નથીજ, રામ અવસરે વડિલોની આજ્ઞા ખાતર રાજપાટ કે ઋધ્ધિસમૃધ્ધિને લાત મારી વનમાં વસવા માટે પણ તૈયાર રહે છે, એ હું સારી રીતે જાણું છું માટેજ તે બાબતમાં મારે ગૌરવ લેવા જેવું છે, કે મારાં સંતાનો આપણા પૂર્વજોના વારસાને ખરેખર દીપાવનારા છે. તારૂં સુવિનીતપણું અદ્ભૂત છે. ભાઇ રામ ! હવે મારી સંસારત્યાગની અભિલાષા સત્વર ફળે તે માટે તું તૈયારી કર !

---


તમારૂં અને તમારા બાળકોનું ભાગ્યકર્મ કેવું છે, તે જાણવા માટે મંગાવોઃ

**જૈન (જ્યોતિષ) નક્ષત્ર શાસ્ત્ર**

કીંમત બે ભાગના બાર આના. પોષ્ટેજ અલગ.

**પ્રેમચંદ મ. મહેતા**

C/O. જશવંતલાલ એન્ડ કું.

૭૧૬/૩ સાકરબજાર **અમદાવાદ.**

# સાધર્મિકભાઈ અને સ્વામિવાત્સલ્ય

શ્રી ઉજમશી જુઠાભાઈ શાહ.

સ્વામિવાત્સલ્યની ભેટ ધરનારના હૈયામાં સાધર્મિક ભાઇ માટે ગરીબ, બિચારો કે રાંક એ શબ્દોનો પ્રયોગ સંભવે ખરો કે ? વળી સાધર્મિક ભાઈ પાસે પૌદ્ગલિક સાધનોની ઉણપ દેખી પોતાની જાતને તેનાથી તે વડેરી કલ્પે ખરો કે ?

જેણે અરિહંતનું શરણું સ્વીકાર્યું છે, અને જેણે જૈનધર્મનો આશરો લીધો છે, એને કઇ વસ્તુની કમીના લાગે ? ભૌતિક વસ્તુની ઉણપ જેને કદી સાલે નહિ, તેવાને બિચારો અને રાંક કહેનાર પોતેજ બિચારો પુરવાર થાયને ? પછી ભલેને તે મોટો ચક્રવર્તિ હોય.

આપણા કૌટુંબિક જનોને પોષતાં આપણા દિલમાં તેમની પ્રત્યે રંક કે નિરાધાર એ જાતનો ક્ષુલ્લક ભાવ જેમ ઉગતો નથી અને જેમ આપણે આપણી ફરજ સમજી તેમના સુખદુઃખમાં એક સરખા ભાગીદાર બનીએ છીએ, તે જ પ્રકારે બલ્કે તેથી અધિક રીતે વિવેકપૂર્વક સાધર્મિક ભાઇ પ્રત્યે આપણો વર્તાવ હોવો જોઇએ.

સાધર્મિક ભાઇ બિચારો, ગરીબ કે રાંક છે, એ ક્ષુદ્ર ભવાથી જો સ્વામિવાત્સલ્ય થાય તો વાસ્તવિક તે સાચું સ્વામિવાત્સલ્ય નથી. તે પ્રકારે કરેલું સ્વામિવાત્સલ્ય સાધર્મિક ભક્તિ રૂપે ફળતું નથી. પરંતુ અનુકંપા દાન રૂપે દાતારને તે ફળે. સ્વામિવાત્સલ્યની ભેટ ધરનાર અને ઝીલનાર ઉભય પાત્રો સુપાત્ર હોય તો સુંદર ફળ નિપજે. જો કે પુણ્યાનુબંધી પુણ્યના યોગ વિના એ ઉભયનો સુયોગ પ્રાપ્ત થવો દુર્લભ છે.

શું ! ધનિકો જ સ્વામિવાત્સલ્ય કરી શકે ? શું ! નિર્ધનો સ્વામિવાત્સલ્ય કરી શકેજ નહિ ? અરે ! જે કોઇ ધારે તે સર્વે સ્વામિવાત્સલ્ય કરી શકે, પણ તે માટે વ્યકિતના દિલમાં સાધર્મિક ભક્તિની દિવ્ય ભાવના અવશ્ય વસેલી હોવી જોઇએ. તન, મન, ધનથી, કરવું, કરાવવું અને અનુમોદવું એમ અનેક પ્રકારે સ્વામિવાત્સલ્ય થાય. જોકે તન, મન અને ધનથી સુવિવેકપૂર્વક કરેલું સ્વામિવાત્સલ્ય એ ઉત્કૃષ્ટ પ્રકારનું સ્વામિવાત્સલ્ય છે, અને જીવનનો તે પણ અનુપમ લ્હાવો છે.

માત્ર ધનથીજ સ્વામિવાત્સલ્ય થાય એ ક્ષુદ્ર વિચારે જ સ્વામિવાત્સલ્યના સ્વરૂપની સાચી ઓળખ આડે આજે રૂકાવટ કરી છે. દાન માત્ર ધનથીજ થાય એવી ખોટી ભ્રમણાઓ, કેટલાંકના મનમાં જેમ લાંબા કાળથી ઘર કરી બેઠી છે, તેમ સ્વામિવાત્સલ્ય પણ ધનથીજ થાય, તેવું માનનારાઓની સંખ્યા જૈન સમાજમાં આજે નાની સુની નથી.

ત્યાગીઓ, જીવોને જે દાન આપે છે, તે દાન વિષે વિચારો તો ખરા ! તેઓ જગતના સર્વે જીવોને અભયદાન આપે છે. અભયદાનથી ઉચ્ચ કોટીનું અન્ય કોઇ દાન છે ખરૂં ? જ્ઞાનનું પણ તેઓ દાન કરે છે, વાસ્તવિક તેમનો ત્યાગ એજ દાન છે.

દિવ્ય ભાવ, ઉલ્લાસ અને સુવિવેકપૂર્વક સ્વામીભાઇનું માત્ર સન્માન કરવાથી જે ઉત્તમ ફલની પ્રાપ્તિ થાય છે, તે પ્રાપ્તિ ઉત્તમ ભાવનાના અભાવને કારણે કરોડો કે અબજોનું ધન વેરવાથી પણ કદાચ શકય ન બને.

કહેવાનો મૂળ આશય એ છે, કે સાધર્મિક ભાઇને બિચારો અને રાંક વર્ણવી એને સહાય કરવાનાં આપણે રણશિંગા ફૂંકીએ ત્યાં આપણે કઇ રીતનો સાધર્મિક ધર્મ સમજ્યા છીએ ? એ પ્રકારે લાખો બલ્કે કરોડોનું ધન વેરી સ્વામિવાત્સલ્ય કરતાં, આપણા હૈયાનાં કયે ખુણે સાધર્મિકભાઇ માટે સ્વામિવાત્સલ્ય ભાવ છૂપાયો છે તે તપાસો તો ખરા !

ભગવાન મહાવીરના આપણે અનુયાયીઓ એકજ પિતાના પુત્રો જેવા છીએ, વાસ્તવમાં સર્વે જૈનો એક પ્રભુના સંતાનો છીએ, માટે કોઇ પણ પ્રકારનો ક્ષુદ્ર વિચાર દિલમાં ધર્યા વિના, અને શક્તિ ગોપવ્યા વિના સુવિવેકપૂર્વક જેનાથી જે પ્રકારે શકય હોય તે પ્રકારે ઉત્કૃષ્ટ ભાવે સ્વામિવાત્સલ્યના ઝરા છલકાવી દો.

અત્રે એક બીના ટાંકવી અસ્થાને નહિ મનાય. કે સાત ક્ષેત્રોમાંનાં સિદાતા કોઇપણ ક્ષેત્રને સહાયરૂપ થવા શ્રાવકોએ જિનઆણાઓને શિરે ચઢાવવી પડશે. એટલે કે આપણે સાચા જૈન બનવું પડશે. અને સુશ્રાવકને શોભે તેવા ગુણોનો શણગાર આપણે હૈયે સદા ધરવો પડશે. માત્ર નાણાં ચૂકવ્યે એ ક્ષેત્રો સિદાતાં નહિ બચાવી શકાય.

સાધ્ય ધર્મના સાધન રૂપ જિન આજ્ઞાઓને જીવનમાં વણ્યાં વિના સાધ્ય ધર્મ નહિ પમાય. સ્વ-આત્મામાં ધર્મ ઉગ્યા વિના ધર્મનું ફલ મુકિત કેમ કરી પ્રાપ્ત થાય ?

માટે જિનેશ્વર કથિત ધર્મમાં શુદ્ધ શ્રદ્ધા કરવી, અને તેને અમલી બનાવવા ભગીરથ પુરુષાર્થ આદરવો. પરમ ઉપકારી વીતરાગ, સર્વજ્ઞ અરિહંત ભગવંતોના ફરમાન મુજબ જીવન ન જીવાતું હોય તેનો પશ્ચાતાપ કરવો. અરિહંત દેવોએ જે મુજબ કીધું છે તે મુજબ જીવન જીવવા જેવું છે, અને જે કાંઇ કહ્યું છે તે સંપૂર્ણ સત્ય છે. એવી શુદ્ધ શ્રદ્ધા કરવી.

જિનવચનમાં જ્યાં શંકા થાય ત્યાં પોતાની અજ્ઞાનતાનું કારણ સમજવું અને તે શંકા નિવારણ માટે સુગુરુનો યોગ સાધવો અને શ્રદ્ધા દૃઢ કરવી.

કાલ અને ક્ષેત્ર અનુસાર વધુ વેગીલો પુરુષાર્થ કદાચ ન નિપજે તો એ ઓછામાં ઓછો સમકિત ટકાવવા જેટલો પુરુષાર્થ તો ભવ્ય જીવોએ અવશ્ય કરવો જોઇએ.

જે જે ધર્માનુષ્ઠાનો છે તે સઘળાં ધર્માનુષ્ઠાનો સમકિત પ્રગટાવી, સમકિત ટકાવી, સંપૂર્ણપણે આત્માના મૂળગુણ પ્રગટ કરવામાં સહાયક બનતાં અનુપમ સાધનો છે.

સાધર્મિક ભાઇ પ્રત્યેની સુવિવેકપૂર્વકની હૃદયમાં ભાવ પરિણતિ એટલે ધર્મ પ્રત્યેનો રાગ, ગુરુવચન પ્રત્યે આદર અને જિનવચન પ્રત્યે શ્રદ્ધા.

જિનવચનમાં સંપૂર્ણપણે શ્રદ્ધા એજ સમકિત. અગાઉ વિચાર્યું તેમ એ સમકિત પ્રાપ્તિના બળે ધર્મક્રિયાઓ અમૃતરૂપે ફળે છે. આત્મામાં હેય, જ્ઞેય અને ઉપાદેયનો સુવિવેક જાગે છે, દિવ્ય ભાવો પ્રગટે છે અને આત્માનો ખરો પુરુષાર્થ ખીલે છે. જે પુરુષાર્થના બળે કર્મોના ચૂરેચૂરા થવા માંડે છે. જેટલો આત્માનો પુરુષાર્થ પ્રબળ તેટલો કર્મથી તે વહેલો મૂકાય છે, અને મુકિતને પામે છે.

---


**जिनमंदिरोके उपयोगी**

**रथ, हाथी, इन्द्रध्वजा, गाडी, पालखी, भंडार पेटी, शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने-चांदीके पतरे (चदर) लगानेवाले.**

**चांदीकी आंगीओ और पंचधातुकी प्रतिमाजी और परिकर बनानेवाले. चांदीका चदर आपके यहां आके लकडे पर लगा देते है.**

**ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज सकते है.**

लीखो या मीलो.

**मिस्त्री व्रिजलाल रामनाथ**

मु. पालीताणा [सौराष्ट्र]

ता. कः—मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते हे.

**નકલી ઠંડા પીણાં બંધ કરો!**
**સાચી શીતળતા અને**
**તાજગી લાવનાર.**

*

**લક્ષ્મી છાપ**
**સત ઈસબગુલ**
**વાપરો**

*

**અળાઈ અને ગરમી સામે સંરક્ષણ**

*

વિક્રેતાઓ:—
**નવજીવન ઔષધ ભંડાર—જુનાગઢ**
**મહેતા મેડીકલ સ્ટોર્સ-ભાવનગર**
**કચ્છી મેડીકલ સ્ટોર-પાલીતાણા**

## ભાવનું મૂલ્ય........ ડૉકટર વલ્લભદાસ નેણશીભાઈ.

Never look to the quantity of your actions, but pay particular attention to the quality thereof.

આપણે કેટલું કર્યું તેજ જોનારા છીએ પણ કેવું કર્યું તે જોવાની ખાસ જરૂર છે. આખા જીવનમાં પ્રભુ ભક્તિમાં એક વખત વીર્યોલ્લાસ થઈ જાય તો પણ ભવની ભાવઠ ભાંગી જાય. તેવીજ રીતે આવશ્યક ક્રિયામાં વિચારણાને પરિણામે બરાબર પશ્ચાતાપ થાય કે પૌષધમાં અપૂર્વ ભાવશુદ્ધિ થઇ સમતા પ્રાપ્ત થાય, તો આપણું કામ થઇ જાય, અને તેવી સ્થિતિ પ્રાપ્ત કરાવવા માટેનો સર્વ શાસ્ત્રકારોનો પ્રયાસ છે, આથી ઉલટું જો શુદ્ધિની અપેક્ષા વગર બહુ બહુ ક્રિયાઓ કરવામાં આવતી હોય પણ શુદ્ધતા જરાપણ ન હોય, અને ઉલટી અશુદ્ધતા દાખલ થતી હોય તો ફળની પ્રાપ્તિ થતી નથી. જે હેતુથી ક્રિયા કરવામાં આવે છે, તે હેતુ જળવાતો નથી અને કદાચ અલ્પ લાભ થાય છે તો તે રૂપીયે એક બદામ જેટલો થાય છે. "થોડું કર પણ બરાબર કર" એ સૂત્ર ખાસ લક્ષ્યમાં રાખવાનું છે.

એક નાનો દીવો પણ અંધકારને હણી નાંખે છે, અમૃતનું એક ટીપું પણ અનેક રોગોનો નાશ કરે છે, અને અગ્નિની એક ચીનગારી પણ ખડના મોટા ઢગલાને ભસ્મીભૂત કરી નાંખે છે તેવીજ રીતે જો ધર્મનો અંશ પણ નિર્મળ હોય તો તે પાપને હણી નાંખે છે.

શુદ્ધિ સાથે ભાવની પણ તેટલીજ જરૂરીયાત છે. ભાવ અને ઉપયોગ વગર સર્વ આવશ્યક ક્રિયાઓ કરતાં, માત્ર કાયકલેશ થશે પણ તેનું ફળ મેળવી શકાશે નહીં.

ભાવ એટલે ચિત્તનો ઉત્સાહ [વીર્યોલ્લાસ] અને ઉપયોગ એટલે સાવધાનતા [તન્મયપણું] ભાવ અને ઉપયોગ વગરની ક્રિયા કરવી એ માત્ર કાયકલેશ છે અને તેના ફળ તદ્દન અલ્પ છે. કહ્યું છે કે :-

ભાવ વિના દાનાદિકા, જાણે અલુણો ધાન;<br>
ભાવ રસાંગ મળ્યે થકે, ત્રુટે કર્મ નિદાન.<br>
મનવિણ મળવો જયું, થાવવો દંત હીણે;<br>
ગુરૂવિણ ભણવો જયું, જમવું જેમ અલુણે;<br>
જસવિણ બહુ જીવી, જીવતે જયું ન સોહે;<br>
તિમ ધરમ ન સોહે, ભાવના જો ન હોવે.

એ ઉપરથી સ્પષ્ટ જણાય છે, કે ભાવ વગરની ધર્મક્રિયા તદ્દન શુષ્ક છે, નકામી છે, જિર્ણ છે, અનનુકરણીય છે, અવિષ્ટ છે, એ મન વગરના મેળા છે અને દાંત વગરના ચાવણાં છે.

ભાવ, એ ધર્મનો દિલોજાન દોસ્તદાર છે, કર્મરૂપ કાષ્ટોને બાળવામાં અગ્નિ સમાન છે, પુણ્ય અન્નમાં ઘી સમાન છે, અને મોક્ષ લક્ષ્મીની કટીમેખલા છે.

# * સંસારના પાપે *

## પૂ. ગુરુદેવશ્રી ભાનુવિજયજી મહારાજના પ્રવચનમાંથી—

સંપાદક : પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ

સંસારનો સ્વભાવ એવો કે, કશું કદીએ પૂરૂં નહિ થવાનું એટલે બધું સદાય બાકી ત્યારે મોક્ષનો સ્વભાવ એવો કે, જ્યાં બધું પુરૂં, એટલે કશું બાકી નહિ. બોલો શું પસંદ છે? સંસારના સ્વભાવનું સાચું જ્ઞાનજ નહિ એટલે જીવની જંજાળનો પાર નહિ. સંસારમાં પુરૂં થાય એમ નથી. કોઇ વાતે પૂર્ણ થાય એમ નથી, એને પૂર્ણ કરવાની તાલાવેલી શું કરાવે છે? સ્વાર્થનાં કામ કે પરમાર્થનાં? દેવ, ગુરુ, ધર્મની સેવા કે જડની? કુસંસ્કાર કે સુસંસ્કાર?

વેરનો બદલો, માનની ધગસ, માયાની લાલસા ને લોભનો વેગ કદીએ પૂર્ણ થાય? ને એ પૂર્ણ કરવાની મોટી ધાંધલે સતી સ્ત્રીને રઝળતી કરી! પુણ્યે સ્થિતિ ફેરવી નાંખી એટલે અમરકુમારને સુરસુંદરીના પગ ઘસવા બેસવું પડયું?

સ્વાર્થ એ ચીજ કેવી છે? "મારી બધી વાત પૂર્ણ થવી જોઇએ" સ્વાર્થી સંસાર શું કરે? પોતાને જરાક ઉની વરાળની આંચ પણ આવી હોય તે યાદ કરાવે, ને જગત ભલે આખું દાવાનળમાં બળી જતું હોય! તો તેની પરવા નહિ.

આ સંસારની અંદર પુણ્યના યોગે અલ્પ કે મોટી શક્તિ કે સગવડ મલે એના પર છકેલ બનવાની જરૂર નથી. પુણ્ય હોય તો સાત કોટીમાંથી પણ રાજ્ય લઇ શકાય, ને પુણ્ય ન હોય તો પલવારમાં છ ખંડ લૂંટાઇ જાય! એવા પુણ્યના બહુ વિશ્વાસ શા કરવા? તેવા વિશ્વાસમાં બેઠા છીએ તેથીજ ધર્મમાં પ્રમાદ થાય છે.

પુણ્યના વિશ્વાસ શું કરાવે? મારી એકલાની જાત આગળ લાવવા માટે અનેકને પાછા પાડવા પડે તો વાંધો નહિ! પણ ખબર નથી કે, આ પુણ્ય કયાં સુધી ટકશે? ત્યાગી શાના બનવાનું? પુણ્ય આપે કે ન આપે તે સર્વનાઃ વીતરાગના શાસનનો ત્યાગી શાનો? મળેલાનો, અને નહિ મળ્યાની આશાનોને? પુણ્યના કારમા વિશ્વાસે પંડિતોને મૂર્ખ બનાવ્યા! ધનવાનોને કંગાલભિખારી બનાવ્યા.

सोऽहं ॐ अर्हं

અખંડ આત્મ સાધના

## साध्य

સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર

## साधन

અહિંસા—સંયમ—તપ

## साधना

અખંડ આનંદ—અભેદ પ્રેમ—નિર્વિકલ્પ શાંતિ

## सिद्धि

ૐ શાંતિ:

| ઉપશમ | ઉપયોગ |
| --- | --- |
| હર્ષ–શોકનો ત્યાગ, | ૐ સત્ ચિદાનંદ સ્વરૂપ. |
| રાગ–દ્વેષનો ત્યાગ, | ૐ અર્હં વીતરાગ સ્વરૂપ. |
| સંકલ્પ-વિકલ્પનો ત્યાગ, | ૐ નિર્વિકલ્પ શાંતિ સ્વરૂપ |

## ઉદાસીન

પરભાવ, પરદ્રવ્યત્યાગ, વિષય–કષાયત્યાગ.

ૐ અપ્રમત યોગ.

શ્રી અમરચંદ માવજી શાહ.

## ચાલો મિત્રો ! આપણે વાંચીએ !

દોસ્તો ! 'બાલજગત' માટેની તમારી મમતા કોઇ અજબ છે, ટપાલોના થોકડાઓ તમારા તરફથી અમને દરમહિને મળ્યા જ કરે છે, તમારા લેખોમાંથી વ્યવસ્થિત કરી પ્રગટ કરવામાં અમને મહેનત જરૂર રહે છે, છતાં તમે જે કાળજીપૂર્વક લેખો લખો છો, અને તે માટે ખંત રાખો છો, એ આનંદનો વિષય છે. મિત્રો ! અમારી પાસે જે લેખો આવ્યા છે, તે ક્રમશઃ અહિં પ્રગટ થતા રહેશે, તે વિષે તમે નિશ્ચિંત રહેજો.

પ્યારા બંધુઓ ! હવે રજાના દિવસો પૂરા થવા આવશે. સ્કુલો, હાઇસ્કુલો ઉઘડવાની તૈયારી છે, અત્યાર સુધી ખૂબ લ્હેર કરી, હવે ભણવાના દિવસો આવ્યા, તમને નિશાળે જતાં કંટાળો આવે છે ખરો ? બાલ્યકાળ ભણવાનો કાળ કહેવાય, આ અવસ્થામાં જો તમે કાળજીપૂર્વક ભણશો નહિ, તો પછી જીંદગીમાં ઠેઠ સુધી અભણજ રહેવાશે, માટે ભણવાથી કંટાળતા નહિ, ખંતપૂર્વક અભ્યાસ કરવો, તેમજ ધાર્મિક પાઠશાળામાં પણ ધર્મનું ભણવા તમારે દરરોજ જવું જોઇએ, એ ભૂલતા નહિ.

બાલ દોસ્તો ! 'એ શું કરે ?' ના જવાબો અમારા પર આવી રહ્યા છે, તેમાં અમે પાંચના જવાબો શ્રેષ્ઠ તરીકે સ્વીકાર્યા છે, એ બધામાં સર્વશ્રેષ્ઠ તરીકે ભાઇ જગદીશચંદ્ર અમૃતલાલ મહેતા, વિજાપુર, વર્ષ; ૧૯'નો જવાબ પસંદ કર્યો છે, જે આ અંકમાં પ્રસિધ્ધ કર્યો છે, તેમને રૂા. ચારનું પુસ્તક અથવા તો બાર મહિના સુધી 'કલ્યાણ'નો અંક ફ્રી-ભેટ મોકલાવાશે. બીજા લેખકોમાં શા. છોટાલાલ લખમશી દોઢીયા, ચંદ્રકાંત ભોગીલાલ શાહ-ખંભાત. કીર્તિકુમાર લલ્લુભાઇ ઝવેરી-મુંબઇ તથા પ્રાણજીવન રતનશી શેઠીઆ-ગોરેગામ. આ ચારના જવાબો પણ સારા છે, અવસરે તે અમે પ્રસિધ્ધ કરીશું, આ ચારેયમાં ભાઇ ચંદ્રકાંતને ૨॥ રૂપીયાનાં પુસ્તકો અથવા છ મહિના સુધી 'કલ્યાણ' ફ્રી મોકલાવાશે. તેમજ બીજા ત્રણ લેખકોને દોઢ-દોઢ રૂપીયાનાં પુસ્તકો મોકલાવાશે. તેઓએ એક કાર્ડ લખીને અમને સીરનામું પૂરેપુરૂં જણાવવું.

તદુપરાંત 'એ શું કરે ?' ના વિભાગમાં આ વેળા ભાઈ શાંતિલાલ શાહે એક નવો કોયડો મોકલ્યો છે. તો તમો બધા એનો જવાબ અવસરે લખી મોકલશો જવાબ ટૂંકો, તેમજ મુદ્દાસરનો હોવો જોઇએ, જેનો જવાબ સંતોષકારક હશે, તેને પહેલું ઇનામ રૂા. ૫) નું મળશે બીજું ઈનામ રૂા. ૩) તથા ત્રીજું ઇનામ રૂા. ૨) નું; એકથી વધારે હશે તો તેટલી કિંમતના ભાગે આવતાં પુસ્તકો મોકલાવાશે.

બંધુઓ ! 'કથા-વાર્તા વિશેષાંકના લેખકોમાં 'બાલજગત'ના લેખકોની વાર્તાઓ માટે જે પારિતોષિક આપવાનું ઠરાવ્યું હતું, તે નીચે મુજબ ઈનામો વ્હેંચવાનું નકકી થયું છે.

રૂા. ૫) કિશોરકાંત ગાંધી-લીંબડી. 'બદલો' નામની વાર્તા માટે. રૂા. ૩) સુરજમલ એસ.

જૈન, 'આજે આવા ન્યાયાધીશો જોઇએ છે' નામની વાર્તા માટે. રૂા. ૩) લીલાવતી સી. શાહ ખંભાત, 'લગ્નની ભેટ' વાર્તા માટે. રૂા. ૨) રજનીકાંત વોરા–પુના, 'અમરકુમાર' વાર્તા માટે. રૂા. ૨) ગુણવંતકુમાર–માટુંગા 'રાંધ્યા પછીનું ડહાપણ' વાર્તા માટે. રૂા. ૨) અરૂણા આર. શાહ–નિપાણી, સુવાસિત કુસુમો' માટે. રૂા. ૨) જવાનમલ પુલચંદ 'પ્રતિજ્ઞા પાલન' વાર્તા માટે. રૂા. ૨) બાબુલાલ રતિલાલ દોશી, 'નવકાર મંત્રનો પ્રભાવ' વાર્તા માટે. આ રીતે રૂા. ૨૧) પારિતોષિકની વ્હેંચણી કરવામાં આવી છે, જેને ઇનામો મળ્યાં છે, તેમણે પોતાના નામ–સીરનામા માટે એક કાર્ડ અમારા પર લખી પારિતોષિકો મંગાવી લેવા વિનંતિ છે, નહિતર મોકલવામાં વિલંબ થવો સંભવિત છે.

બાળદોસ્તો ! હવેથી 'કલ્યાણ'ના 'બાલજગત' માટે જેની જેની વાર્તાઓ, પ્રસંગચિત્રો, પ્રવાસવર્ણનો કે ઐતિહાસિક કથાઓ આવશે, તે તે લેખકોની કૃતિઓ પ્રગટ થયા પછી, વર્ષની આખરે 'બાલજગત'માં સારી કથા–વાર્તાના લેખક તરીકે તેને પહેલું ઇનામ રૂા. ૧૫) નું, બીજું ઈનામ રૂા. ૧૧, અને ત્રીજું ઈનામ રૂા. ૮, આ રીતે લેખકો વચ્ચે અપાશે, આ માટે તમે તમારી બુધ્ધિ–શક્તિ મુજબ સારૂં સારૂં લખાણુ તમારી મેળે તૈયાર કરીને મોકલો. યાદ રાખો કે, લેખો મોકલતી વખતે તમારૂં નામ, અભ્યાસ તથા વય પણ અવશ્ય લખી મોકલશો, જેથી તમારાં લખાણુને પસંદગી આપવા પહેલાં તમારી વય ધ્યાનમાં લેવાય.

બાલકિશોરો ! આજથી 'કલ્યાણના બાલજગત'માં પત્ર–મિત્ર વિભાગનાં નામો પ્રસિદ્ધ કરતા રહીશું, તેમાં નંબર પણ પ્રગટ થશે, તેની નોંધ રાખશો, મિત્રમંડળ જે 'કલમ કે દોસ્તો'ના નામથી ઓળખાશે, તેને વિશાળ કરવાની વિચારણા અમે કરીએ છીએ, અને સભ્ય ફી નામની રાખીને 'કલ્યાણ'ના 'કલમ કે દોસ્તો'નું ખાસ મંડળ સ્થાપવા ઇચ્છીએ છીએ, તો તમે તમારૂં નામ, ઠેકાણું, અભ્યાસ, શોખ વગેરે અમને જલ્દી લખી મોકલો, સભ્ય ફી તથા સભ્યને મળતા લાભો વગેરેની યોજના આગામી અંકે રજૂ કરીશું, મિત્રો ! હવે આપણે આવતા મહિને મળીશું, લો ત્યારે નમસ્તે !

સં૦ બાલજગત:

## ક લ મ કે દો સ્તો

**(૧) શાંતિલાલ ચંદુલાલ શાહ** C/O ચંદુલાલ ફીલાભાઇ શાહ. મુ. અભોળ. તા. પાદરા. પો. માસરરોડ. વય–૧૭ વર્ષ. શોખ–સાહિત્ય વાંચન. અભ્યાસઃ અંગ્રેજી ધોરણ ૭ મું. ભાષા :– ઈંગ્લીશ, ગુજરાતી, સંસ્કૃત, હિંદી, ધાર્મિકઃ પંચ–પ્રતિક્રમણ.

**(૨) પ્રવીણચંદ્ર ટી. મહેતા,** પો. બો. નં. ૫૯. મુ. ગદારફ એ. ઇ. સુદાન P. O. Box N. 59, Gedaref (A. E. Sudan)

શોખ : વાંચન, ધાર્મિક ચર્ચા, રાજદ્વારી વાતાવરણ, પ્રવાસ, વય : ૨૧ વર્ષ.

**(૩) છોટાલાલ લખમશી દોઢીઆ** વય : ૧૬ વર્ષ. ધાર્મિકઃ બે પ્રતિક્રમણ પૂરા, પ્રારંભિક પરીક્ષા પાસ. સ્કુલ ૬ ઠ્ઠી અંગ્રેજી. મુ. કટારીયા.

**(૪) વનેચંદ પોપટલાલ મહેતા.** લાકડીયાવાળા ઠે. કટારીયા જૈન બોર્ડીંગ. અભ્યાસ-ઈંગ્લીશ ધોરણ ૪ થું. ધાર્મિક અભ્યાસ બે પ્રતિક્રમણ. શોખ–સરનામાં સંગ્રહ, ટીકીટ સંગ્રહ, સાહિત્ય વાંચન.

**(૫) જગદીશચંદ્ર અમૃતલાલ મહેતા** C/O મહેતા અમૃતલાલ હકમચંદ ઠે. દોશીવાડો. મુ. વિજાપુર (ઉ. ગુજરાત) વય : ૧૭ વર્ષ. અભ્યાસ–

ધોરણ ૧૧ મું : શોખ–અભ્યાસ, મુસાફરી, તત્ત્વજ્ઞાનનાં ગ્રન્થોનું વાંચન. પત્રમિત્રો બનાવવાનો.

( ૬ ) **ગુણવંતકુમાર ચીમનલાલ શાહ** C/o શાહ ચીમનલાલ મોહનલાલ, ઠે. જામેજમશેદ રોડ, પ્લોટ નં. ૫૭૮ ૧ લે માળે રૂમ નં. ૫ (જી. આઇ. પી) અભ્યાસ–ગુજરાતી ૭ મું ધોરણ. ધાર્મિક: બે પ્રતિક્રમણ મૂળ, શોખ–વિવિધ પ્રકારનું સાહિત્ય વાંચવાનો, ક્રિકેટ રમતનો. વય ૧૧ વર્ષ.

( ૭ ) **રમેશચંદ્ર મણીલાલ ગાંધી** C/o ઝવેરી વી. આર હાઇસ્કુલ—વિજાપુર ( ઉ. ગૂ ) શોખ : રાજદ્વારી પ્રવૃત્તિઓમાં રસ, પ્રવાસ, અભ્યાસ: ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ. વય : ૧૭ વર્ષ.

## તમારા જવાબો નોંધી લો :—

**ભાઇ નવીનચંદ્ર રતિલાલ** વઢવાણ—તમારી બે વાર્તા, ફોટાઓ તથા ટુચકાઓ મળ્યા છે. વાર્તા આગામી અંકમાં લેવાશે. ફોટા બરાબર નથી, ટુચકાઓના જવાબ અમારી જાણ માટે મોકલવા.

**ભાઇ જગદીશચંદ્ર મહેતા**–'એ શું કરે ?' નો તમારો જવાબ સર્વશ્રેષ્ઠ છે, તમારો તે જવાબ આ અંકમાં પ્રસિદ્ધ થયો છે. પત્રમિત્ર વિભાગ માટે તમારી લાગણી પ્રશંસનીય છે. એ રીતે પત્રમિત્રના સભ્યો કરતા રહેવું.

**રમણિકલાલ કે. ગાંધી**—તમારા લખાણોને સ્થાન મળશે. આ પ્રમાણે ટૂંકા લખાણો મોકલતા રહેવું.

**મહેન્દ્ર શાહ મદ્રાસ**—તમારી લાગણી માટે આનંદ 'પટ'નો પટ વિસ્તાર મળ્યો, આવાં બીજાં લખાણો મોકલતા રહેવું.

**વનેચંદ પોપટલાલ મહેતા**—સેવા વિષેનો લેખ મળ્યો. બરાબર નથી તમે કોઇ સારાં પુસ્તકોમાંથી ચૂંટીને સારૂં સાહિત્ય મોકલો, સાથે તે તે પુસ્તકનું નામ લખવું. તમે મોકલેલ બોધવચનો અવસરે પ્રસિદ્ધ થશે.

**પ્રેમચંદ એમ. ગાંધી**—'ઇર્ષ્યા' વાર્તા મળી બરાબર નથી. બીજી કોઇ સારી વાર્તા મોકલવી.

**દોશી ત્રિકમલાલ** તથા **દોશી બાબુભાઇ** 'પ્રતિજ્ઞા પાલન' વાર્તા મળી. ઘણી લાંબી છે, અવસરે પ્રગટ થશે.

**ભાઈ હર્ષદ** તથા **પ્રવીણ**–વેજલપુર—'નિયમનો મહિમા' વાર્તા મળી. આગામી અંકમાં પ્રગટ થશે.

**હિરાલાલ મહેતા**—બોટેલી-ગુજરાતી કાવ્ય મળ્યું પણ 'કલ્યાણ' માસિકમાં ખાસ કાવ્ય સિવાય સ્થાન અપાતું નથી. નાનોશો લેખ લખી મોકલવો.

**ધીરજ એ. શાહ**—વાપી. બિરબલની ચતુરાઈ વગેરે મળ્યું, એમાં ચતુરાઇ જ અવસરે પ્રગટ થશે.

**શાંતિલાલ એફ શાહ**—કડી. આબુના પ્રવાસનું વર્ણન મળ્યું છે. ટૂંકાવી અવસરે પ્રગટ કરીશું.

## 'એ શું કરે' નો જવાબ;

### શાંતિએ આમ કરવું જોઇએ.

રમણ અને શાંતિ બંન્નેને માસ્તર સાથે ટયુશન આપે છે, જેના પૈસા રમણના પિતા આપે છે. શાંતિના ઘરમાં પણ રમણના પિતાનું ચલણ છે અને તે તેનો જીગરજાન દોસ્ત છે.

રમણ ભૂગોળ અને ગણિતમાં કાચો–નબળો છે, તેમજ તેના વર્ગના પરીક્ષક પણ કડક છે. આથી તેને પરીક્ષામાં ઉપરોક્ત બે વિષયોના જવાબ રમણને શાંતિએ લખાવવા એ બદલ શાંતિને રમણના પિતાએ, તેના પિતાએ, તેમજ ટયુશન આપવા આવતા શિક્ષકે પણ કહ્યું છે. રમણના પિતા શાંતિના આશ્રયદાતા છે એટલે તેમની આજ્ઞા લોપાય નહિ, તેમજ તેના પિતાની અને શિક્ષકની સૂચનાની પણ અવગણના ન કરાય.

શાંતિ પોતે ઉદ્યમી, પ્રમાણિક અને હોંશિયાર વિદ્યાર્થી છે એટલે પરીક્ષામાં રમણને જવાબ લખાવવાનું અયોગ્ય કાર્ય કરતાં તેનું દિલ–આત્મા સહેજે ના પાડે, અને કોઇની આજ્ઞાની પણ અવગણના કરાય નહિ, તેના માટે છેવટનો એક ઉપાય છે તેણે રમણને ખાનગીમાં બોલાવીને કહી દેવું જોઇએ કે, "ભાઇ, હું તને પરીક્ષામાં જવાબ લખાવવાનું અપ્રમાણિક અને અનૈતિક કાર્ય કરી શકીશ નહિ, તે બદલ મને માફ કરજે. પરંતુ તને હું એક રસ્તો બતાવું, કે જેથી તું મારી સાથે સારા ગુણથી, સારા નંબરે પાસ થઇને, ઉપલા વર્ગમાં ચઢે. તારે આજથી

મારી સાથે બરાબર પદ્ધતિપૂર્વક, સમજીને નિયમીત અભ્યાસ કરવો. આળસ–પ્રમાદને તિલાંજલી આપી દેવી, ન આવડે તો મારી પાસે આવવું કે શિક્ષકને પૂછવું. આ પ્રમાણે નિયમીત અભ્યાસ કરવાથી તું જરૂર પાસ થઇશ, અને તને પરીક્ષામાં જવાબ લખાવવાના અનિષ્ટ કાર્યમાંથી હું મુક્ત થઇશ. તેમજ મારો મિત્ર, મારા કહ્યા પ્રમાણે અભ્યાસ કરીને, પાસ થશે તેથી મને પણ આત્મસંતોષ થશે. તું તારા હૃદયમાં પાસ થવાની દૃઢ આત્મ–શ્રદ્ધા રાખીને અભ્યાસ કર. હું તને મારાથી બનતી પ્રમાણિક મદદ કરીશ" રમણને આ પ્રમાણે કહેવાથી શાંતિ અપ્રમાણિક કાર્યમાંથી મુક્ત થાય અને રમણ પણ પાસ થાય.

જો હું શાંતિની જગ્યાએ હોઉં તો રમણને બોલાવીને ઉપર પ્રમાણે બરાબર સમજાવું. આટલું કહ્યા પછી રમણ ન સમજે એ તો તદ્દન અસંભવિત છે રમણ સમજી જાય અને ઉપર પ્રમાણે કરે એટલે હું–શાંતિ ધર્મસંકટમાંથી મુક્ત થાઉં.

ખરેખર, પ્રમાણિક અને ચારિત્રવાન વિદ્યાર્થી તરીકે પણ શાંતિએ ઉપર પ્રમાણે કરવું ઘટે; કારણકે તેનાથી કોઇ વડિલની આજ્ઞા અવગણાય નહિ અને અનિષ્ટ કાર્ય થાય નહિ, એટલે રમણને સમજાવવાથી તેની ફરજનું ભાન કરાવવાથી, અને હિંમત આપવાથી, શાંતિ વિના વિઘ્ને મુક્ત થઈ શકે. અન્યથા નહિ.

**જગદીશચંદ્ર અમૃતલાલ મહેતા : વય–૧૭.**

## મનુએ આમ કરવું જોઇએ.

**મનુ** જ્યારે, તેની બહેનના માટે મોસંબી અને બરફ લઇને આવતો હતો, ત્યારે રસ્તામાં ટોળું જોઇને તે કુતુહલથી પ્રેરાઈને ત્યાં જોવા માટે ગયો–કારણ કે બાળકનો સ્વભાવ એવો છે. તેની પ્રકૃતિમાં દયા–કરુણા તરવરતી હતી. તે દયાળુ અને પરદુઃખભંજન હતો. તે મૂઢમાર ખાધેલા અને બેભાન માણસની તાત્કાલિક સારવાર માટે બરફ તથા મોસંબીના રસની ખાસ જરૂર હતી. તે વખતે તાત્કાલિક મનુ પાસે તે બે વસ્તુઓ તેમજ રૂા. ૧૦) માંથી બાકી વધેલા પૈસા પણ હતા.

દયાળુ મનુ દયાથી પ્રેરાઇને તે વસ્તુઓ તે ઘાયલ માણસને આપવા તૈયાર થાય, પરંતુ ગંભીર માંદગીમાં પટકાઇ પડેલી બહેન યાદ આવતાં તેનું મન તેને તેમ કરતાં રોકે, તે સ્વભાવિક છે. સહેજે તેના મનમાં ગડમથલ થાય. આવા સમયે મનુએ મનને–ચિત્તને સહેજ શાંત પાડવું જોઇએ. શાંતિથી આપવી કે ન આપવી તેના ઉપર વિચાર કરવો જોઇએ.

હવે, મનુ દયાળુ હોવાથી તેનામાં રહેલી દયા તેને તે વસ્તુઓ બેશુદ્ધ મનુષ્યની તાત્કાલિક સારવાર સારૂ આપવા પ્રેરશે–તે પ્રેરાશે અને તે અંતરના–આત્મિક અવાજને વશ થઇને તે વસ્તુઓ તે માણસની સારવાર માટે આપશે અને આપવી જોઇએ.

જો મનુ તે વસ્તુઓ આપે, તો તેને વાંધો નથી કારણકે, તે બેભાન માણસ માટે તે વસ્તુઓની તાત્કાલિક જરૂર હતી, અને તે તેના પાસે હાજર હતી, વળી તેના પાસે રૂા. ૧૦) નોટમાંથી વધેલા બાકીના પૈસા પણ હતા, એટલે તે તેની બહેનના માટે ફરીથી વિના વિલંબે ઉતાવળે બજારમાં જઇને તે વસ્તુઓ લાવી શકે. તે પૈસાદાર હતો એટલે પૈસા ખર્ચાઇ જાય તો ઘેર કોઇનો લઢવાનો ભય નહોતો અને મદદ કરવાથી પોતે આત્મસંતોષ અનુભવશે.

ટુંકાણમાં મનુએ તે વસ્તુઓ, તે મરણતોલ માર ખાધેલા માણસની સારવાર માટે સ્વેચ્છાથી–આનંદપૂર્વક આપી દેવી જોઇએ, અને ઘણીજ ત્વરાથી–ઉતાવળથી ફરીથી બજારમાં જઇને, બાકીના વધેલા પૈસામાંથી મોસંબી તથા બરફ લઇને ઘેર જવું જોઇએ. આ પ્રમાણે કરવાથી તે પોતાની બહેનના તેમજ તે માણસની સારવાર કરી શકશે, અને સાચા દયાળુ માણસ તરીકે તેણે ઉપર જણાવ્યા પ્રમાણે વર્તવું જોઇએ.

જો કદાચ મનુની જગ્યાએ હું હોઉં તો, મોસંબી તથા બરફ તે માણસને ભાનમાં લાવવા માટે–તેની સારવાર માટે સહર્ષ આપી દઉં અને ઉતાવળે પગલે બજારમાં જઇને બીજી મોસંબી તથા બરફ લાવીને જલદીથી ઘેર પહોંચી જાઉં, કારણકે આ પ્રમાણે કરવાથી હું તે માણસની તથા મારી બહેનની તાત્કાલિક સારવારમાં હું મદદરૂપ થઈ પડું, ફક્ત આમ

કરવાથી મને–મનુને સહેજ ખર્ચ થાય. પરંતુ પિતાશ્રી પૈસાદાર હોવાથી તે માટે વાંધો નહિ. આ પૈસાનો સાચો સદુપયોગ છે, જો લક્ષ્મી દયા, દાન કે ધર્મ માટે ન વપરાય–ઉપયોગમાં ન લેવાય તો તે નિરર્થક છે અને સંસ્કૃત સુભાષિતમાં કહ્યા પ્રમાણે તેની ત્રીજી ગતિ થાય છે–નાશ પામે છે.

**જગદીશચંદ્ર અમૃતલાલ મહેતા**

## એ શું કરે ?

**કિશોર** એક શ્રીમંત ગૃહસ્થનો દિકરો છે, પરંતુ કમનશીબે તેની માતા તેને લાડ લડાવવા વધુ જીવી નહિ તેને દશ વર્ષનો જ મૂકીને તેની માતા સ્વર્ગવાસી થઇ, એટલે એના પિતાને ફરી લગ્ન કરવાની ફરજ પડી, એટલે કિશોરને હવેથી અગ્નિ રૂપ કસોટીમાંથી પસાર થવાનો વખત આવ્યો.

લગ્ન પછી એકાદ વર્ષ સાવકી માને રમેશ નામનો પુત્ર થયો ! 'ખલાસ' થઇ રહ્યું, કિશોર પ્રત્યે સાવકી માનો પ્રેમ ઘટવા લાગ્યો, કિશોર અંગ્રેજી ધોરણ ચોથામાં અભ્યાસ કરે છે, જ્યારે રમેશ ભણવામાં બીલકુલ 'ઠ' છે, પરંતુ કિશોર કરતાં રમેશ પ્રત્યે સાવકી માનો પ્રેમ વિશેષ છે, 'ગમે તેવો પણ પોતાનો પુત્ર છે ને ? કિશોરના પિતા 'મુંબઇ' રહે છે કારણકે તેમની ત્યાં પેઢી ચાલતી હોય છે, એટલે તેઓ ઘરની કોઇક વેળા કાળજી લે છે, એટલે કે મહિનામાં એકાદ દિવસ ઘેર આવે છે.

હવે કિશોર ભણવામાં દિવસે દિવસે આગળ વધે છે, ત્યારે સાવકી માના હૃદયમાં અગ્નિની જ્વાળાઓ ભભૂકે છે. તે વિચાર કરે છે, કે જો રમેશ કિશોરની માફક આગળ નહિ વધે તો સમાજમાં એની કિંમત નહિ રહે, તેથી એક દિવસ એકાંતમાં તે કિશોરને ચામાં ઝેર આપવાનો પ્રયત્ન કરે છે. કારણકે કિશોર મૃત્યુ પામે તો ઘરનો વારસદાર રમેશ થાય અને યોગ્ય ઠેકાણે તેનું લગ્ન થઈ જાય પરંતુ 'જેને રામ રાખે તેને કોણ ચાખે' ચાની અંદર ઝેર ભેળવ્યાની વાત કિશોરને માલમ પડી જાય છે !

તો આ પરિસ્થિતિમાં કિશોરે શું કરવું ? તમે સાવકી અને દયાહિન માતાના હાથ નીચે મૂકાયા હો તો તમે શું કરો ?

**શાંતિલાલ ચંદુલાલ શાહ :** વય ૧૭ વર્ષ :
**મુ. અભોળ** (તા. પાદરા)

## કરે તેવું પામે.

પુનાથી આશરે ૫૦ માઇલ દુર પિંપળગામ નામે એક ગામ આવેલું છે, તે ગામની આ સાચી બનેલી ઘટના છે, અને તે ૧૫ થી ૨૦ દિવસ ઉપરજ બનેલી છે.

પિંપળગામમાં એક વાંદરો ૪ થી ૫ ફુટ ઉંચો હતો, તે વાંદરો ખાસ કરીને જ્યાં બધાં માણસો બેઠાં હોય ત્યાંજ તે બેસતો અને આજુબાજુનાં ગામમાં ફરતો હતો.

પિંપળગામના અને આજુબાજુના ગામલોકોને આ વાંદરા પ્રત્યે અનહદ પ્રેમ હતો. અને દરેક ગામના લોકો તેને ખાવા માટે મોસંબી, સંતરાં, શીંગ વગેરે આપતા હતા, અને તે ખાતો પણ હતો.

એકવાર એ વાંદરો પિંપળગામના કોઇક ખેતરના ઝાડ પર બેઠો હતો, ત્યારે ત્યાંથી ચાર પારધીઓ નીકળ્યા. તેમની પાસે તીર હતાં. પારધીઓએ વાંદરાને જોઇને એક તીર માર્યું, તે તીર બરોબર વાંદરાના પેટમાં ખુંચી ગયું, વાંદરાએ પેટમાંથી તીર કાઢીને નીચે ફેંકી દીધું. પારધીઓએ બીજું તીર વાંદરાના પેટમાં માર્યું, વાંદરાએ એ તીર પણ પેટમાંથી કાઢીને નીચે નાંખી દીધું, પણ જ્યારે પારધીઓએ વાંદરાને ત્રીજું તીર મારવા ગયા એ વખતે વાંદરાએ પોતાના બે હાથ જોડી આજીજી કરવા માંડયો, પણ નિષ્ઠુર અને ઘાતકી પારધીઓએ એની આજીજીને જરાએ સાંભળ્યા વગર ત્રીજું બાણ વાંદરાને પેટમાં માર્યું એ બાણ વાગતાંની સાથેજ ઝાડ ઉપર બેઠેલો વાંદરો જમીન ઉપર ઢળી પડતાંની સાથેજ મરણ પામ્યો, પછી ચારે પારધીઓએ એની ખુબ બુરી દશા કરી.

વાંદરાને માર્યો તે દિવસેજ બનવા જોગ કે રાતના ચારે પારધીઓને ઝાડા અને ઉલટી ખુબજ પ્રમાણમાં થયા પછી પારધીઓએ એમના માણસ મારફતે વૈદ તથા ડોકટરને બોલાવ્યા ડોકટરે ચારે

જણને તપાસી ને ઝાડા અને ઉલટી તરતજ મટી જાય એવી દવા ખાવા આપી, પણ પારધીઓને જરાએ સારું ન થયું ને સારૂ થવાને બદલે બીજે દિવસે સાંજના તેઓ મૃત્યુ પામ્યા જ્યાં પાપનો ઘડો ભરાયો હોય ત્યાં ઉપચાર પણ શું કરે ? એવી જાતની વાતો ગામમાં થવા લાગી અને વાવે તેવું લણે ને કરે તેવું પામે તેનો પ્રત્યક્ષ પૂરાવો મલ્યો.

**શ્રી ગુણવંતકુમાર સી. શાહ.**

## હું ચોર

એકવાર હું મારા કાકાને ત્યાં રજાઓ ગાળવા અમદાવાદ ગયો હતો, તે વખતની આ વાત છે. મારા કાકા સાબરમતી કાંઠે એલીસબ્રીજ પાસેના એક મકાનમાં રહેતા હતા. મકાન નાનું પણ સુંદર હતું. મકાનમાં હવા અને પ્રકાશ પુરતા પ્રમાણમાં આવી શકે તે માટે ઠેરઠેર બારી-બારણાં રાખેલાં હતાં. મકાનના મેદાનમાં નાનો સરખો બગીચો, એક કૂવો, પાસેજ બાથરૂમ તથા જાજરૂ પણ હતાં. બીજા માળે પણ જાજરૂ તથા બાથરૂમની વ્યવસ્થા કરી હતી.

એક રાત્રે હું તથા મારા કાકા મોડે સુધી વાતો કરતા બેસી રહ્યા. વખત કેટલો પસાર થઈ ગયો તેની ખબર પડી નહિ. પણ અચાનક મારા કાકાની નજર તેમના ખિસ્સા ઘડિઆળ ઉપર ગઈ, તેમણે વખત જોવા ઘડીઆળ કાઢીતો બાર વાગી ગયા હતા, તેમને મને સુઇ જવા કહ્યું. હું મારી પથારીમાં સુઇ ગયો. પડખેજ મારા કાકાની પથારી હતી. તે પણ સુઇ ગયા.

આશરે બે કલાક પસાર થયા હશે, ત્યારે હું પેશાબ કરવા ઉઠયો. પાસેજ બાથરૂમ હતું, તેમાં પેશાબ કરવા જવાનું હતું. બાથરૂમની આંકડી બહારથી બધ કરેલી હતી. કારણકે બહારથી આવતા પવનને લીધે તે વારંવાર ભટકાયા કરતું હતું. હું આંકડી ઉઘાડીને અંદર પેઠો અને પેશાબ કરવા બેઠો.

એકાએક એક પવનનો સુસવાટો આવ્યો અને બારણું જોરથી ભટકાયું. મેં બેઠાબેઠા જ અંદરથી આંકડી બંધ કરી, કારણ કે જો હું આંકડી બંધ ન કરૂં તો બારણું ફરીથી અફળાય, અને જો વારંવાર ભટકાય તો મારા કાકાની નિદ્રામાં ખલેલ પડે, પણ બન્યું જુદુંજ. જ્યારે હું પેશાબ કરવા ઉઠયો હતો, ત્યારે મારા કાકા અર્ધજાગ્રત અવસ્થામાં સૂતા હતા. તેથી જ્યારે પહેલીવાર બારણું અફળાયું ત્યારે તેઓ એકદમ જાગી ગયા હતા, અને જ્યારે મેં અંદરથી બાથરૂમની આંકડી બંધ કરી ત્યારે તેમને લાગ્યું કે, નક્કી ચોર આવ્યો લાગે છે, તેથી તેમણે બહારથી ધીમેથી આવીને બાથરૂમની બહારની આંકડી બંધ કરી દીધી, અને નોકરને ઉઠાડયો અને પોલીસગેટે ટેલીફોન કર્યો, અને ચોર છટકી ન જાય તે માટે નોકરને ચોકી કરવા કહ્યું.

હું જ્યારે પેશાબ કરીને ઉઠયો અને બારણું ઉઘાડવા પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ. બહારથી મજબૂત રીતે બંધ કરેલું બારણું કઈ રીતે ઉઘડી શકે? હું ગભરાઇ ગયો. શું કરવું તે સૂઝયું નહિ. મેં જોરથી બારણું ખખડાવ્યું અને રાડો પાડી પણ બધું નિષ્ફળ. મારા કાકાને મારૂં કાંઇ સાંભળવાની દરકાર ન હતી? તેઓતો એક ચોરને પકડયાના આનંદમાં હતા. અને બાથરૂમની ખૂબ સાવચેતીથી ચોકી કરી રહ્યા હતા. થોડીવારમાં પોલિસો આવી ગયા. પાડોશીઓ પણ ભેગા થઈ ગયા હતા. ચારે તરફ 'ચોર' 'ચોર'ની બૂમો સંભળાઇ રહી હતી હું ખૂબ ગભરાઇ ગયો હતો. અને અંદર ધ્રૂજતો હતો.

થોડીવાર પછી ફોજદાર સાહેબ બાથરૂમ પાસે આવ્યા. અને બોલ્યા– "કોણ છે અંદર? સાચું બોલી જા, નહિતર ગોળીથી ઉડાવી દઇશ."

હું વધુ મૂંઝાયો. પણ જો જવાબ ન આપુંતો મૂર્ખમાં ખપું–તેથી બધી હિંમત એકઠી કરીને બોલ્યો. "કાકા, એતો હું કિશોર છું. હું ચોર નથી."

મારા કાકા આ વાત માની શકયા નહિ, તેથી તેમને મારી પથારીમાં પડેલ ગોદડા સામે જોયું અને તેમનું મોઢું પડી ગયું. કારણકે તેમણે મારી પથારીના પડેલાં ગોદડાને, હું સુતો છું, એમ માનીને આ જબ્બર સાહસ કરી નાંખ્યું હતું, તેમણે ધીમે રહીને બારણું ઉઘાડયું અને હું બહાર નીકળ્યો. મારા કાકા તો બિચારા ડઘાઇજ ગયા, અને સાથે સાથે ખૂબ શરમાયા. ફોજદાર સાહેબ ગુસ્સે થઇને

ચાલ્યા ગયા. પાડોશીઓ હસી-હસીને થાકી ગયા. મારા કાકા પણ હસી પડ્યા અને બોલ્યા, 'ખોદયો ડુંગર અને નીકળ્યો ઉંદર.

શ્રી કિશોર ગાંધી:

## ચાલાક જોશી.

એક નાનું સરખું ગામ હતું, તે ગામમાં જીવરામ નામનો એક જોશી રહેતો હતો, જીવરામ લોકોનાં જોશ જોઇ પોતાનું ગુજરાન ચલાવતો હતો, એક વખત જીવરામ ફરતો-ફરતો બહાદુરસિંહ રાજાના રાજ્યમાં જઇ ચઢયો.

બહાદુરસિંહે જીવરામ જોશી વિષે અનેક વાતો સાંભળી હતી. તેથી તેણે પોતાનું જોશ જોવડાવવાનું મન થયું, તેથી રાજાએ જીવરામને પોતાના મહેલમાં આવવાનું નિમંત્રણ આપ્યું.

બહાદુરસિંહે જીવરામ જોશીનું માનપૂર્વક મહેલમાં સ્વાગત કર્યું, રાજા બહાદુરસિંહે જોશીને ભૂતકાળના અનેક પ્રશ્નો પૂછ્યા, અને જીવરામે એ પ્રશ્નોના ઉત્તર ખરા આપ્યા, છેવટે રાજાએ જીવરામને પોતાનું મૃત્યુ ક્યારે છે, તે પૂછ્યું, અને જીવરામે રાજાની મૃત્યુતિથિ કહી. જીવરામના જવાબથી બહાદુરસિંહ ગુસ્સે થઇ ગયા, અને મનમાં જીવરામને દેહાંતદંડની શિક્ષા કરવાનો નિર્ણય કર્યો, બહાદુરસિંહે જીવરામને તેના મરણ વિષે પૂછ્યું. જીવરામ સમજી ગયો કે રાજા ગુસ્સે થયા છે, તેથી તેણે ચાલાકીથી જવાબ આપ્યો કે, 'આપ નામદારના મૃત્યુ પહેલાં ત્રણ દિવસ અગાઉ મારૂં મૃત્યુ છે.' તેથી રાજા બહાદુરસિંહે વિચાર કર્યો કે, 'જો આજે જોશીને દેહાંતદંડની શિક્ષા કરીશ તો ત્રણ દિવસ બાદ હું પણ મૃત્યુ પામીશ.' આથી બહાદુરસિંહે જોશીને દેહાંતદંડની શિક્ષાનો નિર્ણય રદ કર્યો. અને જીવરામ જોશી પોતાની ચાલાકીથી બચી ગયો.

શ્રી રમેશચંદ્ર જે. ઝવેરી-મલાડ:

## ઇશ્વરની સાચી સેવા

દરેક આસ્તિક કોઇ એક પરમ આત્માને હૃદયથી પૂજતો હોય છે, તે પરમ આત્માને આપણે ઇશ્વર કે પરમાત્મા એવું નામ આપ્યું. એ પરમ આત્માનું ભકિતભાવથી કરાતું પૂજન, પરમાત્માનું નામ તેમજ તેમના કાર્યો જ બતાવે છે કે તે બ્રહ્માંડના અન્ય જીવો કરતાં ઘણે અંશે ઉચ્ચતર હોવા જોઇએ. વિષયો અને કષાયોની જાળમાં સપડાયેલા અન્ય જીવોની માફક તેમનો આત્મા પરતંત્ર, દુખી, દીન, દુર્બલ, ચિંથરેહાલ કે અપમાનીત નથી. પરંતુ તેની વિરૂદ્ધ સ્વતંત્ર, પરમસુખી, પૂજનીય, જ્ઞાનનો ભંડાર અને જન્મ-મરણથી મુક્ત છે, દુઃખી, અસહાય અને કર્મના દોષથી અપમાનિત થયેલા લોકો બીજાના સુખની ઇર્ષ્યા કરતાં થાકતા નથી. અને વધુમાં ઇશ્વરને અન્યાયી કહી ખોટી રીતે નિંદે છે. પરંતુ તેણે બીજું શું આપ્યું છે તેનો વિચાર કરતા નથી. તેણે આપણને ધર્મ આપ્યો. મોક્ષની કિંમત આંકી બતાવી, તે મેળવવાનો માર્ગ પણ બતાવ્યો, તેમજ આપણી જડ, અસંસ્કારી, પાશવી બુદ્ધિને સંસ્કારિક કરી, યોગ્ય દિશામાં--ધર્મની દિશામાં વાળી. એવા અશરણ શરણને આપણે આપણા પાપકર્મો બદલ ભોગ વા પડતા દુઃખનું મૂળ ગણી એને જ નિંદીયે તે આપણી કેવી માનસિક નબળાઇ ? તે કાંઇ બેન્કર કે હુંડી વટાવનાર નથી કે આપણને સુખ-દુ:ખની આપ-લે કરે.

ફક્ત તેનું પૂજન કે સ્તવન જ આપણા આત્માને ઊંચે નહિં ચઢાવે. શબ્દ પ્રાર્થનાથી ઈશ્વર નહિ ભોળવાય. તેને તો આપણી શુદ્ધ હૃદયની પ્રાર્થનાની આકાંક્ષા છે. "ઇશ્વર પ્રસન્ન થાય છે"—તે વાત તદ્દન ખોટી છે, મેલા દેવો, સંસ્કારીની તો શું પણ જંગલીની પૂજાથી પણ ઘણી વાર પ્રસન્ન થાય છે, જ્યારે ઇશ્વર આપણી સાંસારિક પ્રવૃત્તિઓથી પર છે, તેને પૂજવાનો સાચો માર્ગ દયા, દાન, તપ, સંયમ અને દિલની શુદ્ધિમાં છે, તેણે બતાવેલા માર્ગે પગલાં માંડવા એટલે વિષયો, કષાયો અને સંજ્ઞાઓને ત્યજી ધર્મમાં ઓતપ્રોત રહેવું. આ રીતે વર્તનાર આત્માજ મોક્ષના ઉચ્ચ સ્થાનને પ્રાપ્ત કરી શકે અને તેજ જિનદેવે બતાવેલા માર્ગને સમજનારો-અનુસરનારો ગણાય.

શ્રી નરેન્દ્ર કાંતિલાલ શાહ: વર્ષ: ૧૭- મુંબઈ.

## જ્ઞાનગમ્મત

BD K Cગારેટ PV જોEA નહિ.

Aક ઝાડ ઉપર કોયલ રહી હતી. Aક વખત કV ત્યાં ગયા હતા. તેમણે કોયલને Aક અવાJ બોલT સાંભળી. તેથી તેઓ ઉંચી નજર કરી જોE રહ્યા. Aટલામાં V૪ આવ્યો K A કોયલ KV રીતે ગાય છે? કVA તે સાંભળ્યું. પછી કોયલ JV રીતે ગાતી હT તેV રીતે કV ગાવા લાગ્યા. કોયલને Aવું ગમ્યું નહિ, તેથી તે નાC ગE ત્યારપછી કV ઘેર જતા હતા, Aવામાં રસ્તે Aક ગામDયો મળ્યો. તેણે કVને કહ્યું, K તમારે BD PV છે? ત્યારે કVA કહ્યું, K ભાE હું BD Pતો નથી. કારણK તેનાથી આપણા શરીરને નુકશાન થાય છે. ગામDયાને કVની Cખામણ બહુજ સુંદર લાગી અને તેણે પ્રTજ્ઞા કરી K આજથી હું BD K Cગારેટ નહિ Pઉં. ભાEO! આ વાત ઉપરથી બોધ A લેવાનો K કોEA BD K Cગારેટ PV જોEA નહિ.

**—શ્રી. પ્રવીણચંદ્ર મા. શાહ**
**વેજલપુર**

## શોધી કાઢો!

(૧) પિતા બની જીવન સુધારે,
બની માતા બહુ મારે,
હોય જરાય સ્વાર્થ ન મનમાં,
જગ આખાને તારે.
જવાબ : **શિક્ષક**

(૨) એક નર ને નારી ઘણી,
સઘળા સાથે પ્રીત,
સાંજ પડે નર એકલો,
એ કોના ઘરની રીત.
જવાબ : **કુવો**

(૩) "નામ ચાર અક્ષરનું વ્હાલામાં વ્હાલું,
સંતાડીને રાખશો તો નવ રહે છાનું;
અક્ષર પહેલો ચોથો વાંચો જંગલ થશે,
ત્રીજો ચોથો વાંચતા આવકાર પામશે,
વળી શૌના છે મહાવીર
આપો ઉત્તર સૌ બાળવીર."
જવાબ : **વર્ધમાન**

(૪) બાપ ચાલે બાર ગાંવ,
બેટો ચાલે ડગડગ.
જવાબ : **ઘડિયાળ**

(૫) પડી પડી પણ ભાંગી નહીં;
કટકા થયા બેચાર,
વણ પાંખે ઊડી ગઇ;
બાળક કરો વિચાર.
જવાબ : **રાત**

(૬) લીલો પણ પોપટ નહિં,
કાળો પણ નહિં નાગ;
પાંખો પણ પંખી નહિં,
ઉડે પણ નહિ કાગ.
**ભ્રમર–ભમરો**

**—સં. રમણલાલ કે. શાહ**

## તમે જાણો છો?

* એક ઔંસ ગુલાબનું અત્તર બનાવવા માટે લગભગ ૮૭૫૨ રતલ ગુલાબની પાંખડીઓની જરૂર પડે છે.
* બ્રિટનની રેલવે પ્રેસમાં દરવર્ષે સિત્તેર કરોડ ટિકીટો છપાય છે.
* એક અંગ્રેજે વિલીયમ ફ્રીસગ્રીને ૧૮૯૦માં ફીલ્મની પટ્ટીપર પહેલું ચલચિત્ર બનાવ્યું છે.
* લંડનની કોન્વેન્ટ ગાર્ડન જગતમાં સૌથી મોટી ફળોની તથા શાકની માર્કેટ છે.
* યુદ્ધ પહેલાં બ્રિટનમાં દર વર્ષે સાડાત્રેપન કરોડ ટાંકણીઓ વાપરવામાં આવતી હતી.
* જગતમાં માખીની ૩૦૦૦ જાત છે.
* ઓસ્ટ્રેલીઆમાં ૨૦૦૦ જાતની કીડીઓ મળી આવી છે.
* ધુમ્મસવાળા દિવસે લંડનવાસી દરેક શ્વાસમાં ધુળના ૭૫૦૦૦૦ રજકણો લે છે.
* જગતનું મોટામાં મોટું પ્રાણી "બ્લ્યુ વ્હાઇલ" લગભગ ૧૦૦ ફુટ લાંબી હોય છે, તેનું વજન ૧૦૦ ટનથી વધારે થાય છે.

* જગતનું નાનામાં નાનું સિનેમાગૃહ નોર્ફોકમાં ડર્હામ ખાતે ખોલવામાં આવ્યું છે. તેમાં બાદશાહી સગવડો છે, પણ તેમાં ફક્ત ૧૨૪ માણસ બેસી શકાય છે.
* કાગળ, રેશમ, ચા, દારૂગોળો અને જગતને વિનાશના માર્ગે ધકેલનારી વસ્તુઓની શોધ પહેલ વહેલી ચીનદેશમાં થઇ હતી.
* વોટર્લુ [ નેબ્રાસ્કા ] માં હજામોને સવારના સાત-વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી ડુંગળી ખાવાની મનાઇ હોય છે.
* બ્રિટનની પોસ્ટઓફિસના સ્ટાફમાં બિલાડીઓ છે.
* એક સેકંડમાં વિજળીનો પ્રવાહ દુનિયાની આસપાસ અગિયાર વખત ફરી વળે છે

સં. **ચક્રવર્તી દત્તાત્રેય જતરાટકર**-નિપાણી

## 'પટ' શબ્દનો પટ વિસ્તાર

| | | |
|---|---|---|
| ૧ | – – પટ | = તત્કાલ |
| ૨ | – પટ | = પ્રપંચ |
| ૩ | – – પટ | = પ્રપંચ |
| ૪ | – પટ | = વ્યભિચારી |
| ૫ | – – પટ | = જલદી |
| ૬ | પટ – | = અટક છે. |
| ૭ | – પટ | = ઝૂટવી લેવું. |
| ૮ | પ – – ટ | = કુવાનો પરથાળ |
| ૯ | પ – ટ – | = મુસાફરી |
| ૧૦ | પ – – ટ | = પરવાનગી પત્ર. |
| ૧૧ | પ – – ટ | = સમજાવટ |
| ૧૨ | – પટ | = અટકથી. |
| ૧૩ | – – પટ | = સીનેમા. |

## જવાબ મેળવો

૧ ઝટપટ ૨ કપટ ૩ ખટપટ ૪ લંપટ ૫ ચટપટ ૬ પટણી ૭ ઝાપટ ૮ પનઘટ ૯ પર્યટન ૧૦ પરમીટ ૧૧ પતાવટ ૧૨ સંપટ ૧૩ બોલપટ .

**શ્રી મહેન્દ્ર બી. શાહ**-મદ્રાસ



## ચોપાટ

**પ્રિય** બાલમિત્રો! ચોપાટ તો આપ સૌએ જોઇ હશે, પણ તમને ખબર નહિ હોય કે, તેમાં આપણા જૈનધર્મનું કેટલું રહસ્ય સમાયેલું છે. પહેલાં તો આપણે એ જોઇએ, કે ચોપાટની ચાર બાજુ એટલે કે પટ્ટા એ ચાર ગતિ છે. (૧) મનુષ્ય, (૨) દેવ (૩) તિર્યંચ (૪) નારકી. હવે આગળ વધો, દરેક પટ્ટામાં એકથી એકવિશ ખાના એટલે કુલ ૮૪ ચોરાશીખાના હોય છે, એ ચોરાશી ખાના તે ચાર ગતિના ૮૪ લાખ જીવાયોની, તેમાં ચારચાર રંગના ચાર ચાર સોગઠાં, તે કુલ મળીને સોલ થાય તે ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયો. તે દરેકના ચારચાર ભેદ એટલે સોળ કષાયો થાય. સોગઠાં એ કષાયો. સોગઠામાં ચાર જાતના રંગ હોય છે. (૧) લાલ (૨) લીલો (૩) પીળો (૪) કાળો હવે બરાબર ધ્યાન રાખજો. લાલ રંગ છે તે ક્રોધનો છે, કારણ કે ક્રોધ વખતે માણસ લાલ થઇ જાય છે. લીલો રંગ તે માનનો, કહેવત છે કે, માન મળવાથી માણસ લીલો, પીળો થઇ જાય છે. હવે આવ્યો પીળો, પીળો રંગ છે માયાનો. માયા એટલે લક્ષ્મી-સોનું વગેરે, સોનાનો રંગ પીળો હોય એટલે માયાને પીળો કહ્યો, હવે આવ્યો કાળો રંગ, કાળો રંગ તે લોભ. કારણ કે કોઈ પણ લોભી માણસને ધર્મના કામમાં પૈસા ખરચવાનો વખત આવે ત્યારે તે કાળો ધબ થઇ જાય છે; કારણ કે પૈસા છુટતા નથી. હવે આગળ વધો. દરેક પટ્ટામાં ત્રણત્રણ ફૂલ હોય છે, તેમાં જો સોગઠી આવે તો બીજા ભેરૂની સોગઠી આ સોગઠીને મારી ના શકે. ત્રણ ફૂલ છે તે દેવ, ગુરૂ અને ધર્મ, કારણ કે દેવ, ગુરુ અને ધર્મમાં આવનારને સંસારરૂપી કષાયો મારી શકતા નથી.અને ચોપાટનો વચ્ચલો ભાગ તે મુક્તિ-નગરી. આ બધા સોગઠાં રૂપ આત્મા ચોપાટના ચાર પટ્ટાની જેમ ચારગતિમાં રખડતો રખડતો, ટલ્લાખાતો ખાતો જ્યાં અગીયારમા ગુણઠાણે એટલે કે પાકી ગયેલી સોગઠી જ્યાં ઘરમાં આવવાનો વખત આવે ત્યારે પણ આ લુચ્ચા કષાયરૂપી સોગઠા તેને મારીને પાછી કાઢે છે. આ ઉપરથી સાર એટલોજ લેવાનો છે, કે આપણે ચારગતિરૂપી ચોપાટમાં રખડયા કરીએ

છીએ, એવામાં મનુષ્યભવ અને ઉત્તમ દેવ, ગુરૂ અને ધર્મરૂપી ત્રણ ફુલ મલ્યાં છે. હવે જો એ ફુલને એમને એમ પકડી રાખશું તો કોઇક દિવસ મુક્તિ નગરરૂપ ઘરમાં જવાનો વખત રહેશે. જો ફુલને મુકી દેશું તો પાછા ચાર ગતિમાં રખડયા કરશું, માટે આવા ઉત્તમ દેવ, ગુરૂ અને ધર્મની બનતી બધી સેવા કરવી જોઇએ.

શ્રી નવિનચંદ્ર રતિલાલ-વઢવાણશહેર

## આત્માની રામબાણ દવા

(૧) ક્રોધાગ્નિને બુઝાવા માટે ક્ષમા.
(૨) લોભશત્રુને જીતવા માટે સંતોષ.
(૩) વૈર વૃત્તિને સમાવા માટે પ્રેમ.
(૪) ધનની મુર્ચ્છા ઉતારવા માટે દાન.
(૫) સંસારના ફંદ કાપવા માટે નવપદનો જાપ.
(૬) ઇંદ્રિયપર વિજય મેળવવા માટે બ્રહ્મચર્ય.
(૭) ચંચળ મનની સ્થિરતા માટે શુભધ્યાન.
(૮) કર્મની ગુલામીમાંથી મુકત થવા માટે તપ.
(૯) આત્માને આપસ્વભાવમાં લાવવા જિનભકિત.
(૧૦) જીવનને ધર્મદિશા તરફ લાવવા જિનવાણી.
(૧૧) જીવનનું ચારિત્ર્ય ઘડતર બનાવા માટે સદાચાર
(૧૨) મુકિત સુખની મોજ માણવા માટે ધર્મ.
(૧૩) ભવરૂપી સિંધુ તરવા માટે સમકિતરૂપી જહાજ.

શ્રી ચુનીલાલ એમ. દોઢીયા

## શોધી કાઢો

વર્દ્ધમાન વિશ્વના આદ્ય વૈજ્ઞાનિકનું નામ છે તે-
આભામાં છે, પણ વિભામાં નથી,
પ્રદીપમાં પ્રકાશે છે, પણ પ્રતાપમાં બાળતું નથી,
વિશ્વસ્તમાં સદા રહે છે, પણ વિધ્વંસ્તમાં નહિ
રમણીય જરૂર છે પણ કમનીય જરાય નથી,
પ્રતિપક્ષમાં મળશે પણ વિપક્ષમાં નહીં મળે,
શંભુ છે પણ શંકર નથી.

કહો તે કોણ?

(જવાબ અન્યત્ર વાંચો)

## રથયાત્રાનો વરઘોડો.

અસાડ શુદિ ૧૪ થી કાર્તિક સુદિ ૧૪ સુધીના વિશેષે કરી ધર્મની આરાધનાના દિવસો છે, એ ચાતુર્માસના દિવસોમાં વ્યાખ્યાન, ધર્મકરણી, તપશ્ચર્યા, સામાયિક, પૂજા વગેરે વિશેષે થાય છે.

કાર્તિક શુદિ ૧૫ મે ચાતુર્માસ પુરૂં થયે ગુરૂ મહારાજોનો વિહાર શરૂ થાય છે, આ દિવસે દ્રાવીડ-વારિખિલ્લજી અનેક મુનિઓ સાથે શ્રી સિધ્ધગિરિજી ઉપર મોક્ષે ગયા છે.

કાર્તિક શુદિ ૧૫ ઉપર શ્રી સિધ્ધગિરિજીની યાત્રાએ સેંકડો ભાવિક આત્માઓ જાય છે, શ્રી ગિરિરાજનાં દર્શન કરી ધન્ય બને છે.

શ્રી ગિરિરાજ સુધી નહિ પહોંચી શકતા આત્માર્થી જીવો પોતાના જ ગામમાં શ્રી સિધ્ધગિરિજીનો પટ બાંધી દર્શન-વંદનનો લાભ મેળવે છે.

આ હકીકતને ધ્યાનમાં લઇ કલકત્તાના શ્રી જૈન સંઘે સંવત ૧૮૭૧ થી ૧૮૮૩ ના ગાળામાં અપૂર્વ રથયાત્રાના વરઘોડાની શરૂઆત કરી, આજ સુધી એ રથયાત્રાનો વરઘોડો ચાલુ નીકળે છે.

આ રથયાત્રાનો વરઘોડો જેણે જોયો હશે, તેના જીવનમાંથી તેનાં સંસ્મરણો ભૂંસી શકાય એમ નથી.

સંવત ૧૯૨૫ લગભગમાં આલેખાએલું ૬૨+૧૭ ઇંચિનું આ વરઘોડાનું ચિત્ર આજે પણ રાયબદ્રીદાસજીના કાચના જિનમંદિરમાં જોવા મળે છે.

આ રથયાત્રાનો વરઘોડો જૈનોની અપૂર્વ જાહો-જલાલી, જૈનોની ધર્મ પ્રત્યેની રૂચી, કલકત્તાના બાબુ સાહેબો તથા ઝવેરીઓ વગેરેનું ગૌરવશાલિ અને પ્રભાવશાળી જીવન વગેરેનો ખ્યાલ આપે છે.

આ રથયાત્રાનો વરઘોડો દૂર-દુરથી ઘણા લોકો જોવા આવે છે. કલકત્તાના તે દિવસનો દેખાવ ઇન્દ્રપુરી જેવો બને છે.

લડાઇના વિષમ સંયોગોમાં પણ આ રથયાત્રાનો વરઘોડો ચાલુ રહ્યો છે.

આ રથયાત્રાનો વરઘોડો એક માઇલ લાંબો થાય છે. સજાવટ રમણીય અને ભાવોત્પાદક હોય છે. સુવર્ણમય ષટ્લેશ્યાની ગાડી, પાલખી, ચૌદ-સ્વપ્નાં, સુમેરૂગિરિ, સમવસરણ, કલ્પવૃક્ષ, દીપકની ગાડી, ભગ-

# ડી. ડી. ટી. નો ઉપયોગ કરતાં અટકો....શ્રી સેવંતિલાલ વૃજલાલ શાહ

જીવજંતુઓનો વિનાશ કરવાને હમણાં-હમણાં નવી શોધો થઇ છે, અને થઈ રહી છે. **ડી. ડી. ટી.** નામના ઔષધનો છંટકાવ કર્યાથી આખા ઘરમાંના માંખી, મચ્છર, કીડી, મંકોડા, ઉધઈ, વંદા આદિ તમામ જીવ-જંતુઓનો સમૂળગો સંહાર કરી શકાશે.' આ જાહેર ખબર વાંચી વિચાર કરતાં મને લાગ્યું કે, આપણે જો આ જાતની ઔષધિનો ઉપયોગ કરીશું તો જીવજંતુઓની સાથેજ આપણા લોહીમાં રહેલી અહિંસાની ભાવનાનો પણ નાશ થઇ જશે.

મને યાદ છે કે કેટલાક વખત પર હડકાયા કુતરાને મારવા માટેની દરખાસ્ત આપણા પ્રાંતના મુખ્ય શહેરની મ્યુનિસિપાલિટિમાં આવી હતી, ત્યારે ઘણા સજ્જનોએ તેનો વિરોધ કર્યો હતો, કુતરા હડકાયા થાય પણ માણસથી કાંઇ હડકાયા થવાય ? આ દલીલ તે વેળા મને અને ઘણાને મૂર્ખાઇભરી લાગી હતી, પણ હવે વિચાર કરતાં લાગે છે કે, એ દલીલમાં કાંઇક રહસ્ય છે, આપણી આખી સંસ્કૃતિનો અર્થ તેમાં રહેલો છે, જનાવર તો જનાવર જેવાંજ કામ કરે, પણ તેથી આપણાથી—માણસથી કાંઇ તેની સાથે જનાવર થવાય ? હડકાયા કુતરાનો માણસને કે જે કોઇ હડફેટમાં આવે તેને કરડવાનો હડકવા છે, પણ માણસ તો કાંઇ હડકાયા કુતરાને મારવાનો હડકવા નથી ને ? મચ્છર, માંકડ આદિને મારવા આપણને ઇચ્છા થઈ આવે છે, પણ એના ઉપર કાબુ રાખવો જોઇએ, આપણાંજ લોહીથી પેદા થયેલા, અથવા આપણું પોતાનુંજ લોહી જેનામાં વહી રહ્યું છે, એવા માંકડ કે મચ્છરને મારીને હિંસાનું પાપ આપણે કરીએ છીએ,એવો વિચાર કરવો જોઇએ.

અત્યારે માનવ જાતના શુભેચ્છકોએ મેલેરીયા સામે ઝુંબેશ—જેહાદ ઉપાડી છે, મેલેરીયાને નાબુદ કરવા માટે એમણે મચ્છરોનો ઘાણ કાઢવાનું નક્કી કર્યું છે. મેલેરીયાથી માણસો મરી જાય છે, મચ્છરો મેલેરીયા ફેલાવે છે, માટે મચ્છરોને મારી નાંખવાની યોજના કરવી એમ તેઓ કહે છે, પણ આજે તોપ, બંદુક ને બોંબના ભયંકર વાતાવરણમાં મચ્છરદ્વારા ફેલાવાતા મેલેરીયા કરતાંયે વધારે માણસો વૈજ્ઞાનિક શસ્ત્રોથી મરી જાય છે, માટે એવા તોપ, બંદુક અને બોંબના શોધનારા વિજ્ઞાનીઓને મારવાની તો શું પણ કેદમાં પુરવાનીયે પણ કોઈ વાત કરતું નથી, ઊલટું એમને તો શિરપાવ મળે છે, આ છે: વર્તમાન જમાનાનો ન્યાય !

મચ્છર આપણને કરડે છે તે આપણાથી ખમાતું નથી, ભલા માણુસ, આપણે આટ-

---

વાનનો સુવર્ણજડિત રથ, નાના મોટા પ્રકારનાં વાજીંત્રો, ભજનમંડળીઓ વગેરે જનતાના હૃદયોને ખૂબજ આકર્ષિત કરે છે.

આ રથયાત્રાના વરઘોડામાં બાબુસાહેબો વગેરે બધા ઉઘાડા પગે ચાલે છે, પ્રભુની આગળ ઇન્દ્રધ્વજ ચાલે છે ત્યારે શહેરના તાર, ટેલીફોન અને ટ્રામ વગેરેનાં ઇલેકટ્રિક દોરડાં કાપી નાખવામાં આવે છે, હજારો રૂા. નો તે દિવસે સદ્વ્યય થાય છે.

બાળકો તમે પણ કોઇ વખત કલકત્તા આવો ત્યારે રથયાત્રાનો વરઘોડો જોવાનું ચૂકતા નહિ, મેં આ આલેખન કર્યું છે, એ તો નજીવું છે પણ તમને નજરે જોવાથી તેનો ખરેખરો ખ્યાલ અને આનંદ આવશે.

શ્રી રમણ અ. ઝવેરી:

**શોધી કાઢો** એ લખાણનો જવાબ:

શ્રી આદીશ્વર પ્રભુ

# ❀ વિષય કરતાં પણ ક્રોધ વધુ ભયંકર છે. ❀

શ્રી કાન્તિલાલ મોહનલાલ ત્રિવેદી.

**વિષય** અને ક્રોધ એ બંન્ને એટલી ભયંકર ચીજ છે, કે જયાં બંન્નેનો સંગમ થાય, કે તરતજ ભડકો ઉત્પન્ન થાય છે. તેની જ્વાળાઓ એટલી ભયંકર હોય છે, કે પોતાના જીવનનો, પારકાના જીવનનો અને સમાજની સુંદરતાનો નાશ કરે છે. ખીલેલાં પુષ્પ જેવી કોમળ–ભલી લાગણીઓનો નાશ કરે છે. માનવી, માનવી મટીને હેવાન બને છે. વિષય અને ક્રોધ એ બંનેમાંથી એક દૂર્ગુણ હોય તો પણ ભયંકર અનર્થોનું ઉત્પાદન કારણ બને છે, ત્યારે બન્નેનો યોગ તો વાણીથી પણ પર એવા અનર્થો સર્જે છે.

વિષયી માણસ પૈસાથી ખુવાર થાય, આબરૂનાં લીલામ થાય, પ્રસંગોપાત માર ખાય, ચેપી દર્દોથી પીડાય, છતાં અમુક વખત શાંત રહીને પાછા હતા તેવી સ્થિતિમાં આવી જાય છે. કેટલાકો પેટ બગડે ત્યારે કહે છે કે, બજારનું પરચુરણ ખાવાથી પેટ બગડે છે માટે હવેથી તેવું આચરકુચર ખાવું નહિ આમ છતાં જરાક વળતાં પાણી થતાં અસલ રાહે આવી જાય છે, એવીજ હાલત વિષયીની હોય છે.

વિષય દૂર્ગુણ અનેકરીતે નુકશાનકારક હોવાથી ભયંકર તો છેજ, તો પણ અમુક અપેક્ષાએ ક્રોધ એનાથી પણ વધુ નુકશાન કર્તા છે, એમ કહી શકાય. કારણ કે વિષયને જીતવો એ તો ઘણાને માટે સુલભ છે, આમ છતાં તેવાઓ પણ ક્રોધને નથી જીતી શકતા, એટલે એ વાત નક્કી થાય છે કે, ક્રોધ શત્રુ, વિષયથી પણ મહાન છે, અન્યધર્મમાં દુર્વાસા મુનિ, પરશુરામનાં દૃષ્ટાંત આપણી વાતને સમર્થન આપે છે, વિષય હોય ત્યાં ક્રોધ તો હોયજ, પણ ક્રોધ હોય છતાં વિષય ન હોય એમ બને, શ્રી રાવણને અષ્ટાપદ પર્વત નીચે દબાવનાર ક્રોધ હતો, પ્રસન્નચંદ્ર રાજર્ષીને નારકીનું આયુષ્ય બંધાવવાની સ્થિતિએ લઇ જનાર પણ ક્રોધ હતો, ગોશાળો, ચંડકોશીક અને સંગમની દુર્દશા કરનાર પણ ક્રોધ હતો, અરે ખુદ મહાવીરદેવ જેવાના કાનમાં ખીલા ઠોકાવાનો પ્રસંગ ઉપસ્થિત કરનાર પણ ક્રોધજ હતો, સંયમ વેચીને

---

આટલા દુઃખો ખમીએ છીએ તો મચ્છર કરડે તેટલું દુઃખ નહિ સહન કરી શકીએ ? કરડી–કરડીને કેટલું કરડવાનો હતો ? આપણને આખા ને આખા તો કરડી ખાતો નથી ને ? છોને બિચારો જરાક કરડીને સંતોષ લેતો, અને આપણને મચ્છર કરડે નહિં તો શું કરે ? મચ્છર કરડે છે તે જો સહન ન થાય એ માટે ચોકખાઇ રાખતાં શીખો પણ મચ્છર મારી મેલેરીયાની રૂકાવટ નહિ થઇ શકે, હાંસલમાં મેલેરીયા ચાલુજ રહેશે અને જીવહિંસાનું પાપ જીવનને ઉંડી ખાઈમાં ધકેલી દેશે.

શુભેચ્છકોના અવળા પ્રચારકાર્યથી દોરવાઇ જઇ આપણે 'ડી. ડી. ટી.' જેવા ઔષધોનો ઉપયોગ કરીશું તો ઉંધે રસ્તે ચઢી જઈશું. જીવ, જંતુ, જનાવર આદિનો જે સ્વભાવ છે, તેથી આપણે અકળાઇ જઇને આપણે હિંસાના માર્ગે ઉતરી પડીશું તો આપણો ને આપણી સંસ્કૃતિનો જયવારો નથી.

આપણે કોઇને મારવાનો વિચાર ન કરવો નહિતર વહેલા–મોડા આપણને મારવાનો કોઇને વિચાર આવશે.

ત્રિપૃષ્ઠ વાસુદેવ બનાવીને સાતમી નરકે ભગવાન મહાવીરના જીવને મોકલનાર પણ ક્રોધ હતો, માટેજ ક્રોધની મિત્રતા કરવી એટલે પોતાનું સત્યાનાશ પોતાનાજ હાથે કરવું.

આ તો આપણે મહાપુરૂષોની વાત કરી, પણ આપણાજ જીવનને તપાસીએ તો પણ ક્રોધનાં ફળ કેટલાં ખરાબ છે, તે સમજી શકાશે.

ક્રોધી મનુષ્ય સહુને અપ્રિય લાગે છે, જ્યારે નમ્ર મનુષ્ય દુશ્મનની દુશ્મનાવટને પણ ભૂલાવી તેના હૃદયમાં પોતાનું સ્થાન જમાવે છે. (અપેક્ષા એટલી કે સામો કંઇક વિવેકી હોવો જોઇએ) ક્રોધી મનુષ્ય મિત્રમાંથી શત્રુ પેદા કરે છે, ત્યારે નમ્ર મનુષ્ય શત્રુમાંથી મિત્ર પેદા કરે છે, લોકોમાં પણ કહેવત છે કે, "જે નમ્યો તે પરમાત્માને ગમ્યો" એટલે વિશેષાર્થમાં એમ કહી શકાય કે, જે નમે તે પરમાત્મ સ્વરૂપને પામી શકે છે. માટેજ આપણે ઇચ્છીએ કે, "જેનું ખાય તેનુંજ ખોદે" એવા નિમકહરામ ક્રોધથી સહુ કોઇ ચેતીને ચાલે તો પ્રત્યક્ષ ફળ તરીકે આ સંસારમાં પણ સ્વર્ગના સુખનો અનુભવ કરી શકાય અને પરોક્ષ ફળ તરીકે દેવલોક અને મુક્તિપદને પણ પામી શકાય. આ બાબતમાં એક સુંદર કાવ્ય આ સ્થાને રજુ કરીને વિરમીશું.

ક્રોધ મંહિં કંઇ નથી ફાયદો,
તો પણ મુરખ છોડે નહિ;
જ્ઞાની ફળ તેનાં જાણે છે,
તેથી તેને અડકે નહિ. (૧)
ક્રોધ મહિં કોઇ ખૂન કરે છે,
ફાંસી ચઢતાં રૂવે છે;
બહાદુરી બતલાવા જાતાં,
કાયરતા લઇ આવે છે. (૨)
ક્રોધ કરી કોઈ કૂવે પડતા,
કોઇ હળાહળ પીએ છે;
આર્ય મહિલા ક્રોધ કરીને,
અગ્નિ શરણે જાયે છે. (૩)
જ્ઞાની ફળ તેનાં જાણે છે,
તેની છાંયે જાયે નહિ;
સુખદુ:ખમાં સમતા રાખી,
સુખ અમૃતસમ લે છે અહીં. (૪)
ક્રોધ નરકનું દ્વાર બતાવે,
જીવતર ઝેર બનાવે છે;
જ્ઞાની કહે છે ભવસાગરમાં,
ક્રોધ બહુ રખડાવે છે. (૫)

---

## ચો કી દા ર

હોશિયાર ! હોશિયાર !
છું તમારો ચોકીદાર,
સારી રાત જાગીને હું,
કાઢી મુકું ચોર ચકાર,

**તાબેદાર,**
**વફાદાર.**
**ચોકીદાર,**
**ખબરદાર.**

તોય જુઓ આ માનવજાતિ,
કેવી બની છે ક્રુધ;
હણવા અમને પીવરાવે છે,
ઝેર ભર્યાં જે દૂધ.
હાય ! ઝેર ભર્યાં આ દૂધ.

પન્નાલાલ જ. મસાલીઆ

* તા. ૧૯-૫-૫૨ ની રાતે અમદાવાદમાં પંદરસો કુતરાઓને ઝેર પીવરાવી એક સાથે મારી નાંખ્યા. શરમ !

દીક્ષા લીધા પહેલાં




ભાઈ ઈન્દ્રવદન કાંતિલાલ પ્રતાપશી

ભાઈ ઈન્દ્રવદન દીક્ષા માટે ઘર આંગણેથી
શુભપ્રયાણ કરી રહ્યા છે.



જમણી બાજુથી ૧ શ્રી વસંતલાલ જીવાભાઈ શેઠ
૨ શ્રી ઈન્દ્રવદન કાંતિલાલ
૩ શ્રી ચંદ્રકાંત જીવાભાઈ
૪ શ્રી નલીનકુમાર જીવાભાઈ.

દીક્ષા લીધા પછી



પૂ. મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ

# મુંબઈના આંગણે ઉજવાયેલો દીક્ષા મહોત્સવ

મુંબઇ શહેરના સુપ્રસિદ્ધ અગ્રગણ્ય રાવબહાદુર **શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઇના** ભત્રીજા **ભાઇ ઇન્દ્રવદને** ૧૯ વર્ષની નાની વયે સંસારના રંગ-રાગને, સુખ સાધનોને ત્યજી વૈશાખ વદિ ૬ ના શુભ દીને મહા મંગલકારી ભાગવતિ પ્રવ્રજ્યાને ભાયખાલા ખાતે અંગીકાર કરી છે, તે આખો પ્રસંગ સૌ કોઇને અનુમોદનાને કારણરૂપ હોવાથી અમારા માનનીય વાંચક મહાશયો માટે અત્રે ટૂંકમાં સંકલિત કરી રજુ કરવામાં આવે છે.

## ભાઇ ઇન્દ્રવદનનું સંસ્કારી જીવન

મુમુક્ષ ભાઇ ઇન્દ્રવદનનો જન્મ સં. ૧૯૯૦ ના **ફાગણ** શુદિ પાંચમને રવિવારના પવિત્ર દિને અંધેરી (મુંબઇ) મુકામે થયો હતો. તેઓના પૂ. વડીલ બાપાજી શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઇ, પોતાના પિતાશ્રી સ્વ. શેઠશ્રી કાંતિલાલ પ્રતાપશીભાઈ તથા તેમનાં સંસ્કારી માતુશ્રી સુભદ્રાબેનના ધર્મ સંસ્કારો બાલવયથી તેમને મળતા રહ્યા હતા, એથી ભાઇ ઇન્દ્રવદનમાં વિનય, નમ્રતા, સદાચાર, ધાર્મિક લાગણી વગેરે ગુણો વિકાસ પામ્યા હતા. વ્યવહારિક તેમજ ધાર્મિક શિક્ષણ મેળવવામાં ખુબજ રૂચીવાળા અને હોંશીયાર હતા. મેટ્રીક પાસ થયા પછી સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં જોડાયા પણ થોડો વખત કોલેજનું શિક્ષણ અને વાતાવરણ જોયા પછી પોતાને જણાયું કે આ શિક્ષણ આત્માને કશું લાભદાયી નથી, એથી કોલેજને છોડી લગભગ ચારેક વર્ષ જૈન-જૈનેતર પંડિતો, પ્રોફેસરો અને પૂ. સાધુ મહારાજ સાહેબો પાસે જૈન સિદ્ધાંતોનો અભ્યાસ કરવા લાગ્યા. એક બાજુ અભ્યાસ અને નિદિધ્યાસન અને બીજી બાજુ પૂ. **મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજશ્રીનો** સમાગમ વધતો ગયો તેમ ભાઇ ઇન્દ્રવદનના આત્માને વૈભવ-વિલાસો, સુખ-સંપત્તિ અને સંસાર રાગનાં સાધનો અકારાં લાગવા માંડયા, આ રીતે ભાઇ ઇન્દ્રવદન પોતાના ભાવી સાધુ જીવન માટે પૂર્વ તૈયારી કરવા લાગ્યા. ભૂમિશયન, તપશ્ચર્યા, ધાર્મિક અધ્યયન, ધાર્મિક અનુષ્ઠાનો વગેરેથી પોતાના આત્માને સાધુ જીવનની નજીક લાવતા ગયા. આહાર, વિહાર, અને વિચાર ઉપર પણ કાબુ કેળવ્યો.

## સત્કારાર્થે સમારંભો

ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરવા પહેલાં ભાઇ ઇન્દ્રવદન વગેરે દીક્ષાર્થી મુમુક્ષુ મંડળ સમેતશીખર, પાવાપુરી, કલ્યાણકભૂમિઓ મારવાડની પંચતીર્થી, શ્રી સિદ્ધગિરિજી વગેરે તીર્થોની યાત્રાએ બે મહીના અગાઉ નિકળ્યા હતા. આટલી નાની વયમાં દીક્ષા ગ્રહણ કરવાના હોઇ કલકત્તા-પાલીતાણા વગેરેના જૈન સંઘોએ સત્કાર-સમારંભો યોજી અંતરનાં અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે છેલ્લે મુંબઇ શહેરમાં શુભ કાર્યના સત્કારાર્થે એક મેળાવડો મુંબઇ ગોડીજી જૈન ઉપાશ્રયમાં શેઠ રમણલાલ દલસુખભાઈના પ્રમુખ-સ્થાને, બીજો મેળાવડો બુલીયન એક્ષચેન્જ હોલમાં શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી બી. એ ના પ્રમુખ-સ્થાને, ત્રીજો મેળાવડો શેર બજારના માનનીય પ્રમુખ શ્રી કે. આર. પી. શ્રોફના પ્રમુખસ્થાને, અને ચોથો મેળાવડો રાધનપુરીનિવાસી ભાઇઓ તરફથી શેઠ કાંતિલાલ ઇશ્વરલાલના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. સભામાં સેંકડો ભાવુક ભાઇ-બ્હેનો હાજર હતાં. સૌ કોઇના મુખ પર આનંદની છાયા તરવરતી હતી અને દરેક જણ ભાઇ ઇન્દ્રવદનને ધન્ય-વાદના પુષ્પોથી વધાવી રહ્યા હતા.

## વૈશાખ શુદિ ૬ નો ધન્ય દિવસ

આજનો દિવસ ધન્ય હતો. જૈન-જૈનેતર જનતા લક્ષાધિપતિના લાડકવાયા ભાઇ ઇન્દ્રવદનના મુખાર-વિંદને જોવા દોડાદોડી અને પડાપડી કરી રહી હતી. સવારના નવ વાગે પોતાના નિવાસસ્થાન રીફાયનરી બિલ્ડીંગથી દીક્ષાનો ભવ્ય વરઘોડો ચઢયો હતો. હજા-રોની સંખ્યામાં માનવમેદની ઉભરાઇ હતી, વિશાળ રસ્તાઓ પર હારબંધ માણસોનાં ટોળેટોળાં જમા હતાં, વરઘોડો ઝવેરી બજાર, પ્રીન્સેસ સ્ટ્રીટ, કાલબા-દેવી, વિઠ્ઠલવાડી, પાયધુની વગેરે સ્થળોએ ફરી શ્રી શાંતિનાથના જિનાલયે ઉતર્યો હતો. ત્યાંથી દીક્ષાર્થી ભાઇ ઇન્દ્રવદનની સાથે સેંકડો ભાઇ-બ્હેનો ભાય-ખાલા ખાતે પધાર્યાં હતાં અને પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીના વરદ હસ્તે દીક્ષાની શુભ ક્રિયાની શરૂઆત થઇ હતી. ભાયખાલા ખાતે ૧૫ થી ૨૦ હજાર માનવમેદની એકઠી થઈ

# દીક્ષાર્થી મુમુક્ષુઓનો આછો પરિચય

પરિચય કરાવનાર :
**શ્રી લાલજી કેશવજી ચીનાઈ,**

જીવનને જીવી જવા અને આત્માના વિકાસને અંતીમ પરાકાષ્ઠાએ પહોંચાડવા કટીબદ્ધ થયેલા મુમુક્ષુ આત્માઓનો આછો પરિચય અહીં રજુ થાય છે. જેઓએ જેઠ શુદિ પાંચમના પવિત્ર દિને ભાગવતિ પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે

**જેઠમલજી ઉમેદમલજી** ઉ. વ. ૪૮

ધંધો અને મારવાડી સાહસિકોને જુદા પાડવા એ પાણીમાં લાકડી મારી જુદા પાડવા જેવું છે. એવા એક સાહસિક મારવાડી અત્યારના મુમુક્ષુ **ભાઈ જેઠમલજી,** જુહારમલ મોતીલાલની પેઢીમાં ભાગીદાર હતા. ચાર ચાર વર્ષોથી ખંભાત, પાલીતાણા, મુંબઇ વગેરે સ્થળોએ આત્માના અભ્યુદય માટે નિકટ સાધુ સમાગમમાં હતા, એટલુંજ નહિ પણ તેમના બે પુત્રો અને પત્નિ પણ એજ રંગે રંગાયેલાં છે. તેઓશ્રી ફક્ત જ્ઞાનમાર્ગમાં હતા એટલુંજ નહિ પણ ઉંડી તપશ્ચર્યાઓ પણ કરી છે. ભાઈ જેઠમલજીએ અત્યાર સુધીમાં બે ઉપધાન, સિદ્ધગિરિની સાનિધ્યમાં ૧૭ ઉપવાસ, ૮–૧૦ વખત આઠ આઠ ઉપવાસ, (અઠ્ઠાઇઓ) વીશ સ્થાનકની ૧૧ ઓળીઓ તથા વર્ધમાન તપની ૪૬ ઓળી કરી છે. જેઠમલજીએ દિક્ષાની ભાવનાને સુદ્રઢ કરવા માટે છેલ્લા બે વર્ષથી કામકાજ પણ છોડી દીધું હતું.

**શ્રી જેઠમલજી (પાદરલીવાળા)** વય : ૨૮

છ છ વર્ષથી ભાઇ જેઠમલજી આત્માના રંગે રંગાયેલા અને ઉચ્ચતમ ભાવના હોવા છતાં, કુટુંબના આગ્રહથી અને ભાઇઓના દબાણને માન આપી દુન્યવી ઘટમાળ અને શરતી લગ્ન પણ કર્યાં.

તાજેતરમાં લક્ષ્મીની ઉછળતી છોળોનો ત્યાગ કરનાર અને દુન્યવી વૈભવોને સાપની કાંચળીની માફક ઉતારનાર ભાઇ ઇન્દ્રવદન સાથે જેઠમલજીએ પણ ભિષ્મ પ્રતિજ્ઞા કરી હતી, જો ચોમાસા પહેલાં દીક્ષા ન લેવાય તો ઉપવાસ પર ઉતરવું, આવી અગ્નિ પરિક્ષામાંથી પસાર થનારને દુનિયાની કોઇ પણ શકિત અટકાવી શકે તો નહિ, પણ તેની દાસી બનીને મદદ કરે છે.

**શ્રી હિરાલાલ અંબાલાલ :** ઉ. વ ૨૦

ધર્મના રાગ માટે તથા ઉચ્ચ કક્ષાની સાધના માટે સ્તંભન તીર્થ કેટલાયે સૈકાઓથી પ્રસિદ્ધ છે અને તે શહેરમાં જન્મ લેનારને ધર્મ અને ત્યાગ તો ગળથુંથીમાંજ મળે છે.

ભાઇશ્રી હિરાલાલ પણ ત્યાંનાજ વતની છે એટલે નાનપણથીજ ધર્મ સંસ્કારો જાગ્રત દશામાં હતા. અને આ વસ્તુ કુટુંબ ધર્મ રાગી ને તપજપમાં સંપૂર્ણ શ્રદ્ધાવાન ન હોય તો નજ બને. ભાઇ હિરાલાલે નાનપણથીજ તપશ્ચર્યાઓ ચાલુ રાખી હતી. અને દુન્યવી કેળવણી કેવી હોય તેનો અનુભવ કોલેજમાં બે વર્ષ Inter-Science સુધી ભણીને મેળવ્યો હતો. ત્યારબાદ પોતાના ઝવેરાતના ધંધામાં જોડાયા અને બે વર્ષ પછી પ્રાતઃસ્મરણીય **મુનિરાજશ્રી ભાનુવિજયજી** મહારાજનો સમાગમ થયો. લોઢુ–પારસને

---

હતી. પ્રતિષ્ઠિત આગેવાનો અને શહેરીઓની સંખ્યા પણ સારા પ્રમાણમાં હતી. દીક્ષાની શુભક્રિયા પુરી થતાં ભાઇ ઇન્દ્રવદન તે પૂ. મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજીના રૂપમાં ફેરવાઈ ગયા ત્યારે હજારો ભાઇ–બ્હેનોએ ધન્યવાદનાં પુષ્પોએ વધાવ્યા હતા.

આ ભવ્ય રીતે ઉજવાએલા મહાપ્રસંગના ફોટાઓ અને અહેવાલોને સુંદર રીતે ઓપ આપી મુંબઇ સમાચાર, જનશકિત, ફ્રીપ્રેસ, ટાઇમ્સ, જયહિન્દ, અને ભારતજ્યોતિ વગેરે અખબારનવેશોએ પોતાની ભાવભીની લાગણી પ્રદર્શિત કરી હતી.

## લક્ષ્મીનો સદુપયોગ

આ અપ્રતિમ અવસરને અનુલક્ષી રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઇએ રૂા. ૧૧૧૧૧ પૂ. સાધુ–સાધ્વી મહારાજોની વૈયાવચ્ચ અને અધ્યયન ખાતે અને રૂા. ૫૫૫૫ સાધર્મિક ભાઇઓની ભકિત ખાતે આપ્યાની શુભ જાહેરાત થઇ હતી. જીવદયાની ટીપ થતાં રૂા. ૨૫૦૦ થયા હતા.

ભાઇ ઇન્દ્રવદનની દીક્ષાનો મહાપ્રસંગ ઇતિહાસના પાનાઓમાં સુવર્ણાક્ષરે આલેખાશે. અંતે ભાઇ ઇન્દ્રવદનના પુણ્યાત્માને અમારા ભૂરી ભૂરી વંદન હો. શાસન દેવ એમના આત્માને સંયમના પાલનમાં વધુને વધુ શકિત, સામર્થ્ય અને મનોબળ અર્પો એજ મનીષા.

અડકતાં ચમકી ઉઠે, તેમ આ સંસર્ગથી હિરાનું તેજ પૂર્ણ પ્રકાશમાં આવ્યું.

તેઓશ્રીનો અભ્યાસ તત્ત્વાર્થ સૂત્ર, ભાષ્ય, પ્રતિક્રમણ સૂત્રો વગેરે છે. તપમાં એક ધાનની નવપદની ૬-૭ ઓળીનું આરાધન કર્યું અને એકાસણાનો તો પાર નહિ અને છેલ્લી અંધેરીમાં ઉપધાન તપની સર્વોચ્ચ સાધના કરી. મિત્રોમાં પણ તેમનું વર્ચસ્વ અબાધિત હતું. તેઓ કહે તે ખરૂં પછી તો મીન મેખ નહિ. ખરેખર! એમ લાગે છે કે, દીક્ષા માટે પ્રવૃત થતા જીવનો સંસારીપણામાં પણ કોઇ અનેરો પ્રભાવ હોય છે.

**શ્રી જયંતીલાલ ચીમનલાલ :** ઉ. વ. ૨૧

સુરતના જમણનો સ્વાદ તો ઘણાએ ચાખ્યો પણ આત્માનો સ્વાદ કેટલાયે? રંગીલું સુરત જેમાં વૈભવ શોખનો પાર નહિ ત્યાં એક એવું કુટુંબ છે, કે જેના બધા સભ્યો દીક્ષાની અભિરૂચીવાળા છે. એજ કુટુંબમાંથી એક ભાઇ તથા બે બ્હેનોએ તો ગઈ સાલ જ દીક્ષા લીધી છે, આવા સંસ્કારી કુટુંબમાંથી મેટ્રીક સુધીનો અભ્યાસ કરનાર ભાઇ જયંતીલાલ દીક્ષાને ગ્રહણ કરે છે. સાધના અને સાધ્ય બંને ઉત્તમ છે.

દીક્ષાને ગ્રહણ કરી તેઓશ્રી પોતાના આત્માને અજવાળશે.

**શ્રી કેશરીચંદ ચંપકલાલ :** ઉ. વ. ૨૦

ઘણી એવી વ્યકિતઓ છે, કે જેઓ જીવનનો ઇતિહાસ જરાપણ ન જણાવા દેતાં પોતાનું કાર્ય ચુપચાપ કર્યેજ જાય છે, અને તે હરોળમાં આવે છે આપણા કેસરીચંદભાઈ. લગભગ અંગ્રેજી ૬ ઠ્ઠી સુધી અભ્યાસ કરીને મોતીના ધંધામાં પડયા, પણ આજ એ મોતીનો ખરો પારખનાર મળ્યો અને મોતીનો ધંધો છુટયો. હવે તો તે આત્મા સંસારનાં મોતી છોડીને સંયમનાં મોતીનો ચારો કરવાના છે.

જીવવિચાર, નવતત્ત્વ, ભાષ્ય આદિનો સુવિદિત અભ્યાસ કર્યો છે.

આયંબીલ, એકાસણાં ને ઉપવાસ તો ચાલુ જ છે, અને છેલ્લા અંધેરીમાં ઉપધાન તપની આરાધના કરી છે.

આ ભાઇ તો નવાજ ઉમેદવાર છે. કુટુંબની સમજુતિના કારણે તેમનું નામ જાહેર ન્હોતું થયું. ભાઇશ્રી કેસરીચંદ તથા ભાઇશ્રી જયંતીલાલે ગઇ સાલ જ ચોથું વ્રત અંગીકાર કર્યું હતું, અને આ વર્ષે સર્વવિરતિ ગ્રહણ કરે છે.

દીક્ષાર્થી મુમુક્ષુ બંધુઓનો અહીં આછો પરિચય અપાયો છે. પરિચય આપવાનું કારણ એકજ છે, કે ભાવુક આત્માઓને અનુમોદનાનું કારણ બને અને અવસરે પોતે પણ સંસારની ઉપાધિઓને તરછોડી સંયમના માર્ગે પ્રવર્તે.

## અભિનંદન મેળાવડો.

દીક્ષાર્થી મુમુક્ષુ બંધુઓના સત્કારાર્થે કોટના જૈન સંઘ તરફથી **શેઠ શ્રી પ્રેમજીભાઈ નાગરદાસ**ના પ્રમુખસ્થાને એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. ઘણા વકતાઓએ મુમુક્ષુઓના સંયમમાર્ગની અનુમોદના કરી હતી તેમજ શ્રી હિંમતલાલ લ.લજી ચીનાઇએ મનનીય પ્રવચન કર્યું હતું.

## દીક્ષા મહોત્સવ.

તા. ૨૯-૫-૫૨ના રોજ ભાયખાલા ખાતે ૧૫ હજારની માનવમેદની વચ્ચે ઉપરના એ પાંચે ભાઇઓનો દીક્ષા મહોત્સવ ઘણો સારી રીતે ઉજવાયો હતો.

જેઓનાં શુભનામો આ મુજબ છે, શ્રી જેઠમલજી ધાણેરાવવાળા તે મુનિરાજ શ્રી યોગીન્દ્રવિજયજી અને શ્રી જેઠમલજી પાદરલીવાળા તે મુનિરાજ શ્રી જિતેંદ્રવિજયજી, તેઓ બન્ને પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીના શિષ્ય થયા છે. શ્રી હિરાલાલભાઈ તે મુનિરાજ શ્રી હેમેન્દ્રવિજયજી અને શ્રી કેશરીચંદભાઇ તે મુનિરાજશ્રી રત્નપાલવિજયજી તેઓ બન્ને પૂ. મુનિરાજ શ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્ય થયા છે અને શ્રી જયંતિભાઇ તે મુનિરાજ શ્રી જયશેખરવિજયજી તેઓશ્રી પૂ. મુનિરાજ શ્રી ધર્માનંદવિજયજી મહારાજના શિષ્ય થયા છે.

# મધપૂડો

સં. શ્રી મધુકર

## SWEET EYES AND HEART FINE

હંમેશા દૃષ્ટિ મીઠી અને હૃદય સુંદર રાખો.

નમ્રતાથી પ્રભુતા આવે છે.

ગુણી આત્માઓના ગુણ ગાવાથી ગુણપ્રાપ્ત થાય છે.

પાપબંધનને ટાળવા પચ્ચક્ખાણ ઉત્તમ આલંબન છે.

રાગ-દ્વેષને ત્યજી સમભાવપૂર્વક રહેવું એજ જીવનનો સાર છે.

—શ્રી કુંદનમલ એસ. શાહ.

*

મારા મિત્રો ! જીંદગીમાં જિત મેળવવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય જે શિખામણ તમે અન્યને આપો છો, તેનો અમલ તમારાથીજ પ્રારંભ કરો !

વ્હાલા બંધુઓ ! હંમેશા શુભ ઇચ્છાથી અપાયેલું દાન લક્ષ્મીનો સાચો સદુપયોગ છે, દાન આપ્યા બાદ બદલો લેવાની ઇચ્છા ન રાખો !

મિત્રો ! હિમ્મત અને સભ્યતા બન્ને સાથે હોય છે, હિમ્મતવાન ધૈર્યપૂર્વક કાર્યના પારને પામે છે.

મિત્રો ! સંપ વિના શાંતિ નથી, અને શાંતિ મેળવવા માટે ચિત્તની સ્વસ્થતા આવશ્યક છે, ચિત્તની સ્વસ્થતા એજ સુખનો માર્ગ છે.

—શ્રી વનેચંદ પોપટલાલ મ્હેતા-કટારીઆ.

*

**૧૦ સુખો :** પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર દીકરા, ત્રીજું સુખ તે સુકુળની નાર, ચોથું સુખ તે કોઠીએ જાર. પાંચમું સુખ તે ઘરનું નાણું, છઠ્ઠું સુખ તે ઘેર દુજાણું, સાતમું સુખ તે આંગણે કુવો, આઠમું સુખ તે ઘરમાં ન હોય ચુવો, નવમું સુખ તે પ્રભુમાં પ્રીતિ, દસમું સુખ તે રાખે નીતિ. ઉપરોક્ત આઠેય સુખ ત્યારેજ આત્માને સદ્‌ગતિમાં લઈ જાય કે, જ્યારે નવમું તથા દસમું સુખ જીવનમાં હોય, તે વિના બધાયે સુખો નિષ્ફળ છે.

*

મારા પોતાના સિવાય મને બીજો કોઇ નુકશાન કરી શકતો નથી, જે હેરાનગતિ મારે વેઠવાની છે. તેનું કારણ હુંજ છું, મારા પોતાના દોષોનું પરિણામ મારે ભોગવવાનું છે.

—સેંટ બર્નાર્ડ.

છેક નાનપણથી હું એક નિયમ પાળું છું. જમતી વખતે દરેક કોળીયો પચીશવાર ચાવ્યા વિના હું ઉતારતો નથી. એથી હું માનું છું કે, મારી તંદુરસ્ત તબીયત જળવાઇ રહી છે.

—ગ્લેડસ્ટન.

*

## શોધ અને બોધ.

છેલ્લા વિશ્વયુદ્ધમાં મિત્રરાજ્યોએ ૧૯૪૫ ના ઓગસ્ટમાં જાપાનના હીરોશીમા અને નાગાશિકા શહેરો પર અણુબોમ્બ નાંખ્યો, આમાં એકજ બોમ્બથી હીરોશીમા શહેર તારાજ બન્યું. એકીસાથે ૭૮૧૫૦ માણસો મરી ગયા, ૨૦ હજાર દાઝીને મર્યા, ૩૭ હજાર ઘાયલ થયા, આવો એક અણુબોમ્બ તૈયાર કરવામાં છ અબજ અને પચાસ ક્રોડ રૂપીયાનો ખર્ચ થાય છે, કેવળ વિનાશને સર્જવા ખાતર અબજો રૂપીયાનું પાણી ! કેવી ભયંકર વાત ! આટલા પૈસાથી શું શું મેળવી શકાય છે, તેની તમને ખબર નહિં હોય, પણ જગતના અર્થશાસ્ત્રીઓએ તેનો હિસાબ કાઢયો છે.

આટલા પૈસાથી આખી દુનિયાના દરેક માણસને એક જોડ કપડા મળી શકે, હિંદના સાત લાખ ગામડામાં એક એક ગામડે એક એક નિશાળનું મકાન બાંધી શકાય. હિંદના એક એક બાળકને એક વરસ સુધી દૂધ મળે. હિંદમાં દસ હજાર હોસ્પીટાલો બાંધી શકાય.

વિજ્ઞાને અબજોના ખર્ચના પરિણામે અણુબોમ્બ શોધી, છેવટે લાખ્ખો નિર્દોષ માનવોનો સંહારજ કર્યો ને ? વિનાશના કાર્ય સિવાય એણે કર્યું શું ?

*

મોરીહોટો નામનો જાપાનીસ માણસ પોતાનું નાક મોઢામાં લઇ શકતો હતો.

**મોમેન્સના** રહેવાસી મી. બસ્સાર્ડની એક આંખ **કાળી અને એક આંખ માંજરી છે.**

ઇટાલીનો ૨૨ વર્ષનો યુવાન જીઓવાન ગેલેન્ટી દિવસે તદ્દન આંધળો બને છે, જ્યારે રાત્રે તે સારૂં જોઇ શકે છે.

તેના આ કમનશીબ રોગના કારણે અમેરિકામાં પ્રવેશ કરવાની તેને બંધી થઇ છે, છે દુનિયાની કાંઇ વિચિત્રતા !

*

**નવી વ્યાખ્યા : સરકાર એટલે :** જે વાયદાની વાત કરે, કાયદાની લાત મારે ફાયદાનો ઘાત કરે એવું તંત્ર.

**પરિમલ :** ધન, પદવી અને ઇલ્કાબના ઠઠારાથી માનવનું મૂલ્યાંકન કદિ કરશો નહિ, રંગ–રોગાન જેમ મકાનની નબળાઇ કે મજબૂતાઇને ઢાંકી રાખે છે, તેમ આ બાહ્ય આડંબર માનવની નબળાઇને કેટલીક વેળા ઢાંકી દે છે, મનુષ્યનું સાચું મૂલ્ય તેના સચ્ચારિત્ર્ય પર આધાર રાખે છે. જેઓ ધન, પદવી અને પ્રતિષ્ઠાના દેખાવથી બીજાને આંજી નાંખવા પ્રયત્ન કરે છે, તેઓને અંગે એટલું જાણી લેવું કે, તેઓ પોતાની નબળાઇને છૂપાવવાનો પ્રયત્ન કરે છે, તેવા માણસો પાસે આ સિવાય બીજું કશું નથી, જેની પાસે સચ્ચારિત્ર્ય છે, તેને બીજાઓ ઉપર પ્રભાવ પાડવાની જરૂર નથી, ચારિત્ર્ય એ સ્વયં પ્રકાશિત છે.

**આજની** કેળવણીની સંસ્થાઓએ સાચું જ્ઞાન આપવાનું ક્યારથી છોડી દીધું ? એ તમને ખબર છે ? જ્યારે એણે દાવો કર્યો કે અમેજ જ્ઞાન ફેલાવનારા છીએ ત્યારથીજ. કારણ કે, જ્ઞાન એ વિનયપૂર્વક સદ્દભાવથી લેવાની વસ્તુ છે, અને નિઃસ્વાર્થભાવે વાત્સલ્યતાથી આપવાની તે મહામૂલ્ય વસ્તુ છે, આ મૂળ સિદ્ધાંત આજની કેળવણીમાંથી ગયો, એટલે ખુરશી પર બેસનારા ટોપાવાળા આવ્યા, અને વિદ્યાભંડાર સાચા પંડિતો ગયા, જેઓ મૂકી અનાજમાં ત્રણ પેઢીનો વારસો આપી શકતા.

*

**કેરીનું અથાણું :** લેણદાર–તમે મને રોજ ધક્કા ખવરાવી હેરાન કરો છો, એના કરતાં એક દિવસ નક્કી કરો તો ?

દેવાદાર–(ઠંડા પેટે) ભલે તમને કયો દિવસ ફાવશે ?

લેણદાર–શનિવાર.

દેવાદાર–તો ભલે, હવેથી દર શનિવારે ધક્કા ખાતા રહેજો. હવે તો ફાવશે ને ?

*

ગુજરાતના પ્રસિદ્ધ હાસ્યલેખક ભાઇ જ્યોતિંદ્ર દવેને કોઇએ પૂછ્યું; 'તમે કોઈ દિવસ ગધેડા પર બેઠા છો ?'

જવાબમાં જ્યોતિન્દ્ર દવેએ કહ્યું 'ના, આજે તમારા પર બેસી, એનો અનુભવ કરવો છે.

*

પત્ની–જુઓ તો ખરા, બાબો તો ખુરશીમાંજ ઉંઘી ગયો, કેવો ઘસઘસાટ ઉંઘે છે.

પતિ–બસ, ત્યારે એ ધારાસભામાં જરૂર જવાનો, મોટો થશે એટલે એ ધારાસભ્ય બનશે. કારણ કે, ધારાસભામાં આ સિવાય બીજું કાંઇ કરવાનું હોતું નથી.

*

**જાણી લેજો :** થોડાક મહિના પહેલાં ભાવનગરના શિશુવિહાર સંસ્થાએ 'ટોમકાકા' નામનું પુસ્તક ગુજરાત–સૌરાષ્ટ્રના હજારેક સારા ગણાતા માણસો પર મોકલાવ્યું, અને લખ્યું કે, 'પુસ્તક વાંચજો, ગમે તો તેની કિંમત મોકલાવી આપજો.' આના જવાબરૂપે ૩૦ જણાએ કિંમત મોકલાવી. ૩૦ જણાએ પુસ્તક પાછું મોકલ્યું, અને બાકીના ૯૪૦ જણાએ શું કર્યું તેની તમને ખબર છે ? કિંમત મોકલાવી નહિ ને પાછું પણ મોકલાવ્યું નહિ અને પુસ્તક રાખી લીધું. આ છે હિંદનો તાજોજ નમુનાનો દાખલો.


**ટ્રસ્ટીઓ તથા ઈન્કમટેક્ષવાળાઓને ઉપયોગી**

(૧) પબ્લીક ચેરીટી ટ્રસ્ટ એક્ટ સબંધી કાયદેસર તમામ કામકાજ માટે અમને મળો !

(૨) નામાની આંટી–ઘુંટી, સરવૈયાં પાકાં બનાવી ઇન્કમટેક્ષ વિગેરેમાં રજુ કરવા, **(થોડા સ્વાર્થ સાહ)** અમારી સેવાઓનો અવશ્ય લાભ લેશોજી.

**મહાસુખભાઈ શાહ.**

[ ગુ૦ પાકા નામાના બહોળા અનુભવી ]

C/O. ક્ષત્રિય કું. માંડવીરોડ. વડોદરા.